શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તો અને

આધુનિક પુષ્ટિ સમ્પ્રદાય –

એક વિશ્લેષણ

(श्रवणादिसरणिरूपनिःसन्देहसाधनसहिते सम्प्रदाये निवृत्ते)

લેખક :-

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી – વડોદરા.

: પ્રકાશક :

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ– વડોદરા.
‘રાધાકૃષ્ણકુંજ’ બી-૪૧/૧, શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ, દિનેશ
મીલ પાછળ, વડોદરા - ૩૯૦૦૨૦ ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭

લેખકના બે બોલ

પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી-વડોદરા.

શ્રીગોવર્દ્ધનધરણ, શ્રીઆચાર્યચરણ, શ્રીપ્રભુચરણની અસીમ કૃપાથી આજથી ૧૦ વર્ષ પૂર્વ લખાયેલ લેખન સુધારા-વધારા સાથે પુસ્તકાકારે સપ્ટેમ્બર-૨૦૦૭ માં પ્રકટ કરવામાં આવ્યું હતું જેની ૧૫૦૦ પ્રતો ફક્ત ચાર માસમાં જ પૂરી થઈ જતાં એનું આ દ્વિતીય સંસ્કરણ પ્રકાશિત થવા જઈ રહ્યું છે તે ખૂબ જ પ્રસન્નતાનો વિષય છે.

આ લખાણ પૂર્વમાં અમારા સમ્પાદનમાં તથા શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળના સંચાલનમાં પ્રતિમાસ પ્રકટ થતું માસિક પત્ર **‘આચાર્ય શ્રીવલ્લભ’** ના વર્ષ ૯ ના અંક-૧૨, માર્ચ ૧૯૯૬ ના અંકથી લેખમાળા રૂપે સમ્પાદકીય સ્તમ્ભના અન્તર્ગત **‘निःसन्देहसाधनसहिते सम्प्रदाये निवृत्ते’** શિર્ષક હેઠળ પ્રકાશિત કરવામાં આવતું હતું જે લગભગ ૧૦ અંકોમાં છપાયું હતું. એ જ લખાણમાં કેટલાક જરૂરી સુધારા વધારા કરીને લખાણને પુસ્તકનું રૂપ આપવામાં આવ્યું છે.

આ સમ્પૂર્ણ લખાણ કોઈ પણ પ્રકારના દ્વેષ-પ્રપંચ-ઈર્ષ્યા વગેરેથી પ્રેરાઈને નથી લખવામાં આવ્યું પરન્તુ પ્રાચીન સમ્પ્રદાયની સરખામણીમાં આધુનિકમાં સમ્પ્રદાયનો ચિતાર આપવાનો પ્રયત્ન કર્યો છે કે જેથી સમ્પ્રદાયના પરમહિતમાં જે હોય તેને સ્વીકારી શકાય અને તેને વૈષ્ણવોના પરમ હિતમાં આગળ વધારી શકાય. તેમજ શ્રીમહાપ્રભુ કેવો વૈષ્ણવ અને સમ્પ્રદાયનું કેવું સ્વરૂપ જોઈને પ્રસન્ન થાય તેનો આમાં વિચાર કરવામાં આવ્યો છે. આજે આપણે એક યા બીજી રીતે વધુ - ઓછા અંશે જાણ્યે-અજાણ્યે જે ભૂલો દોહરાવી રહ્યા છીએ અથવા ભૂલોની પરમ્પરા સર્જી રહ્યા છીએ તેના કારણે કેવી વિકરાલ-વિકટ-ભયાનક સ્થિતિ સામે આવતી જઈ રહી છે તેનું એક નાનકડું દિગ્દર્શન આ લેખનમાં કરાવવામાં આવ્યું છે.

શ્રીમહાપ્રભુજી સર્વનિર્ણય નિબન્ધમાં જણાવે છે - **‘पारम्पर्यमपि निषिद्धं चेत् त्यक्तव्यम्’** પરમ્પરાથી ચાલતી આવેલી બાબત પણ જો તે પુષ્ટિભક્તિ માર્ગમાં નિષિદ્ધ હોય તો તે ત્યાગવી. આ વાક્ય આધુનિકમાં સમ્પ્રદાયની પણ કેટલીક પ્રચલિત પરમ્પરાને

લાગુ થાય છે. જે પરમ્પરાઓ પાછળથી પ્રસ્થાપિત થયેલી હોય અને તે જો મૂલપુરુષ યા મૂલભૂત સિદ્ધાન્તથી સમ્મત-સંગત ન હોય તો વિચારપૂર્વક તેમાં પણ પરિવર્તન લાવવું જ જોઈએ અને એવું પરિવર્તન ક્યારેય અનભીષ્ટ હોઈ શકતું નથી. બલ્કે એમાં અભીષ્ટ જ હોય છે. એ જ વાત આ લેખનમાં વણી લેવામાં આવી છે.

જ્યાં ક્યાંય પણ વૈપરીત્ય દેખાય છે તે - તે પણ તિરસ્કારને પાત્ર નથી કિન્તુ ક્ષમા અને કરુણાને પાત્ર છે. તેથી વિપરીતતા જોઈને કોઈને પણ માટે મનમાં દ્વેષ-ઈર્ષ્યા કે તિરસ્કાર રાખવાનો નથી પણ તેમના માટે કરુણા સભર હૃદયે તેમને સન્મતિ પ્રાપ્ત થાય અને તેમનું કલ્યાણ થાય એ જ ભાવના સેવવાની છે. તિરસ્કાર એ કોઈ પ્રશ્નનો ઉત્તર નથી, કોઈ રોગનો ઈલાજ નથી અને કોઈ સમસ્યાનો ઉકેલ નથી. બલ્કે તિરસ્કાર સેવનાર વ્યક્તિ પોતે વણઉકલ્યા અનેક પ્રશ્નોની ભરમારથી ઉલઝી ગયેલા મનવાળો, મનોરોગી બની તેના થકી અનેક રોગોથી પીડિત અને જેનો ઉકેલ શક્ય નથી તેવી અનેક સમસ્યાઓના ઝંઝાવાતમાં અટવાઈ ગયેલો નિરાશ-હતાશ થયેલો બની જાય છે. આ બધું તો ઠીક પણ ઈર્ષ્યા-દ્વેષ-તિરસ્કારમાં અભિભૂત થયેલો વ્યક્તિ ન તો સારી રીતે સેવા કરી શકે છે કે ન તો સારી રીતે કથા શ્રવણ-કીર્તન કે સ્મરણ કરી શકે છે અને તેમાં ઘમંડ-રાગ વગેરે આસુરભાવો પ્રવેશી આસુરી પ્રવૃત્તિમાં સરી પડે છે. અતઃ બધું જોઈ-જાણી -સાંભળીને પણ પોતાના મનને તો તિરસ્કાર વગેરે ભાવોથી અછૂતું જ રાખવાનું છે. જાણવાનું છે તે એટલા માટે કે જે હતું અને જે છે એ બે વચ્ચે તર-તમ નો વિચાર કરવા માટે અને તેમ વિચારી જે ઉપયુક્ત હોય, યોગ્ય હોય, શ્રેયસ્કર હોય અને અત્યારના તથા આગળના સર્વને માટે હિત અને કલ્યાણ સાધનાર હોય, આધુનિક યુગમાં પણ જે આચરણ કરી શકાય તેવી હોય અને તે પણ મૂલ પુરુષ તથા તેમના દ્વારા નિર્દિષ્ટ સિદ્ધાન્તો સાથે સુસંગત હોય તેવી પરમ્પરા પ્રસ્થાપિત કરવા માટે જાણવાનું છે.

પૂર્વગ્રહ, ઈર્ષ્યા, રાગ, દ્વેષ, તિરસ્કાર, લઘુતા-ગુરુતાગ્રન્થી, બીજાને નીચુ જોવડાવાની દુર્મનોવૃત્તિ, લોભ, યશ, પ્રતિષ્ઠા અથવા પોતાના ઉદ્દંડ -મનમાન્યા મતનું સ્થાપન કરવું વગેરે ભાવોથી પીડિત થઈને આ લેખન લખ્યું નથી, પરન્તુ આ બધાથી સર્વથા પર-રહિત રહીને જ શ્રીમહાપ્રભુના શ્રીચરણારવિન્દોમાં નતમસ્તક રહીને - સમર્પિત રહીને કેવલ આપશ્રીની અને આપશ્રીના સમ્પ્રદાયની સેવા ભાવનાથી જ

લખ્યું છે અને તેથી આમાં ક્યાંય કોઈના પણ નામનો સીધો કે આડકતરો ઉલ્લેખ કર્યા વિના લખ્યું છે. કોઈને પણ ઉતારી પાડવામાં કે એનું નીચું દેખાડવામાં આપણો રસ ન હોવો જોઈએ પણ આપણો રસ જે બગડેલું છે તે સારુ થાય તેમાં જ હોવો જોઈએ.

આ લેખન મેં મારી ટુંકી છતાં પણ શુદ્ધબુદ્ધિથી લખ્યું છે, તેમ છતાં પણ કોઈક વાત-વાક્ય - શબ્દથી કોઈના પણ મનને દુઃખ પહોંચે તો તેની આથી ક્ષમાયાચના કરી લઉં છું, અને લેખનમાં ક્યાંય કોઈ અવિચારિતા યા અતિશયોક્તિ થઈ ગઈ હોય તો તે માટે શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ અને સર્વ પૂર્વાચાર્યોની પાસે ક્ષમાયાચના કરું છું.

વિ. સ. ૨૦૬૪, ગુર્જર
માગશર વદ-૯, મંગળવાર
તા. ૧-૧-૨૦૦૮
વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

नि:सन्देहसाधनसहिते सम्प्रदाये निवृत्ते

માર્ચ-૧૯૯૬ના આ અંક સાથે ‘આચાર્ય શ્રીવલ્લભ’ માસિકને આરંભ થયે ૧૦ વર્ષ પૂર્ણ થાય છે. ૨૫ માર્ચ-૧૯૮૬ ના રોજ **‘આચાર્ય શ્રીવલ્લભ’** નો હિન્દીમાં પ્રથમ અંક પ્રકટ થયો હતો. લગભગ દોઢ વર્ષ ચાલીને કેટલીક મુશ્કેલીઓને કારણે આગળ વધુ ચલાવી શકાયું નહીં પરન્તુ ૨૫ એપ્રિલ-૧૯૮૭-માં **‘આચાર્ય શ્રીવલ્લભ’** નો ગુજરાતીમાં આરંભ કરવામાં આવ્યો હતો જે આ અંક સાથે નવ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે અને એપ્રિલ-૯૬ના અંકથી તે દસમા વર્ષમાં પ્રવેશ કરશે.

આ ૧૦ વર્ષ દરમિયાન ઘણા બધા અનુભવોની સમ્પન્નતા મળી. સમ્પત્તિનો સ્વાદ ખાટો-મીઠો મિશ્ર અનુભવાયો. તેમ છતાં પણ સ્વાર્થ, વ્યક્તિપૂજા અને પક્ષપાતથી પર રહી નિઃસ્વાર્થ - નિષ્પક્ષપાતભાવે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોની અને તેઓશ્રીના સમ્પ્રદાયની સેવા યથાશક્ય-યથાશક્તિ થઈ શકી છે તેનો હૃદયમાં સન્તોષ છે. ૧૦ વર્ષ દરમિયાન ઘણી વાર સમ્પ્રદાયમાં ઝંઝાવાતી પ્રસંગો ઉપસ્થિત થયા અને ત્યારે - ત્યારે પ્રચંડવાયુના વમળમાં ત્રાજવું એક તરફ ઝૂકી ન જાય તે માટે શ્રીમહાપ્રભુજી અને તેમના સિદ્ધાન્તો પર દૃષ્ટિ ટકાવી રાખવાનો સન્નિષ્ઠ પ્રયાસ કર્યો છે.

આ ૧૦ વર્ષ દરમિયાન એક વાત અનુભવમાં આવી જે અત્ર ઉલ્લેખનીય છે. જ્યાં શ્રીહરિરાય મહાપ્રભુ આજ્ઞા કરે છે કે **‘नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी ... वृथा तज्जन्मभूतले’** વૈષ્ણવ પરિવારમાં જન્મી, પોતાને વૈષ્ણવ કહેવડાવી અને જો શ્રીવલ્લભનો આશ્રય ન કર્યો અને શ્રીસુબોધિનીનું રસપાન ન કર્યું તો તેનો આ ભૂતલમાં માનુષ જન્મ વ્યર્થ છે, ત્યાં આજે જોવામાં આવે છે કે આધુનિક તથાકથિત વૈષ્ણવો શ્રીસુબોધિની કે પછી શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તનિરૂપક ગ્રન્થોનું શ્રવણ, પઠન, મનન, વાંચન કરવા તત્પર નથી. મને ઘણાં લોકો આવીને કહી ગયા કે આચાર્યશ્રીવલ્લભના સ્તમ્ભમાં જે એકાદશ સ્કન્ધ સુબોધિનીજીનો અનુવાદ અપાય છે એ તો અમે વાંચતા જ નથી. જ્યાં કીર્તનસાહિત્યમાં શ્રીમહાપ્રભુનાં વચનામૃતો અંગે કહેવાયું છે કે **‘वेणुगीत पुनि युगलगीतकी रसबरखा बरसाई, प्रगट व्है मारग रीत दीखाई’** ત્યાં આજે વેણુગીત-યુગલગીતનો શાસ્ત્રાર્થ યા ગૂઢાર્થ ત્યાંના શ્રીસુબોધિનીમાં પ્રકટ કરવામાં આવ્યો છે તેને જાણવા - સાંભળવામાં વૈષ્ણવ સમાજ અનિચ્છા દર્શાવે છે. ગોપીગીત-ભ્રમરગીત જેવા વિષયોને પણ જો સંગીતના સ્વરોમાં મનસ્વી ભાવપક્ષથી પ્રસ્તુત કરવામાં આવે તો જ તે બધાને માટે ભોગ્ય બને છે અન્યથા શ્રીમહાપ્રભુ પ્રતિપાદિત ભાવને પ્રસ્તુત કરવામાં આવે તો આ વક્તાની વાણીમાં રસ નથી એમ કહેતાં લોકોને સાંભળવા મળે છે. સરવાળે કહેવામાંથી એ જ ફલિત થાય છે કે લૌકિક વિષયોને પુરસ્કૃત કરીને જે ભાવ પ્રકટ થતો હોય તે જ રસપ્રચુર છે અને શ્રીમહાપ્રભુજી વગેરે એ જે ભાવ દર્શાવ્યો છે એ રસહીન છે. વક્તાનો એ જ અપરાધ છે કે એ કહાની કિસ્સાથી-વાર્તાઓ થી કે સંગીતના સ્વરોથી કે અતિ લૌકિક દાખલા દલીલોથી લોકમનોરંજન નહીં કરીને શ્રીમહાપ્રભુજી ઉપદિષ્ટ ભગવત્સ્વરૂપ અને તેની તદુપદિષ્ટ ભક્તિનું પ્રતિપાદન કરે છે. એ ભાગવતમાંથી ભગવાન કહે છે, એ રામાયણમાંથી રામ કહે છે, એ ષોડશગ્રન્થોમાંથી વૈષ્ણવો માટેના સિદ્ધાન્તો કહે છે, આ જ એનો અપરાધ છે. જ્યારે સુબોધિનીની મધુરતા પણ કડવી, કડક અને ભારે લાગતી હોય તો સ્વાસ્થ્ય વિજ્ઞાન કહે છે કે શરીર જ્વરગ્રસ્ત બની અતિ રુગ્ણ થયું હોય ત્યારે ખાંડ પણ ખાઓ તો કડવી લાગે અને જ્યારે સાપ કરડવાથી ઝેર શરીરમાં વ્યાપે ત્યારે કડવો ઝેર લીમડો પણ કડવો ન લાગે, મીઠો લાગે. આમ આધુનિક વૈષ્ણવોની વૈષ્ણવતા કેટલી બધી જ્વરગ્રસ્ત-રુગ્ણ બની ગઈ છે કે સુબોધિનીનું અમૃત વિષસમ લાગે છે અને લૌકિક વિષયોનો કોબ્રાનાગ કેવો કરડ્યો છે કે વિષયોનું - લૌકિકતાનું ઝેર ઓકતી લૌકિક વાણી અમૃત લાગે છે. હું થોડા સમય પહેલાં જબલપુર ગયો હતો અને ત્યાં ષોડશગ્રન્થાન્તર્ગત ચતુઃશ્લોકી પર રોજ સાંઝના પ્રવચન રાખ્યું હતું. મારાથી શક્ય તેટલું સરળ કરીને તેમજ ભાષામાં પણ સરલતાનો વિવેક રાખીને પુષ્ટિમાર્ગીય પુરુષાર્થો શું છે તે વૈષ્ણવો સમજી શકે તે રીતે કહેવાનો પ્રયત્ન

રાખ્યો હતો. પ્રવચનમાં શ્રોતાઓમાં પ્રાયઃ કરીને પુષ્ટિમાર્ગીયો અને અન્યમાર્ગીયો બધા જ આવતા હતા. પાંચ દિવસના પ્રવચનમાં **‘पुष्टिमार्गे हरेर्दास्यं धर्मः’** આ શ્રીઆચાર્યચરણની કારિકા ઉપર વ્યાખ્યાન થતું રહ્યું અને એમાં શ્રીવ્રજાધીશ શ્રીકૃષ્ણનું ભજન જ કઈ રીતે સ્વધર્મ છે તેમજ વ્રજાધીશ શ્રીકૃષ્ણનું જ ભજન કેમ ? બીજાનું કેમ નહીં એ બાબતની છણાવટ વેદ, પૂર્વમીમાંસા, ગીતા, ભાગવતના આધાર પર થતી હતી. આ પ્રસંગે અન્યમાર્ગીયો રોજ મને આવી કહી જતા કે શ્રીવલ્લભાચાર્યજીના વેદાદિ સમ્મત સિદ્ધાન્તો આવા ઉત્કૃષ્ટ છે અને વેદ-ગીતા વગેરેનાં વચનો ભક્તિમાર્ગને બોધનારા છે એ નવું સાંભળી અમને ઘણો આનન્દ આવ્યો પરન્તુ આજે આટલું કહેવાનું- આટલી ચોખવટ કરવાની રહી ગઈ છે તે આપ અમારા લાભાર્થે કાલે જરૂરથી કરશો. આ બધા ધ્યાનપૂર્વક સાંભળે છે અને તેમને શ્રીમહાપ્રભુજીની વિચાર સમૃદ્ધિમાં રસ પડ્યો છે જાણી મને આનન્દ થયો, તો પોતાની જાતને શુદ્ધપુષ્ટિ યા પુષ્ટિમાર્ગીય તરીકે માનતા અને ખપાવતા વૈષ્ણવોએ મને ટકોર્યો કે આપ આ સિદ્ધાન્તો કહો છો તેમાં અમને પુષ્ટિમાર્ગીયોને કેવી રીતે રસ પડે ? કંઈક ભાવ-ભાવનાની વાતો, કંઈક વાર્તાઓ, કંઈક પ્રહસનો, કંઈક ચુટકલાઓ અને અમારી સલાહ માનો તો આ બધું જ આપ સંગીત સહ બોલો અને વચમાં-વચમાં ધોળ, પદ, ભજનો, કીર્તનો, ધૂન વગેરે બોલો-બોલાવો તો શ્રોતાઓની હાજરી દસ ગણી વધી જશે અને સહુને ઘણો જ રસ પડશે. શ્રીહરિરાયમહાપ્રભુની પૂર્વોક્ત વાત પર ઘણીવાર હું વિચારતો કે શ્રીવલ્લભના આશ્રયવિહોણો આ માર્ગનો શું વૈષ્ણવ કોઈ હશે ખરો? પરન્તુ ઉપર્યુક્ત વાતોથી એ સમજી શકાયું કે શ્રીવલ્લભનો આશ્રય એટલે તેઓશ્રીની વાણીનો આશ્રય એ શ્રીવલ્લભની વાણીમાં અરતિ-અપ્રીતિવાળા પણ વૈષ્ણવો આજે વિદ્યમાન છે કે જેમને શ્રીવલ્લભે કહેલી વાતોમાં, વિષયોમાં કે સિદ્ધાન્તોમાં રસ નથી પરન્તુ તેથી વિપરીત કે જેનો શ્રીમહાપ્રભુજીએ **‘न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम्’** અથવા તો **‘विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः’** વગેરે વાક્યોથી લૌકિક વિષયોનો નિષેધ કર્યો છે તે લૌકિક વિષયોથી સભર વાણીનું તેઓ અમૃત સમજી પાન કરવામાં મસ્ત થઈ રહ્યા છે.

અથવા તો **‘दम्भादि रहितं नरम्’** અને **‘अहंकारविमूढेषु सत्सु पापानुवर्तिषु, लाभपूजार्थ यत्नेषु’** તેમજ **‘पाषण्डैकप्रयत्नेषु’** વગેરે વાક્યોથી દંભ કરનારા પાખંડીઓની શ્રીમહાપ્રભુજીએ કડક શબ્દોમાં ભર્ત્સના કરી છે ત્યાં ઉઘાડે છોગ મોં ચડીને ભાગવતસપ્તાહ કે ષોડશગ્રન્થ પ્રવચન કે ઉપદેશ માટે ભાવ ઠેરવતા લોકોની સાથે ભાવ-તાલ નક્કી કરી તેમના વિશાલ આયોજનો વૈષ્ણવો યોજતા હોય છે , **‘किं तेन न कृतं पापम्’** વગેરે શાસ્ત્ર ઉક્તિ સાથે જેમને સરખાવી-બિરદાવી જેનું નિરાકરણ શ્રીમહાપ્રભુજીએ ડિંડિંમઘોષપૂર્વક કર્યું તે માયાવાદને અનુસરનારા માયાવાદીઓ કે જેમને ભાગવતમાં પણ પદે પદે માયાવાદ જ દેખાતો હોય અને ભાગવત-ગીતામાં કહેવાયેલ **‘अनन्याश्चिन्तयन्तो माम्’ ‘भक्त्या लभ्यस्त्वनन्यया’ ‘भक्त्या त्वनन्यया शक्यः’** ભગવદ્ વાક્યોને અવગણી અનન્યભાવે ભક્તિની જગ્યાએ કૃષ્ણલીલાનું વર્ણન કરતાં દર દસ મિનિટે **‘नमः पार्वतीपतये हर हर महादेव’** અને ગણપતિ, સરસ્વતી, શિવ, દુર્ગામાતા વગેરેનાં ભજનો બોલી તેમનો જય-જયકાર કરાવતા હોય તેવા અન્યાશ્રયીઓની કથાઓ, પ્રવચનોનાં આયોજનો વૈષ્ણવો ઘણું દ્રવ્ય વાપરી કરતા હોય અને તેમના પ્રવાહમાં વહી જઈ તેઓ પણ તે બધાની જયજયકાર કરતા હોય ત્યારે આવા **‘अन्तः शाक्ता बहिः शैवाः सभामध्ये च वैष्णवाः’** અંદરથી શક્તિની ઉપાસના કરતા હોય, બહારથી શિવભક્તિનો દેખાવ કરતા હોય અને વૈષ્ણવોની સભા મધ્યે જયશ્રીકૃષ્ણ બોલી વૈષ્ણવતાનું પાખંડ કરી રહ્યા હોય આવા પાખંડીઓને વૈષ્ણવો પોતાના પૈસા ખર્ચી પાખંડ કરવાનો મંચ આપતા હોય અને એમની આ પાખંડલીલાને ઉત્તમ સંત કહી બિરદાવતા હોય ત્યારે **‘कृष्ण एव गतिर्मम’** થી ઈતર બીજું શું કહી શકાય તેમ છે ? વૈષ્ણવો દ્વારા આવા લોકોના યોજાતા આયોજનોમાં એવી છાપ ઊભી થાય છે કે પોતાના ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોનું - બ્રહ્મવાદનું ખંડન આવા લોકો દ્વારા વૈષ્ણવો પોતે જ ઉપર રહી કરાવે છે અને તે માટે પોતાનું મોટું દ્રવ્ય પણ વાપરતા હોય છે. અથવા તો આવા લોકોના વકતવ્યમાં યોજાતાં આયોજનોમાં વક્તાઓ વચમાં - વચમાં શ્રીમહાપ્રભુજી, શ્રીગોવર્દ્ધનનાથ, શ્રીયમુનાજી વગેરે નામોનું

ઉચ્ચારણ કરી-કરાવીને વૈષ્ણવોને ભ્રાન્ત કરીને પણ સરવાળે શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલા સિદ્ધાન્તો વિરુદ્ધની જ વાતો વૈષ્ણવોના મગજમાં ઠસાવતા હોય છે. કેટલાક અજાણ્યા - અબુધ વૈષ્ણવો આવા આયોજનોના આયોજકો હોય તો એનું અજ્ઞાન કારણ હોઈ વાત દરગુજર કરીએ, પરન્તુ જોવામાં તો એમ આવી રહ્યું છે કે સમ્પ્રદાયનો અને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોનો જાણકાર અને જવાબદાર તથા સમ્પ્રદાય પ્રચાર-પ્રસારમાં કાર્યરતના દાવેદાર એવા લોકો પણ જ્યારે પૈસો અને પ્રતિષ્ઠાના આંધળા મોહમાં આવા માયાવાદીઓ આગળ ઘુંટણ ટેકવી દે અને પુષ્ટિમાર્ગીય આયોજન તરીકેની સુપ્રસિદ્ધિમાં માયાવાદનું વિષવમન કરતાં વક્તવ્યો થાય અને તે સમયે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ અને પુષ્ટિમાર્ગમાં અગ્રણી તરીકેના દાવેદારો ઉપસ્થિત હોય અને માયાવાદ મુજબના શાસ્ત્રના અનર્થરૂપ અર્થોને શાન્ત ચિત્તે શ્રવણ કરતા હોય ત્યારે પણ શ્રીમહાપ્રભુજીની આજ ઉક્તિ કહેવી પડે છે કે **‘कृष्ण एव गतिर्मम’**

ધન્ય છે એ પ્રાચીન વલ્લભવંશજ આચાર્યો, વિદ્વાન શાસ્ત્રીજીઓ અને દૃઢ આશ્રયી - નિષ્ઠાવાળા વૈષ્ણવોને કે જેમણે શ્રીમહાપ્રભુજીનું નામ અને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત આગળ બીજી કોઈ પણ વાત કે વસ્તુ કે વ્યક્તિ ને મહત્ત્વ આપ્યું નથી. મને યાદ છે આજથી ૪૦ વર્ષ પૂર્વ વડોદરામાં એક પીઠના શંકરાચાર્યજી આવ્યા હતા અને વિદ્વાનોની સભા ભરાઈ હતી. એમાં વિદ્વન્મૂર્ધન્ય ગો.વા. **શાસ્ત્રીજી બદરીનાથજી** પણ ઉપસ્થિત હતા. શંકરાચાર્યજીએ પોતાના વક્તવ્યમાં વલ્લભવેદાન્ત પર છીંટાકસી કરી ખંડન કરવું આરંભ કર્યું, તો અવિલમ્બે સભાના મધ્યે શ્રીબદરીનાથજી ઊભા થઈ સિંહગર્જના કરતાં બોલ્યા કે ‘આદરણીય આચાર્યશ્રી ! આપ અહીંથી જ વલ્લભવેદાન્તના વિરુદ્ધ બોલવાનું બન્ધ કરવા કૃપા કરો નહિતર પહેલા અમારી સાથે શાસ્ત્રાર્થ-વાદ કરો, અમે એમને એમ બેઠા રહીશું અને શ્રીવલ્લભમતવિરુદ્ધનું સાંભળતા રહીશું એ સંભવ નથી’ આ ઉપરાન્ત આજથી ૭૦ વર્ષ પૂર્વે તે સમયના શંકરાચાર્યે બ્રાહ્મણોમાં વિતંડા ફેલાવ્યો અને પોતાના પ્રભાવથી બ્રાહ્મણ જ્ઞાતિઓમાં ઠરાવો કરાવ્યા કે જે કોઈ બ્રાહ્મણ ગળામાં તુલસીની કંઠી પહેરે અથવા લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક કરે તેને જ્ઞાતિ બહાર મૂકવો, ત્યારે સમ્પ્રદાયના કેટલાક વિદ્વાનો મરણિયા બનીને જ્ઞાતિની ખફામરજી વહોરીને

પણ જ્યાં-જ્યાં પણ શંકરાચાર્યજીની સભા હોય ત્યાં-ત્યાં પહોંચી તેમને શાસ્ત્રાર્થ માટે લલકારી તેમને થકવી નાંખ્યા. આપણું એ પુષ્ટિમાર્ગીય ખમીર આજે ક્યાં લુપ્ત થઈ ગયું છે ? **‘અમારા ગુરુદેવ પોતાના નિજસેવક-વૈષ્ણવો સિવાયના બીજા મર્યાદામાર્ગીઓનું દ્રવ્ય સ્વીકારતા નથી’** એમ તે સમયના સુપ્રસિદ્ધ ભક્ત મીરાબાઈને સ્પષ્ટ કહી દેનારું ખમીર આજે ક્યાં લુપ્ત થઈ ગયું છે? શ્રીમહાપ્રભુજી, શ્રીપ્રભુચરણ, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી પ્રભૃતિ પ્રાચીન આચાર્યોએ તો વખતોવખત માયાવાદીઓ સાથે ટક્કર લઈ તેમને પરાસ્ત કરી ભોંયભેગા કર્યા છે તેમની વાત બાજુ પર રાખીએ તો અધુના- થોડા વર્ષો પૂર્વ પણ મારા પોતાના જોવામાં- અનુભવમાં આવેલું છે કે **સર્વતોમુખી પ્રતિભાવાળા વિદ્વદ્વરેણ્ય નિ.લી.પૂ.પા.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ (મુંબઈ)** એમનો જે ગામ-શહેરમાં મુકામ થયો છે એમ માયાવાદીઓ જાણતા ત્યારથી જ તેઓ માયાવાદનું વિષવમન કરવાનું ભયના માર્યા બન્ધ કરી દેતા હતા. આ ખમીર આજે ક્યાં લુપ્ત થઈ ગયું છે ? વાસ્તવમાં ઊંડાણથી જોવા-વિચારવામાં આવે તો આજે આ સમ્પ્રદાય જે રીતે-પ્રકારે આગળ વહી રહ્યો છે અથવા એ જે દિશા તરફ ધપી રહ્યો છે તે દિશા શ્રીમહાપ્રભુજી, શ્રીપ્રભુચરણ યા પ્રાચીન મહાનુભાવો દ્વારા નિર્દિષ્ટ દિશા નથી. કારણ કે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ જે પ્રકારે વર્ગભેદ સમજાવ્યો છે તેમાંથી શુદ્ધપુષ્ટિ અથવા મર્યાદામિશ્ર પુષ્ટિની વાત જવા દઈએ તોએ જે પ્રવાહમિશ્ર પુષ્ટિમાં જે લક્ષણો દર્શાવ્યા છે તેવી સ્થિતિ પણ **‘प्रवाहेण क्रियारताः’** જેવી પણ દેખાતી નથી. કમસે કમ પ્રવાહમાં પણ ક્રિયામાં તો રત થયેલા હોય છે. પરન્તુ વર્તમાનમાં તો રતત્વ શ્રીભાગવત દ્વાદશસ્કન્ધસ્થવાક્ય મુજબનું જોવામાં આવી રહ્યું છે. અતઃ શ્રીમહાપ્રભુજી-ઉક્ત **(‘यदा बहिर्मुखा यूयं भविष्यथ कथञ्चन, तदा कालप्रवाहस्था देहचित्तादयोऽप्युत, सर्वथा भक्षयिष्यन्ति युष्मानिति मतिर्मम’) ‘यदा’** કાલમાંથી પસાર થઈ રહેલું આધુનિક માળખું **‘तदा’** ને પ્રાપ્ત થયું છે અથવા તેના સમીપમાં છે તેવું જોવામાં આવે છે. આ સ્થળે અણુભાષ્ય-પ્રકાશના અન્તમાં **‘सम्प्रदाये निवृत्ते’** એમ શ્રીપુરુષોત્તમજી જણાવે છે અને તે ઉપર શ્રીગોપેશ્વરજી ભાષ્ય-પ્રકાશ-રશ્મિ નામક પોતાની ટીકામાં જે ખુલાસો આપે છે તે અત્ર

અનુસન્ધેય છે.

સસાધન એટલે કે સાધનસહિતના સમ્પ્રદાયનો વિચાર કરવામાં આવે ત્યારે જેનાં થકી ભક્તિ હૃદયમાં આવે, ભક્તિની વૃદ્ધિ થાય અને જે ફલરૂપાભક્તિ સુધી લઈ જાય અથવા તો જેના થકી આત્મશ્રેય ઉપલબ્ધ થાય તેવા શ્રીવલ્લભાચાર્ય ઉપદિષ્ટ આ માર્ગીય સાધનો કે જે આ માર્ગના પુષ્ટિ, મર્યાદા, પ્રવાહ મિશ્ર પુષ્ટિજીવોને માટે આવશ્યક છે તે સાધનો. તે સાધનો એટલે જેમ કે શ્રવણાદિ નવક, તનુ-વિત્તજા સેવા, તે સેવાનો અધિકાર પ્રદાન કરનાર આત્મનિવેદન સંસ્કારરૂપ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા, દીક્ષા આપનાર ગુરુદ્વાર, દીક્ષાલેનારની યોગ્યતા, ગુરુહૃદયસ્થ ફલરૂપ કૃષ્ણભાવ, તે ભાવનો ઉદ્‌બોધ કરનાર શ્રીમહાપ્રભુજી-પ્રભુચરણ પ્રભૃતિ મહાનુભાવો દ્વારા વિરચિત વૈષ્ણવકર્તવ્યનિર્ધારિક ષોડશગ્રન્થાદિ સિદ્ધાન્તસાહિત્ય, નિવેદન સ્મરણ કરવા અર્થે તાદશી વૈષ્ણવો, હરિસ્થાન, ભગવત્ સ્થળોમાં નિવાસ કરતા ભગવત્ સેવા પરાયણ તદીયજનો, સામ્પ્રદાયિક સૈદ્ધાન્તિક મહત્ત્વ ધરાવતા એતન્માર્ગમાન્ય વ્રજ-નાથદ્વારાદિ ભગવત્સ્થળો તથા શ્રીમહાપ્રભુ પ્રભૃતિના ચરિત્ર સમ્બન્ધી મહત્ત્વપૂર્ણ સ્થળો વગેરે આ બધા જ આ માર્ગના વૈષ્ણવોને ભક્તિવૃદ્ધિ અર્થેનાં સાધનો છે.

શ્રીપુરુષોત્તમજી ભાષ્યપ્રકાશના અન્તે કેવા સંજોગોમાં તેઓ ભાષ્યપ્રકાશ પ્રકટ કરી રહ્યા છે તે જણાવતાં તેઓશ્રી લખે છે :- **‘क्रीडन् श्रीबालकृष्णः परमकरुणया मन्मनः प्रेरयित्वा भाष्यार्थं योऽतिगूढं प्रकटितमकरोत् सम्प्रदाये निवृत्ते’** પ્રકાશના આ ભાગ પર પોતાની ભાષ્યપ્રકાશ-રશ્મિ નામક ટીકામાં આનો ખુલાસો આપતાં ગો.શ્રીગોપેશ્વરજી (દ્વિતીયગૃહ) પ્રશ્ન ઉઠાવી સમાધાન આપતાં લખે છે કે : **‘ननु तदुक्तमपि दुर्बोधं सुबोधं स्याद्यथा तथा। तन्नामाष्टोत्तरशतं प्रवक्ष्याम्यखिलाघहृत्’ इति तच्छरणानां कथं सम्प्रदायनिवृत्तिरिति चेन्न, श्रवणादिसरणिरूप साधनसत्त्वेऽपि निःसन्देह साधननिवृत्तेः निःसन्देहसाधनसहिते सम्प्रदाये निवृत्त इत्यर्थः’** અર્થાત્ - શ્રીપુરુષોત્તમચરણ જણાવે છે કે **‘સમ્પ્રદાય નિવૃત્ત હોતાં’** તો શ્રીપ્રભુચરણના સર્વોત્તમસ્તોત્રમાં જણાવ્યા અનુસાર શ્રીઆચાર્યચરણનાં દુર્બોધ એટલે કે અતિશય નિગૂઢ એવાં વચનો પણ સુબોધ - સારી રીતે સમજી શકાય તે અર્થે તેઓશ્રીના એ ૧૦૮ નામો આ સ્તોત્રમાં કહીશ જેથી શ્રીવલ્લભાશ્રય કરી રહેલાઓના પ્રતિબંધક એવા સર્વ પાપો દૂર થાય’ આ ઉક્તિ મુજબ શ્રીવલ્લભશરણ ગ્રહણ કરેલાઓ માટે સમ્પ્રદાય નિવૃત્ત છે તે કેમ કહી શકાય ? તેઓશ્રીએ સ્વવચનો દ્વારા જે પણ દૈવીજીવોના ઉદ્ધાર અર્થે સાધનો નિર્દેશ્યા છે તે સર્વ શ્રવણાદિ ભક્તિ-નિસરણીરૂપ સાધનો આજે પણ વિદ્યમાન છે અને તે સાધનો વડે આજે પણ એ જ પુષ્ટિમાર્ગીય ફલ અથવા તો સિદ્ધિ શક્ય છે, તો પછી સમ્પ્રદાય નિવૃત્ત છે તે કેમ કહી શકાય ? જ્યારે સમ્પ્રદાય મુજબનાં સાધનોનો અભાવ થાય અથવા તો તે સાધનો આચરવા સર્વથા અશક્ય બને ત્યારે જ સમ્પ્રદાય નિવૃત્ત છે એમ કહી શકાય ? આમ શંકા ઉપસ્થિત કરી તેનો આશય જણાવતાં તેઓ કહે છે કે શ્રવણ વગેરે (ત્યાગ, શ્રવણ, કીર્તન, અવ્યાવૃત્તિથી ભગવદ્‌ભજન, ભગવત્ સ્થળોમાં તદીયજનો સાથે સેવા-સત્સંગ, શ્રીભાગવતસેવન વગેરે નિસરણીરૂપ સાધનો) સરણીરૂપ સાધનો હોતાં પણ નિઃસન્દેહ એટલે કે જેમાં કોઈ પણ પ્રકારનો સન્દેહ ન હોય તે પ્રકારે નિઃસન્દેહ સાધનો નિવૃત્ત થતાં તેને અનુલક્ષીને સમ્પ્રદાય નિવૃત્ત પદ પ્રયોગ થયેલો છે એમ જાણવું. સાધનોમાં સન્દેહ એટલે પ્રથમ તો આ સાધનો વડે જ અમારું સર્વ પ્રકારે શ્રેય સિદ્ધ થશે તેથી જીવનમાં શ્રીમહાપ્રભુ નિર્દિષ્ટ સાધનોનો જ ઉપયોગ કરવો, પણ આથી અલગ ચિત્તની સ્થિરતા વગેરે અર્થે યોગ વગેરે સાધનો આચરવા નહીં એવી સમજપૂર્વકની સિદ્ધાન્તમાં દઢ શ્રદ્ધા અને શ્રીમહાપ્રભુજીએ જે સાધનો નિર્દેશ્યા છે તે સાધનોનું સ્વરૂપ અને તેના યથાયોગ્ય ઉપયોગની યોગ્યસમજપૂર્વક તેનું આચરણ એ નિઃસન્દેહસાધન છે. તેમજ તેવા પ્રકારનાં સાધનોનો અભાવ એટલે કે ઉપર્યુક્ત પ્રકારે દઢશ્રદ્ધા અને ઉપયોગની યોગ્ય સમજના અભાવે તે સાધનો ત્યાગી અન્ય સાધનોનું આચરણ અથવા તો તે સાધનોનું પુષ્ટિમાર્ગીય સ્વરૂપ નહીં જાણવાને કારણે તે સાધનોનો પુષ્ટિમાર્ગીય સ્વરૂપાનુકૂલ ઉપયોગ ન કરી પુષ્ટિમાર્ગ વિરુદ્ધ અન્ય માર્ગ પ્રમાણે તે સાધનોનું આચરણ કરવું અને તેવા આચરણથી ઉત્પન્ન થનાર ફલ-સિદ્ધિમાં પણ શ્રીમહાપ્રભુજીએ કહ્યા મુજબ ન થતાં એ સાધનો પરત્વે સાધકના મનમાં સન્દેહ થાય છે કે ખરેખર આ સાધનો પુષ્ટિમાર્ગીય સિદ્ધિને

આપવા સક્ષમ-સમર્થ છે કે નથી, એમ સન્હેદ થાય છે.

જેમ કે ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં ભક્તિની વૃદ્ધિ અર્થે ત્યાગ, શ્રવણ, કીર્તન સાધનરૂપમાં નિર્દેશ્યા છે. ભક્તિની વૃદ્ધિ એટલે ચિત્ત ભગવત્ સ્વરૂપ - ભગવદ્ભજનમાં એકાગ્રતા પૂર્વક સંસારાસક્તિરહિત બની રહી મનની ભગવાનમાં ઉત્કૃષ્ટ સ્નેહ વડે પરમ આસક્તિપૂર્વક ભગવદ્ ભજનમાં દઢતાથી સ્થિતિ થવી છે. હવે આજે જોવામાં આવે છે કે વૈષ્ણવો જીવનભર ગોસ્વામી બાળકોનાં - શાસ્ત્રીજીઓનાં પ્રવચનો શ્રવણ કરે છે, જીવનમાં ૧૦૦ થી વધુ શ્રીભાગવત સપ્તાહ શ્રવણ કર્યું હોય, રોજ કીર્તનો કરતા હોય અને ભગવદીયો વડે થનારા કીર્તન સમારંભોમાં કીર્તનો શ્રવણ કરતા હોય, ઘરે શ્રીપ્રભુની સેવા કરતા હોય અને સમ્પ્રદાયના મન્દિરોમાં ચાર સમાની ઝાંખી પણ કરતા હોય અને સાથે શ્રીમહાપ્રભુજીના કહ્યા મુજબ ? મન્દિરોમાં વખતો વખત હિંડોલા, પલના, રાજભોગ, ઉષ્ણકાલ- શીતકાલ વગેરેમાં સામગ્રી લખાવવી વગેરેથી યા ઘરે ગુરુની પધરામણી વગેરેમાં યા તો બીજા જે પણ ધર્મ-સમ્પ્રદાય- સમાજ વગેરેના ફંડ ફાળાઓમાં પોતાનું બહુ દ્રવ્ય વિનિમય કરી **‘વિત્તજા - ?’** સેવા પણ સાધનરૂપે કરતા જોવામાં આવે છે, પોતાનાં ઘરમાં પણ કેટલાકો પુષ્ટિમાર્ગ પ્રમાણેની ભગવત્સ્વરૂપસેવા કરતા હોય છે, પરન્તુ આ પ્રકારે ૪૦-૫૦ વર્ષના દીર્ઘકાળ પર્યન્તના આવર્તન પછી પણ એમના ચિત્તની દશા એ જે આરંભકાળમાં હતી ત્યાં ને ત્યાં જ જોવામાં આવે છે, બલ્કે ઘણી વાર તો આરંભકાળમાં જ્યાં હતા ત્યાંથી પણ નીચે ખસીને વધુ પડતા અહંકાર, સાંસારિક મમત્વ, દંભ વગેરેમાં સરી પડતા જોવામાં આવે છે ત્યારે સાધક પોતે યા તેવી સાધના કરનારને જોનારાઓના મનમાં એમ માનવું દઢ થતું જાય છે કે આ પુષ્ટિમાર્ગીય સાધનો તો આજના જીવો માટેનાં છે જ નહીં, તેથી આધુનિક લોકોએ તો ધ્યાન, પ્રાણાયામ, મૌન, તપ, યજ્ઞ, દાન વગેરે આચરીને જ પોતાના ચિત્તનો નિરોધ સાધવો જોઈએ અને ચિત્તનિરોધ થતાં પછી પુષ્ટિમાર્ગીય ભજનમાર્ગમાં અગ્રસર થવું જોઈએ. આ પ્રકારે પૂર્વોક્ત સર્વ સાધનો શુદ્ધરૂપમાં નિઃસન્દેહ ન રહી સન્દેહવાળા થઈ અન્યમાર્ગના મિશ્રાણવાળા એટલે કે માત્ર બોલવા માટે જ ‘પુષ્ટિમાર્ગ’ શબ્દનો પ્રયોગ માત્ર રહી બાકી એનું સમ્પૂર્ણ માળખું અન્યમાર્ગને અનુકૂળ અથવા તો

તેથી પણ ચ્યુત પ્રકારનું રહી ગયું છે, તે અર્થમાં આજે પણ શ્રીપુરુષોત્તમચરણનું આ વાક્ય **‘सम्प्रदाये निवृत्ते’** આધુનિક સમ્પ્રદાયમાં પણ લાગુ પડે છે.

આજે કેટલાક વિચારકો ? અવિચારપૂર્ણ બોલનારાઓના મુખે યા લેખનોમાં એમ કહેતાં જોવામાં આવે છે કે શ્રીમહાપ્રભુજીના સમયે તો શુદ્ધપુષ્ટિજીવોની સૃષ્ટિ હતી તેથી તેમને અનુલક્ષીને શ્રીમહાપ્રભુજીએ તેમના ઉદ્ધારાર્થે સિદ્ધાન્તો ગ્રન્થમાં નિબદ્ધ કરેલા છે, પણ આજે તો પ્રવાહી સૃષ્ટિની જ ભરમાર છે તેથી તેમને માટે આ સિદ્ધાન્તો અનુકૂળ થઈ શકે તેમ છે જ નહીં, અતઃ તેવાઓનાં કલ્યાણ અર્થે મર્યાદામાર્ગીય યા પ્રવાહમાર્ગીય સિદ્ધાન્તો, નિયમો, રીતરિવાજો વગેરે જરૂરી છે અને તેવા ફેરફારો અમે કર્યા છે કે કરવા વિચારીએ છીએ. પરન્તુ આમ કહેવાતાં મારા મનમાં પ્રશ્ન થાય છે કે મર્યાદામાર્ગીય કે પ્રવાહ બાહુલ્યવાળા લોકોનાં કલ્યાણ અર્થે ભગવાન શ્રીવેદે પૂર્વમાં જ વિચાર કરેલો છે અને તેમના માટેના માર્ગના સ્વરૂપની સર્વ વ્યવસ્થાઓ ત્યારે જ કરવામાં આવી ચૂકેલી છે અને તેથી જ **‘निर्विण्णानां ज्ञानयोगो कर्मयोगस्तु कामिनाम्’** (ભાગ. ૧૧-૨૦-૭) અથવા **‘ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम्’** (ભ.ગીતા. ૩-૪) એમ વ્યવસ્થા થયેલી જ છે. ઉપરાન્ત આજે તે માર્ગાનુયાયી સન્તો, આચાર્યો, ઉપદેશકો, અધ્યાપકો વગેરે વડે ઘણાં બધા તદનુકૂલ કાર્યો, પ્રવૃત્તિઓ વગેરે સંસ્થા, પ્રચાર, શિક્ષણ વગેરેના માધ્યમથી કરવામાં આવી જ રહ્યા છે અને તે પણ આ માર્ગના નામ પર તે-તે લોકો માટે જે કરવાનું કહેવાઈ-દેખાઈ રહ્યું છે તેનાં કરતાં તે લોકોના પ્રયત્નો ઘણા ઉત્કૃષ્ટ અને વધુ વિશ્વસ્ત છે, તો પછી આ માર્ગના નામ પર અને આ માર્ગની દીક્ષા આપી તેમને આ માર્ગથી ઈતર અન્ય માર્ગોના સાધનોમાં તેમને દોરી જવાનો શો અર્થ છે? જો આધુનિક જીવો તે સાધનોના અને તે સાધનોથી ઉત્પન્ન થનારા ફળના જ અધિકારી છે તો તેવા લોકો પર આ માર્ગનો સિક્કો મારવાનું શું પ્રયોજન ? તો પછી શા માટે એમને આ માર્ગમાં ન આવી તેમના અનુકૂળ માર્ગમાં જવાની જ સલાહ શા માટે ન આપવી ? ભારતીય સંસ્કૃતિના શિક્ષણના નામે કલાસ ચલાવી - તેનું પાટિયું મારી તેમાં વિદેશી સંસ્કૃતિનું અધ્યયન કરાવવાનો કોઈ અર્થ ખરો કે

જેણે વિદેશી સંસ્કૃતિનું જીવન જીવવું છે કે જાણવું છે ? પુષ્ટિમાર્ગના બેનર નીચે મર્યાદા-પ્રવાહ ને અનુકૂળની વાતો કરવી યા તો વલ્લભવેદાન્ત અધ્યયનના બેનરવાળા ક્લાસમાં વલ્લભવેદાન્ત ન ભણાવી શાંકરવેદાન્ત અધ્યાપન કરાવવાનો કોઈ અર્થ ખરો ? આ પ્રશ્ન જરૂર ગંભીર વિચાર માંગી લે છે. શું પુષ્ટિમાર્ગનું મૌલિક-સૈદ્ધાન્તિક-પ્રાચીન માળખું યા તો શ્રીમહાપ્રભુજી નિર્દિષ્ટા ભક્તિસેવાનો માર્ગ એ આધુનિક યુગમાં નિષ્ફલ યા અસાધ્ય યા ઉપયોગ વિનાનો છે ? અને જો તેમ જ છે તો પછી એને ચાલુ રાખી એ નામે પ્રવૃત્તિ કરતા રહેવાનો કોઈ અર્થ ખરો? આ પણ ઊંડાણથી વિચારવું જરૂરી છે.

મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણો દ્વારા ઉપદિષ્ટ યા પ્રદર્શિત જે દિવ્ય સિદ્ધાન્તો છે તેમાં સર્વશ્રેષ્ઠ ફલને પ્રાપ્ત કરાવનારા શરણમાર્ગીય - ભક્તિમાર્ગીય સાધનો છે એમ વેદોનું તાત્પર્ય ગ્રહણ કરી શ્રીભાગવત અને શ્રીમદ્ ભગવદ્ગીતામાં વિશાલબુદ્ધિ વ્યાસચરણે અને પરમતત્ત્વ-પુરુષોત્તમ-વિષ્ણુ-શ્રીકૃષ્ણે જે ભક્તિ અને શરણાગતિને ફલરૂપે અને સાધનરૂપે દર્શાવ્યા છે તેને જ વિશુદ્ધરૂપે પોતાનો સિદ્ધાન્ત છે તેમ સ્વીકારી શ્રીવલ્લભાચાર્યચરણે પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરેલો છે. પોતે સર્વસમર્થ છે, શ્રીકૃષ્ણના મુખારવિન્દરૂપે - વાક્પતિરૂપે આપશ્રીનો પ્રાદુર્ભાવ છે તેથી આપશ્રીની વાણી જ મંત્ર તુલ્ય હોઈ પોતાના દ્વારા જ કોઈ મંત્રનો પ્રાદુર્ભાવ કરી જીવોને સેવાધિકાર રૂપમાં આપી શકતા હતા, છતાં પણ તેમ ન કરી પ્રભુ શ્રીકૃષ્ણે શ્રીવલ્લભાચાર્ય સમક્ષ પ્રત્યક્ષ પધારી બ્રહ્મસંબન્ધ મંત્ર આપ્યો તે મંત્રને જ આપશ્રીએ સેવાધિકાર રૂપ-દીક્ષા મંત્ર તરીકે પોતાના સમ્પ્રદાયમાં સ્વીકાર્યો અને તે માટે તેઓશ્રી જણાવે છે કે - **‘साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते’** (સિદ્ધાન્ત રહસ્ય -૧), સાક્ષાત્ શ્રીકૃષ્ણે. સાક્ષાત્ એટલે પરોક્ષ રીતે, અન્તઃકરણમાં અનુભવ રૂપે, સ્વપ્નથી યા આકાશવાણી વગેરે પ્રકારે નહીં પણ સાક્ષાત્ સ્વરૂપે મારા ચક્ષુ સમક્ષ પ્રગટ થઈ સ્વમુખે જે કહ્યું તે જ હું અક્ષરશઃ કહું છું, એમાં હું મારા ખીસામાંથી કાઢી કંઈ કહેતો નથી.

અતઃ જો એમ કહેવામાં આવે કે શ્રીમહાપ્રભુજી પ્રદર્શિત પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો એ વિક્રમ સંવત ૧૫૩૫ ની આસપાસમાં જન્મેલા એવા દૈવીજીવો માટેનાં જ છે પણ આજના જીવો માટે કે પૂર્વના જીવો માટેના તે નથી કે તેમને માટે આ સાધનો અનુપયોગી યા અશક્ય છે, તો આ દોષ શ્રીમહાપ્રભુજીથી આગળ જઈને શ્રીભાગવત અને ગીતાને પણ લાગુ પડશે, કારણ કે તેને જ શ્રીમહાપ્રભુજીએ સ્વીકારેલા છે. તો પછી ગીતા-ભાગવતમાં જ યોગ, જ્ઞાન વગેરે સાધનોને પોતાની ભક્તિમાં અસાધક અને સર્વ લોકો માટે દુઃસાધ્ય અને અતિ કષ્ટે સિદ્ધ થનારા છે તેમ જણાવી અતિકૃપા પૂર્વક જે સુગમ અને સુખેન સિદ્ધ થઈ શકતો એવો ભક્તિમાર્ગ-શરણમાર્ગ કહ્યો છે, તેથી પછી તો જ્યાં ભક્તિમાર્ગ-શરણમાર્ગની પણ જો કોઈ દુઃસાધ્યતા માનતો હોય ત્યાં પછી યોગાદિ માર્ગોની તો સ્થિતિ જ કયાં રહે છે ? તેમજ એમ પણ કહેવું અયોગ્ય અને અપ્રામાણિક કહેવાશે કે આ કલિના વિભાગમાં ઉત્પન્ન થનારા દૈવીજીવોના કલ્યાણનો કોઈ માર્ગ જ શેષ નથી રહ્યો. જો એમ કહેવામાં આવે કે આજે તો માત્ર પ્રવાહી જ સૃષ્ટિ છે તેથી તેમને માટે સાધનો નથી, તો ‘પ્રવાહી’ શબ્દને સ્પષ્ટ કરવો જરૂરી રહેશે કે પ્રવાહી એટલે પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રન્થમાં જણાવાયેલ ‘અજ્ઞ’ દુર્જ્ઞ’ એ પ્રવાહીઓ ? કે પછી **‘एते क्रियाभिरता भवन्तु’** એવી ભગવદભિધ્યાપૂર્વક પુષ્ટિમાર્ગમાં ભગવાન વડે અંગીકાર કરાયેલા એવા પ્રવાહ મિશ્ર પુષ્ટિજીવો ? જો અજ્ઞ યા દુર્જ્ઞ નામે કહેવાયેલા પ્રવાહીઓ એમ કહો તો **‘मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम्’** (ગીતા અ. ૧૬) એ ગીતા વાક્યાનુસાર આવા પ્રવાહીઓનો તો છુટકારો જ ન હોવાથી તેમના માટે તો ભક્તિ-શરણ જ નહીં, અપિતુ યોગ-જ્ઞાનાદિ સાધનો પણ નકામાં જ છે. એવા પ્રવાહીઓનું તો પુષ્ટિમાર્ગના નામ નીચે આમે પણ કામ નથી. અતઃ પ્રવાહી જીવો કહેતાં પ્રવાહમિશ્ર પુષ્ટિજીવો સમજવા જોઈએ અને આવા પ્રવાહીઓનો વિચાર શ્રીમહાપ્રભુજીએ પોતે જ પોતાના સિદ્ધાન્તમાં કરી રાખ્યો હોવાથી આવા જીવોને પણ ઈતરમાર્ગીય સાધનોમાં કે પછી આ માર્ગનાં જ સાધનોને ઈતર માર્ગાનુકૂલ રીતે આચરવા ઢકેલવા જોઈએ નહીં, જીવ મર્યાદામિશ્ર હોય કે પછી પ્રવાહમિશ્ર હોય પણ તેનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયેલો હોવાથી પુષ્ટિમાર્ગાનુકૂલ પુરુષોત્તમભક્તિ જ તેનું સાધન હોઈ શકે છે. ૮૪ વૈષ્ણવો પૈકી શ્રીગોવિન્દ દુબે મધ્યમાધિકારવાળા હતા અને તેમાણે શ્રીમહાપ્રભુજી આગળ પોતાની મૂંઝવણ

રજૂ કરી કે સેવામાં મને તો શ્રીરણછોડરાયજીનો જ અનુભવ થાય છે, ત્યારે પણ શ્રીમહાપ્રભુજીએ **‘चिन्ता कापि न कार्या’** એ નવરત્ન ગ્રન્થથી ‘તમે કોઈ પ્રકારે ચિન્તા કરો નહીં’ સર્વ પ્રકારની ચિન્તા ત્યાગી ભગવત્ શરણ મંત્ર અષ્ટાક્ષરનું સતત રટણ કરતાં ભગવત્ સેવા જેમ કરો છો તેમજ કરતા રહેવાની આજ્ઞા કરી છે પણ એમ નથી કહ્યું કે સારું ત્યારે મારા પધરાવી આપેલા શ્રીપ્રભુને મારે ત્યાં પાછા પધરાવી તમે શ્રીરણછોડજીની સેવામાં ચાલ્યા જાઓ. આ શ્રીમહાપ્રભુજીનો નિર્ણય આજના આધુનિક સમ્પ્રદાયમાં પણ લાગુ પડે છે. આ દૃષ્ટાંતથી એમ પણ જાણી શકાય છે કે શુદ્ધ કે મિશ્ર પણ પુષ્ટિમાર્ગીય જીવ માટે પુષ્ટિમાર્ગીય સાધનો અને તે પુષ્ટિમાર્ગીય પ્રકારે જ તેનું સ્વરૂપ અને આચરણ શ્રીમહાપ્રભુજીને સમ્મત છે, પુષ્ટિમાર્ગમાં અન્યમાર્ગીય સાધનોની કે અન્યમાર્ગીય સ્વરૂપ યા પ્રકારની ભેળસેળ એ શ્રીમહાપ્રભુજીને આ માર્ગમાં ક્યારેય સંમત નથી.

સાધન અવસ્થામાં શ્રીમહાપ્રભુજીને અભીષ્ટ ભક્તિનો પ્રકાર એ **‘गृहे स्थित्वा स्वधर्मतः, अव्यावृत्तो भजेत् कृष्णम्’** તેમજ **‘व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा’** **‘सर्वथा वृत्तिहीनश्चेद् एकं यामं हरौ नयेत्’** વગેરે શ્રીવલ્લભ વાક્યો વિભાવનીય છે. સિદ્ધાન્તમુક્તાવલીમાં પણ જણાવ્યા પ્રમાણે તનુ-વિત્તજા સેવા કે જે સાધનાવસ્થ લોકો માટે કહી છે તેમાં પણ **‘कृष्णसेवा सदा कार्या’** એની જ મુખ્યતા છે અને જે ફલ ઉપલબ્ધિ અર્થે આ તનુ-વિત્તજ સાધન કહ્યું છે તે ફલ **‘चेतस्तत् प्रवणं सेवा’** છે. અતઃ તનુ-વિત્તજા સેવા કહો કે પછી તનુજા અને વિત્તજા એમ બે ભાગે કહો, જેમ પણ કહો પણ તેનાં વડે ભગવાનમાં ચિત્તની પ્રવણતા સધાવી જરૂરી છે. ત્યારે જ તે ચિત્તની પ્રવણતા રૂપ ફલરૂપા સેવાનું સાધન કહી શકાય છે; અન્યથા નહીં. ત્યારે અહીં એ વિચારણીય છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાના શરીર અને ધન બન્ને વડે સેવા કરવી એ પુષ્ટિમાર્ગીય સાધન છે કે પછી શરીર વડે કંઈ પણ નહીં કરી માત્ર પોતાના દ્રવ્ય વડે સેવા કરવી એને પણ પુષ્ટિમાર્ગીય સાધન કહી શકાય છે ? કોઈ કરોડાધિપતિ શ્રીમન્ત પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવાનો અલગ વિભાગ રાખી તેમાં શ્રીપ્રભુની સેવા અર્થે વૈભવી રાગ-ભોગની વ્યવસ્થા ગોઠવી ઊંચા પગારો આપી નોકરો રાખી તેમની પાસે સેવા કરાવે અને પોતે સેવામાં મહિનાઓ સુધી પણ ન જતો હોય તો આને શ્રીમન્ત વડે પુષ્ટિમાર્ગીય સેવા થઈ રહી છે તેમ કહી શકાય ખરું ? જો ‘હા’ એમ કહીએ તો શ્રીપ્રભુચરણ સિદ્ધાન્તમુક્તાવલી ગ્રન્થના બીજા શ્લોકની ટીકામાં જણાવે છે :- **‘वित्तं दत्वा अन्येन पुरुषेण कृत्वा कारितैका । एतादृशेन पुंसा कृता चापरा एतादृश्यौ ते तत्साधिके न इत्यभिप्रायज्ञापकं समस्तं पदम् । एतेन भगवदर्थं निरुपधिस्व-सर्वस्वनिवेदनपूर्वकं तत्रैव स्वदेहविनियोगे प्रेम्णि जाते सा भवतीति भावः ।’** અર્થાત્ પૈસા આપીને બીજા પુરુષ વડે થઈ હોય તેવી કરાવાયેલી સેવા એ એક પ્રકાર (વિત્તજા), બીજા પાસેથી પૈસા લઈને કરવામાં આવેલી સેવા એ બીજો પ્રકાર (તનુજા), આ બન્ને પ્રકારોવાળી સેવા એ ચિત્તપ્રવણરૂપ માનસી-ફલરૂપા સેવા સાધી શકતી નથી એ અભિપ્રાયને જણાવવા માટે (તનુજા અને વિત્તજા એમ બે જુદા ન કહી) ‘તનુવિત્તજા’ એમ બન્ને સાથે કહ્યા છે. આના વડે (આ પ્રકારની સેવાના કથન વડે) ભગવાનના અર્થે નિરુપધિ સ્વસર્વસ્વનિવેદન પૂર્વક ત્યાં જ (ભગવદર્થે જ) પોતાના દેહનો વિનિયોગ થતાં ભગવાનમાં પ્રેમ ઉત્પન્ન થતાં તે (ફલરૂપા સેવા) થાય છે તેમ કહેવાનો અહીં ભાવ-આશય છે.’ અતઃ શ્રીમન્ત પણ જો પોતે સેવા ન કરી બીજાને પૈસા આપી સેવા કરાવે તો તેવી સેવા એ પુષ્ટિમાર્ગીય સાધન નથી. ખરેખર **‘वित्तजा सेवा’** એમ કહેતાં વિત્તથી થનારી સેવા એટલે કંઈ ભગવદ્ હેતુક દ્રવ્ય વિનિમય માત્રથી જ સેવા શબ્દ લાગુ પડતો નથી. એવો અર્થ લેતાં તો પૈસા વડે ભગવત્સેવન’ એવો ઉપદ્રવી અર્થ સિદ્ધ થશે. આવો અર્થ તો પુષ્ટિમાર્ગમાં જ નહીં અપિતુ મર્યાદામાર્ગીયા ભક્તિમાં પણ આવો અર્થ લઈ શકાતો નથી ત્યાં પછી પુષ્ટિમાર્ગમાં તો સવાલ જ ક્યાં ઊઠે છે. જેમ સાક્ષાત્ સેવાધિકારરૂપ નિવેદન મંત્રમાં સ્ત્રી, ગૃહ, પુત્ર, આપ્ત, વિત્ત, ઈહ-પર સમ્બન્ધી બધું જ ભગવાનને અર્પણ કર્યા પછીથી જો આત્માનું સમર્પણ ન કરવામાં આવે અથવા તો માત્ર આત્માનું સમર્પણ કરીને પણ જો દેહેન્દ્રિયાદિનું સમર્પણ ઉચ્ચારવામાં ન આવે તો તેવું નિવેદન શ્રીપ્રભુને કે શ્રીઆચાર્યચરણને અભીષ્ટ નથી અને તેથી તેવું નિવેદન પુષ્ટિમાર્ગીય કે ભક્તિમાર્ગીય પણ નથી. તે નિવેદનમંત્રના ગ્રહણથી પ્રાપ્ત અધિકારે કરવામાં આવતી સેવા પણ ત્યારે જ

કહેવાય કે જ્યારે આત્મા-જીવાત્મા પોતાના દેહાદિ અને વિત્તાદિ પરિકર સહિત સેવામાં યોજાય. અન્યથા માત્ર દ્રવ્યનો વિનિમય એ દાન રૂપ કહી શકાય છે કે જેનો ખુલાસો શ્રીપ્રભુચરણ નવરત્નની ઉત્થાનિકામાં આપે છે કે - **'दाने हि न स्वविनियोगो'** અને આની ટીકામાં શ્રીપુરુષોત્તમજી લખે છે - **'दानं नाम स्वत्वपरित्यागपूर्वकः परस्वत्वोत्पादनानुकूलः 'तुभ्यमहं सम्प्रददे न मम' इत्यादिशब्दाभिव्यङ्ग्यो मनोव्यापारः ।' अर्थात् -** દાન એટલે (પદાર્થ ઉપરથી) પોતાના સ્વામિત્વના ત્યાગપૂર્વક બીજાનું સ્વામિત્વ ઉત્પન્ન કરવાને અનુકૂલ 'તારા માટે હું આપું છું - મારું નથી' વગેરે શબ્દોથી અભિવ્યક્ત થતો મનોવ્યાપાર. અતઃ પોતાના શરીર, ઈન્દ્રિય વગેરેને ભગવત્સેવામાં અભિનિવિષ્ટ કરાવ્યા વિનાનો માત્ર પોતાના દ્રવ્યનો પોતાના ઘરે, ગુરુ ગૃહે, ભગવન્મન્દિરમાં ક્યાંય વિનિમય કરવાથી તેને જેનાથી માનસી, પરા, ફલરૂપા સેવા સિદ્ધ થાય તેવી સાધનાવસ્થ સેવા કહી શકાય નહીં, કારણ કે આ પ્રકારે દ્રવ્યનું શતવર્ષ આવર્તન કરતાં રહેવા છતાં પણ માનસી-પરા સેવા સિદ્ધ થઈ શકે તેમ નથી. બલ્કે આ દ્રવ્ય વિનિમયના પ્રકાર અંગે તો શ્રીપુરુષોત્તચરણ જણાવે છે કે - **'तच्चेत् वित्तं वेतनत्वेन दत्वा कार्यते, तदा सा चित्तस्य राजसत्वं कुर्वन्ती चित्तस्य तत्प्रवणत्वं न करोति ।'** જો વેતન-પગાર, ન્યોછાવર, સેવકી વગેરે આપીને સેવા કરાવવામાં આવે ત્યારે તે ચિત્તને રાજસ (રજો ગુણયુક્ત-રજોગુણી) કરે છે, ચિત્તને કૃષ્ણમાં પ્રવણ નથી કરતી. શ્રીપુરુષોત્તમચરણની આ વાત આજે પણ આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે જે લોકો સેવા કરવું જાણતાં જ નથી કે તેવી ઈચ્છા પણ ધરાવતા નથી અને તેવા લોકો મન્દિરો વગેરેમાં પાંચસો-હજાર રૂપિયા આપી પરમાત્મા ઉપર ઉપકાર કર્યાની લાગણી ધરાવતા હોય છે અને આવા જ લોકો મન્દિરો વગેરેમાં બૂમ-બરાડા પાડવા, લડવું-ઝઘડવું, અનાદર યુક્ત અપશબ્દો બોલવા વગેરે ઉદ્ધત વર્તન કરતાં જોવામાં આવે છે. આ એમનામાં રાજસ વૃદ્ધિને જ દર્શાવે છે.

આ પ્રકારે દ્રવ્યનો વ્યય કરનારને તો રાજસ થાય છે અને આવા લોકો દ્વારા અપાયેલા દ્રવ્યની સેવા પુષ્ટિપુરુષોત્તમ પ્રભુ શ્રીકૃષ્ણ તો ક્યારેય અંગીકાર

કરતા જ નથી જે દૂત બની હસ્તિનાપુર પધારેલા પ્રભુની સેવામાં સજાવાયેલા દુર્યોધનના પ૬ ભોગને અસ્વીકારી શ્રીકૃષ્ણે ભક્ત વિદુરજીના પ્રેમની મીઠાશવાળા ભોગ આરોગ્યા એ પ્રસંગથી જાણી શકાય છે. પરન્તુ આવું દ્રવ્ય ભગવાનના નામે જેનાં કરમમાં પેસે છે તેને તો આ દ્રવ્ય અતિ તામસ્ એવી મૂઢતાને જ આપનારું નીવડે છે.

ચિત્તની કૃષ્ણમાં પ્રવણતારૂપ ફલાત્મિકા માનસી સેવાનું નિરૂપણ 'સિદ્ધાન્તમુક્તાવલી' માં કરવામાં આવ્યું અને ત્યાં જ આ ફલરૂપ સેવાની સિદ્ધિ અર્થે તનુવિત્તજા સેવા સાધનરૂપમાં સૂચવવામાં આવી. આ સાધનરૂપા સેવામાં બે સાધનો જણાવવામાં આવ્યા જેમાં એક તન એટલે શરીર અને બીજું વિત્ત એટલે દ્રવ્ય. આ બન્ને સાધનો પણ આ અથવા આ એમ વૈકલ્પિક નથી કે જેમ દિલ્લી જવા માટે યા તો રેલ્વેના રસ્તે જાઓ યા તો હવાઈ માર્ગે પ્લેનમાં જાઓ એ રીતે એક બીજાના વિકલ્પે આ બે સાધનો નથી. ફલને સિદ્ધ કરનારી સાધન સેવામાં આ બન્ને આવશ્યક સાધનો છે. મને તો એમ જણાય છે કે અહીં તન અને વિત્ત કહેતાં તનથી દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ અને તેના ધર્મો એમ દરેકનો સમાવેશ કરવો જોઈએ અને વિત્ત શબ્દથી સ્ત્રી, ઘર, પુત્ર, આપ્તજનો, ધન, આલોક પરલોક સમ્બન્ધી બધું જ એમ આ દરેકનો સમાવેશ કરવો જોઈએ. સેવાનો કર્તા આત્મા- ભગવદંશ જીવ પોતે છે જ તેથી જીવે પોતાનામાં હું સમર્પિત છું - હું ભગવાન્ શ્રીકૃષ્ણ - શ્રીગોપીજનવલ્લભનો દાસ છું તેવી બુદ્ધિ રાખી દાસભાવે પોતાના જીવનનો નિર્વાહ કરવો જોઈએ. દાસભાવે જીવનનો નિર્વાહ કરવાનું વિચારતાં પછી શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણની સેવામાં જ - સેવા અર્થે જ જીવનનો નિર્વાહ કરવો; પોતાને અર્થે કે બીજાને અર્થે નિર્વાહ ન કરવો એમ અર્થ ફલિત થાય છે. તેથી પોતાના દેહ વગેરે તથા વિત્ત વગેરે એનો પણ વિનિયોગ કૃષ્ણસેવામાં જ કરવો એ સ્વધર્મ-દાસધર્મ છે એમ પણ ફલિત થાય છે. આ પ્રકારે પોતાનું શરીર અને પોતાના સર્વસ્વ સહિત વૈષ્ણવ જ્યારે પોતાને શ્રીકૃષ્ણની સેવામાં વિનિયોજે છે અને તે પણ 'મારે સેવામય જીવન જીવવું છે' તેવા દૃઢ સંકલ્પપૂર્વક તેમજ પોતાના ગુરુવર્ય શ્રીમહાપ્રભુજીના દૃઢ આશ્રયપૂર્વક અને આ માર્ગે - આ સિદ્ધાન્તે - આ પ્રકારે મારી સેવા-ભક્તિ નિશ્ચિત જ આધિદૈવિકી

સિદ્ધ થશે’ તેવી શ્રીમહાપ્રભુજીએ ઉપદેશેલા પુષ્ટિસિદ્ધાન્તના આ માર્ગમાં દઢ શ્રદ્ધાપૂર્વક અને તે આજ માર્ગે સેવા આધિદૈવિકી સિદ્ધ થઈ શકશે; બીજા માર્ગે નહીં, તેવી દઢ માન્યતા સાથે કૃષ્ણપરાયણતાની સિદ્ધિ અર્થે સેવામાર્ગમાં પ્રવેશે છે ત્યારે તેવી સાધનરૂપા સેવા વડે નિઃસન્દેહ તેનું ચિત્ત શ્રીકૃષ્ણની સેવામાં નિરોધ પામી તેની સેવા-ભક્તિ માત્ર ક્રિયાત્મિકા ન રહી તે આસક્તિથી પણ આગળ વધી વ્યસની પ્રેમ સુધી પહોંચી જાય છે.

આધુનિક વૈષ્ણવોને સેવામાં વર્ષો વિતાવીને પણ જે ભગવાનમાં તેમનો ચિત્તનિરોધ સધાતો નથી તેનું સ્પષ્ટ અને મુખ્ય કારણ એ જ છે કે શ્રીમહાપ્રભુજીએ સેવાનો જે પ્રકાર દર્શાવેલો છે તેની અવગણના કરીને અથવા તો સિદ્ધાન્તો નહીં જાણવાને કારણે ખોટી સમજથી શ્રીમહાપ્રભુજીનો કહેવાનો આશય નહીં સમજી શકવાથી, બલ્કે સિદ્ધાન્તના નામે વિપરીત જ સમજી લેવાથી વૈષ્ણવની સાધનરૂપા સેવા આધિદૈવિકી ફલરૂપામાં પ્રવેશ પામતી નથી. આધુનિક વૈષ્ણવો શ્રીઆચાર્યચરણે દર્શાવેલા પ્રકારથી વિપરીત તન અને વિત્તને -બન્નેને અલગ-અલગ સાધનો માની એને અલગ-અલગ રીતે સાધવાનો પ્રયત્ન કરતા હોય છે. બલ્કે ઘણાં ખરાં તો બન્ને સાધનોને વૈકલ્પિક માની ‘અમારાથી તો ઘરમાં સેવા કરવી શક્ય નથી તેથી અમે તો ગુરુગૃહ, ભગવન્મન્દિર વગેરે સ્થળોએ મનોરથ વગેરે અર્થે દ્રવ્ય આપી વિત્તજા સેવા જ માત્ર કરીએ છીએ’ એમ કહેતાં સાંભળવામાં આવે છે.

પહેલી વાત તો એ છે કે શરીરથી ભગવત્સેવા ન કરી ભગવાનના નિમિત્તે ક્યાંય કોઈ પ્રકારે પૈસા વાપરવાને શ્રીમહાપ્રભુજી, શ્રીપ્રભુચરણ કે પ્રાચીન આચાર્યો-વિદ્વાનો એને કૃષ્ણસેવા માનવા જ તૈયાર નથી. પોતાના પ્રિયજનો કે પૂજ્યજનો પ્રત્યેની બાબતમાં પણ પોતાને પ્રત્યક્ષ ઉપસ્થિત ન કરી અને માત્ર પૈસા મોકલી આપવાની રીતિને તો સાધારણ વ્યવહાર પણ સ્તુત્ય નથી ગણતો. કોઈ બિમાર હોય અને મને સમય નથી મળતો એમ કહી એની પ્રત્યક્ષ જઈ ખબર - અન્તર નહીં પૂછી દવા ખર્ચ માટે ૧૦૦-૨૦૦ કે ૫૦૦ રૂપિયા મોકલી આપે તો વ્યવહારમાં પણ અશોભનીય વ્યવહાર કહેવાય છે. કોઈ અનિવાર્ય એવા સંયોગો વિના લગ્ન, મરણ, બિમારી વગેરે પ્રસંગોમાં વ્યવહારમાં પણ પ્રત્યક્ષ ઉપસ્થિતિ આવશ્યક ગણાય છે, તો પછી શ્રીપ્રભુ શું વ્યવહારથી પણ હીન-ગયા વીત્યા છે કે તમે ૧૦૦ ની નોટ મોકલો અને શ્રીપ્રભુ એને તમારી સેવા માની લે ? ભગવાન ગીતામાં જણાવે છે કે **‘यो मे भक्त्या प्रयच्छति’** ભક્તિપૂર્વક ભગવાનને આપવામાં આવે ત્યારે તેવા અપાયેલાનો સ્વીકાર ભગવાન કરે છે, તેથી ભક્તિમાર્ગીય પ્રેમ જે ભગવાનમાં હોવો જોઈએ તે આજે નથી, તો કમસે કમ ભક્તિમાર્ગીય સિદ્ધાન્ત સમ્મત વ્યવહાર તો જરૂરી છે જ, તેના વિના તો જે ભક્તિમાર્ગીય ક્રિયા નથી તેને સેવા શબ્દથી કેવી રીતે નવાજી શકાય છે ? માનસી સેવામાં જે ભક્તિમાર્ગીય પ્રેમ પ્રકટ થયેલો હોય છે તેનો સાધનાવસ્થામાં અભાવ હોતાં એટલે કે તેવા પ્રેમની અનાવિર્ભૂત અવસ્થામાં જેના થકી તે પ્રેમ આવિર્ભૂત થાય તેવો ભક્તિમાર્ગીય-પુષ્ટિમાર્ગીય સાધન રૂપ વ્યવહાર શ્રીમહાપ્રભુજી **‘तनुवित्तजा’** પ્રયોગ કરી તન-વિત્ત બન્નેનો શ્રીપ્રભુસેવામાં એક સાથે વિનિમય કરવાનું સૂચવે છે. અતઃ જે લોકો પોતાના શરીરનો સેવામાં વિનિયોગ કર્યા વિના માત્ર દ્રવ્યના જ ઉપયોગથી સંતોષ માનતા હોય છે, તે ભલે માને પણ તેવો ઉપયોગ કૃષ્ણ સેવા નથી, તે પુષ્ટિમાર્ગીય સાધન પણ નથી અને તેથી તે અસાધનને સાધન માની સાધવાનો પ્રયત્ન શતવર્ષ કરીને પણ ચિત્તનો નિરોધ કૃષ્ણમાં થવાનો નથી. તેથી પછી આવા અધૂરા, અધકચરા કે પછી અન્યથા જ્ઞાનથી કરાયેલા પ્રયત્નો મનમાં સન્દેહ ઉત્પન્ન કરે છે કે ખરેખર શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલા આ સાધનો એ તો ૫૦૦ વર્ષ પહેલાં જ ઉપયોગી હતા પરન્તુ આધુનિક યુગમાં તે સાધવા શક્ય પણ નથી અને તેથી તે આજના સન્દર્ભમાં ઉપકારક પણ નથી.

બીજી વાત એ પણ છે કે પુષ્ટિમાર્ગમાં જે મધ્યમાધિકારિઓ છે તેમને ભક્તિની સિદ્ધિ માટે **‘तत्सिद्ध्यै तनुवित्तजा’** વાક્યથી શ્રીઆચાર્યચરણ એમ જણાવવા માંગે છે કે ભગવદ્ભજન વિરોધી સર્વ વ્યાવૃત્તિ અથવા તો પોતાના લૌકિક સુખમાં ઉપકારક એવી સર્વ વ્યાવૃત્તિ અથવા તો અહં-મમથી અભિભૂત સર્વ લૌકિકી-સાંસારિકી વ્યાવૃત્તિ છોડી, અવ્યાવૃત્ત બની રહી, સર્વનિર્ણય નિબન્ધમાં **‘श्रीकृष्णं पूजयेद्भक्त्या यथालब्धोपचारकैः’** (સ.નિ.નિબન્ધ ૨૨૯) થી આરંભી **‘इति निश्चित्य मनसा कृष्णं परिचरेत्सदा’**

(સ.નિ.નિબન્ધ ૨૩૪) પર્યન્તમાં કહેવાયેલ ભગવત્ સેવા - શ્રવણાદિમાં પોતાની જાતને મન-વાણી સહિત શરીરને વ્યસ્ત રાખવું. એટલે કે અષ્ટયામ સેવા અને તેના અનવસરમાં શ્રવણાદિ સાધન કરવાની પદ્ધતિ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં જણાવી છે. પરન્તુ જો પોતાનો તેવો મધ્યમાધિકાર ન હોય અને તે પ્રકાર પણ જો પોતાનાથી નિભવો શક્ય ન બનતો હોય કે શક્ય ન લાગતો હોય ત્યારે તેવી સ્થિતિમાં નિબન્ધોક્ત પ્રકાર **‘सर्वथा वृत्तिहीनश्चेद् एकं यामं हरौ नयेत्’** (સ.નિ. નિબન્ધ -૨૩૨) એમ એક યામ એટલે ત્રણ કલાકનો સમય ભગવત્સેવામાં ગાળી બાકીના સમયમાં પણ શ્રવણાદિમાં વધુને વધુ સમય આપી પોતાની અનિવાર્ય - આવશ્યકી એવી સાંસારિકી પ્રવૃત્તિઓ પણ આસક્તિ વિના અને ભગવત્સ્મરણ સહિત કરવાનો પ્રકાર દર્શાવ્યો છે. અહીં એ પણ નોંધવું જોઈએ કે સર્વનિર્ણય નિબન્ધના શ્લોક ૨૨૯ થી ૨૩૪ પર્યન્તમાં જે સેવા બતાવાઈ છે તેમાં **‘यथा सुन्दरतां याति वस्त्रैराभरणैरपि । अलङ्कुर्वीत सप्रेम तथा स्थानपुरः सरम् ॥ भार्यादिरनुकूलश्चेत् कारयेत् भगवत्क्रियाम् । उदासीने स्वयं कुर्यात् प्रतिकूले गृहं त्यजेत् । तत्त्यागे दूषणं नास्ति यतो विष्णुपराङ्गमुखाः ॥’** આ સ્થળની આવરણભંગ નામક પોતાની ટીકામાં અન્તે શ્રીપુરુષોત્તમચરણ લખે છે - **‘एवं द्रव्यवतां सदा भजनप्रकार उक्तः’** એટલે કે જે વૈષ્ણવો દ્રવ્યવાળા, શ્રીમન્ત, શેઠિયા-રાજા વગેરે છે તે લોકોના પોતાના ઘરમાં શ્રીઠાકોરજીને બિરાજવાના મન્દિરમાં **‘सम्मार्जनोपलेपाभ्यां सेवकमण्डलवर्तनैः । गृहशुश्रूषणं मह्यं दासवद्यदमायया ॥’** (ભાગ. ૧૧-૧૧-૩૯) ભગવદ્વાક્ય મુજબ ભગવન્મન્દિરને ઝાડી બુહારી કે લેપન કરી સુશોભિત કરવું, મન્દિરમાં સુન્દર ચોક પૂરવા, તેમજ શ્રીપ્રભુને બિરાજવાનું સ્થળ, સિંહાસન કે ગાદી, શૈયા વગેરેને પુષ્પ-રત્ન-સુગંધી ઈત્યાદિથી સુશોભિત અને સુખકર બનાવવા, જેના થકી સુન્દરતા આવે અને પ્રભુને સુખ પહોંચે તે મુજબ ઉત્તમ વસ્ત્રો અને બહુમૂલ્ય આભરણોથી શ્રીપ્રભુને સજાવી સેવા કરવી. આ સેવામાં ભગવાનમાં જેમનું ચિત્ત અભિમુખ હોય તેવા પોતાના સ્ત્રી-પુત્રાદિને પણ સેવામાં સહાયક તરીકે જોડવા તથા પોતે સેવામાં પહોંચતાં પણ આ પ્રકારની

સેવામાં બીજાની સહાય જરૂરી હોતાં સહાયક પરિકરોને પણ યોજવા. આ પ્રકારે અહીં દ્રવ્યવાળાઓ - શ્રીમન્તોએ જે પ્રકારે સદા ભગવત્સેવા કરવાની છે તેનો પ્રકાર કહ્યો છે. આ પ્રકારે શ્રીમહાપ્રભુજીના આશયને સ્પષ્ટ કરતાં શ્રીપુરુષોત્તમચરણના જણાવ્યા અનુસાર દ્રવ્યનો ભગવત્સેવામાં વિનિમય આ પ્રકારે કરવાનો છે અને આ જે પ્રકાર દર્શાવ્યો છે તે **તનુજા** અને **વિત્તજા** એમ અલગ પાડીને નહીં પરન્તુ **તનુવિત્તજા** પ્રકારે દર્શાવેલો છે. આજ પ્રકારે ઓછા દ્રવ્યવાળા કે દ્રવ્ય વિનાના લોકોને માટે પણ છે. તે શ્લોક ૨૨૯ ના અન્તમાં **‘यथालब्धोपचारकैः’** આ વાક્યથી પોતાની પાસે જે પણ ઉપલબ્ધ - પ્રાપ્ત દ્રવ્ય હોય તેના વડે પોતાની શક્તિના અનુસાર ઓછામાં ઓછા દ્રવ્યથી પણ પ્રેમપૂર્વક અને જેમાં સુન્દરતા, સુઘડતા, સ્વચ્છતા આવે તથા સુરુચિકર થાય તે રીતે સેવા કરવી. ફરક એટલો છે કે જેમને કમાવાની ચિન્તા નથી અને પર્યાપ્ત દ્રવ્ય છે તે લોકોએ અષ્ટયામ સેવામાં પોતાના તન-ધનનો વિનિયોગ કરવાનો છે અને જેમની પાસે પર્યાપ્ત ધન નથી, કુટુંબ પોષણાદિની જવાબદારીનો ભાર પડી રહ્યો છે તેવા લોકો એ ત્રણ કલાકની સેવાનો પ્રકાર ઉપર્યુક્ત પ્રકારે ગોઠવી પોતાના તન-ધનનો વિનિયોગ કરવાનો છે અને લૌકિકમાં પોતાની જાતને અનિવાર્ય લઈ જતાં પણ આસક્તિ વિના - ભગવત્સ્મરણ સતત રાખીને લૌકિક વ્યવસાયાદિ કરવાના છે. આમાં પણ જો પોતાનો અધિકાર ઊણો પડતો હોય તો ત્યારે **‘व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत्सदा’** માં જણાવ્યા મુજબ અથવા તો સાધનદીપક નામક પોતાના ગ્રન્થમાં શ્રીગોપીનાથચરણે જણાવ્યા મુજબ **‘सर्वथा वृत्त्यभावे तु याममात्रं भजेद्धरिम् । दरिद्रश्च कुटुम्बार्तः विद्वान् भागवतं पठेत् । अविद्वानस्य सेवायां साहाय्यं श्रवणं च वा॥’** (સાધનદીપક -૧૧૮-૧૧૯) જે સર્વથા વૃત્તિહીન હોય અને જેને વૃત્તિ કરવી અનિવાર્ય હોય તો તેણે એક યામ = ૩ કલાક ભગવત્ સેવા કરી ત્યાર બાદ વૃત્તિ અર્થે ઉદ્યમશીલ થવું, દરિદ્ર યા કુટુમ્બાર્ત હોય અને તે જો વિદ્વાન હોય તો એણે શ્રીભાગવતનું પઠન કરવું અને જો દરિદ્ર અને કુટુમ્બાર્ત હોઈ પાછો અવિદ્વાન હોય તો એણે જે સેવા કરનારા ભક્તો હોય એમને અથવા તો પોતાના ગુરુગૃહમાં જે બની આવે તે અને તેટલું સેવામાં સહાયરૂપ થવું અથવા તો ભક્તો ગુરુજનો

વિદ્વાનોથી શ્રીમદ્ ભાગવતાદિ શ્રવણ કરવા. આજ વાત શ્રીઆચાર્યચરણ નિબન્ધમાં પૂર્વમાં કહેવાયેલા સ્વરૂપ સેવા સમ્બન્ધી બન્ને પ્રકારોમાં અધિકારનો અભાવ હોતાં પછી નામસેવાને આદેશે છે કે **‘अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् । पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्’** આના આવરણભંગમાં શ્રીપુરુષોત્તમજી જણાવે છે કે - **‘तत्र रूपसेवायां बाह्याभ्यन्तरभेदेन द्वेधा उपदिश्य तत्रानधिकारे अथवा सर्वदा शास्त्र’ मित्यादिकारिकाभ्यां नामसेवाप्रकार उपदिश्यते.....’** આ પ્રકારે જો સ્વરૂપ સેવામાં વૈષ્ણવનો અધિકાર ઊણો પડતો હોય તો ભગવત્કથાશ્રવણ, ભગવત્કીર્તન વગેરેમાં નામસેવામાં પોતાને વધુને વધુ જોડવાનો પ્રયત્ન કરતા રહેવાનું જણાવ્યું છે. અધિકાર ઊણો ન પડતો હોય પણ નિબન્ધમાં જણાવેલા પાંચ પ્રકારના દોષો ઘરમાં કે ગૃહસ્થીમાં રહીને સેવા કરવામાં બાધક બનતા હોય ત્યારે પણ **‘तीर्थपर्यटनं श्रेष्ठम्’** વગેરે વાક્યોથી દોષોને દૂર કરવા તીર્થ પર્યટન કહ્યું છે અને દોષો દૂર થતાં પુનઃ પોતાનો સેવામાં અભિનિવેશ શ્રીપુરુષોત્તમજી જણાવે છે.

આ પ્રમાણે જીવનો જે અધિકાર અને તે અધિકાર અનુસાર પ્રભુએ જીવને જે સામર્થ્ય-સાધન જે પ્રકારનાં આપ્યાં હોય તેનાં વિચારપૂર્વક તે - તે મુજબનાં સાધનો શ્રીમહાપ્રભુજીએ પોતાના સિદ્ધાન્તમાં ક્રમબદ્ધ દર્શાવ્યા છે. આ બધા પ્રકારોમાં પણ સેવા ઘરે ન નિભતી હોય તો પૂર્તકર્મની માફક પૈસો વાપરી વિત્તજા સેવાના પ્રકારનો ક્યાંય ઉલ્લેખ પણ નથી અને ઉપર્યુક્ત બધા જ ક્રમોમાં ક્યાંય સંગત પણ નથી. સાચે જ જે મનમાં ભગવત્સેવાની ઈચ્છા તો શું પણ તેવી ઈચ્છાની ગંધમાત્ર પણ નથી તે મનમાં કે તેવા મન વડે આનન્દમય પ્રભુની રસમયી લીલાના મનોરથો ક્યાંથી થઈ શકે ! અને તેમ છતાં પણ જો આવા લોકો બે હજાર, પાંચ હજાર આપી મનોરથ નામે દ્રવ્યવ્યય કરેય ખરા તો પણ મનમાં અહંકાર અને વિષયવાસનાઓ જ ભરપૂર હોવાથી યશ કમાવાની ઈચ્છાના ઘોડાઓ જોડેલો અહંકારનો જ પછી તે રથ હશે; ભગવલ્લીલાનો - ભક્તિનો તે મનોરથ તો નહિ જ હોય.

ઉપરાન્ત આજે ઘણાં મન્દિરો-હવેલીઓમાં એવા મનોરથો, રાજભોગો

વગેરે નોંધાયેલા જોવા-સાંભળવામાં આવ્યા છે અને આવે છે કે પોતાના મૃત થયેલા માતા-પિતા વગેરેની મૃત્યુતિથિ નિમિત્તે મનોરથ વગેરે રૂપમાં તે દ્રવ્ય વૈષ્ણવો દ્વારા અપાયું હોય અને તેથી જ તેવી સેવા દ્રવ્ય આપતી વખતે આપનાર એ વાતની પૂરતી કાળજી લે છે કે જે દિવસે મૃત્યુતિથિ આવતી હોય તે દિવસે જ આ મનોરથ કે રાજભોગ વગેરે શ્રીપ્રભુને નિવેદિત થાય. મૃત્યુતિથિ નિમિત્તે જો કોઈ શ્રીવલ્લભકુલને પણ પોતાને ઘરે ‘તપેલી’ રાખી ભોજન કરાવવાની ઈચ્છા રાખે તો મારા માનવા પ્રમાણે તો કોઈ પણ વલ્લભકુલાવતંસ આવી ‘તપેલી’ મંજૂર રાખશે નહીં’. તો પછી આ રીતે મૃત્યુ તિથિ નિમિત્તે શ્રીપ્રભુમાં મનોરથાદિ નામે વ્યય કરાયેલું દ્રવ્ય શું શ્રીપ્રભુ અંગીકાર કરે ? અને જો નહીં, તો પછી એને વિત્તજા સેવા કહી શકાય ? જે દ્રવ્યનો પ્રભુ અંગીકાર જ ન કરતા હોય તેવું દ્રવ્ય સેવાનું સાધન બની શકે જ નહીં; જેમ વિવિધ વાનગીઓ સામે ધરવામાં આવી હોય છતાં પણ જો ભગવાન આરોગે નહીં તો તે પ્રસાદ કહી શકાય નહીં. ભગવાન આરોગ્યા છે કે નથી આરોગ્યા એનો નિર્ણય આપણે મનમાની રીતે નહીં અપિતુ **‘न लौकिकः प्रभुः कृष्णो मनुते नैव लौकिकम्’ ‘यो मे भक्त्या प्रयच्छति’ ‘तदहं भक्त्युपहृतमश्नामि’** વગેરે પુષ્ટિમાર્ગાચાર્યના તથા ભક્તિમાર્ગીય શાસ્ત્રોનાં વાક્યોથી કરવો જોઈએ.

ત્રીજી વાત એ છે કે ગુરુને અર્પણ કરાયેલા દ્રવ્યનો સિદ્ધાન્તમુક્તાવલિમાં નિર્દિષ્ટા વિત્તજામાં સમાવેશ થઈ શકતો નથી. કારણ કે ત્યાં કૃષ્ણસેવાનું વિધાન થયેલું છે અતઃ ત્યાં કૃષ્ણમાં ચિત્તની પ્રવણતાના સાધનમાં ‘વિત્તજા’ નો ઉલ્લેખ થયેલો છે. યદ્યપિ શ્રીઆચાર્યચરણના સ્વરૂપ બાબતમાં શ્રીપ્રભુચરણે જણાવ્યું છે કે - **‘वस्तुतः कृष्ण एव’** અને તે સિદ્ધાન્ત મુજબ જ આજે પણ શ્રીઆચાર્યચરણ અને શ્રીપ્રભુચરણના પાદુકાજી શ્રીવલ્લભકુલના ઘરોમાં ભગવત્સેવામાં તદ્ભાવે જ બિરાજે છે અને તદ્ભાવે જ તેમની સેવા પણ થાય છે. તેમ છતાં પણ શ્રીઆચાર્યચરણ અને શ્રીપ્રભુચરણની કૃષ્ણરૂપતા શાસ્ત્રસિદ્ધ છે અને તે સર્વ સમ્પ્રદાયમાન્ય છે તેથી કરીને આ વાક્ય પરમ્પરામાં સર્વને માટેનું છે તેમ કહેવું - માનવું એ બરાબર પણ નથી. ઉપરાન્ત શ્રીમહાપ્રભુજીની કૃષ્ણરૂપતામાં કોઈ સન્દેહ ન હોવા છતાં પણ શ્રીપ્રભુચરણે, સાત લાલજીઓએ

કે શ્રીહરિરાયજી મહાપ્રભુ પ્રભૃતિ પ્રાચીન મહાનુભાવોએ પોતાના સેવકોને શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી, શ્રીદ્વારકાનાથજી, શ્રીબાલકૃષ્ણજી વગેરે કૃષ્ણસ્વરૂપો જ સેવામાં પધરાવી આપ્યા છે, પરન્તુ ક્યાંય પણ શ્રીમહાપ્રભુજીના બાલ, યુવા કે પ્રૌઢ રૂપોને સેવામાં પધરાવી આપ્યા હોય તેમ સ્મરણમાં નથી આવતું. આ મહાનુભાવોને આધુનિકો કરતાં ઘણી વધુ દૃઢ શ્રદ્ધા શ્રીમહાપ્રભુજીની કૃષ્ણરૂપતામાં હતી, છતાં પણ સમ્પ્રદાયપ્રવર્તનમાં તેમણે કૃષ્ણરૂપની સેવાની જ પદ્ધતિ સ્વીકારેલી છે. ઉપરાન્ત શ્રીવલ્લભકુલપરિવારમાં પણ તેમના ગૃહોમાં પરમ્પરાથી શ્રીમહાપ્રભુજી, શ્રીપ્રભુચરણ, સાત લાલજીઓ, શ્રીહરિરાયજી વગેરેના પાદુકાજી-હસ્તાક્ષરો વગેરે સેવામાં બિરાજતા જ હોય છે, છતાં પણ પોતાની મુખ્ય સેવાના રૂપમાં શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઈજીના નિધિ એવા કૃષ્ણરૂપનો આગ્રહ જોવા મળે છે. અતઃ કૃષ્ણરૂપમાં પ્રભુ શ્રીકૃષ્ણની સેવાનું વિધાન અને તેમાં જ માનસીની સિદ્ધિ અને તેને અર્થે તનુ-વિત્તજા સાધન હોવાથી ગુરુને અર્પણ કરાયેલા દ્રવ્યનો 'વિત્તજા' સેવામાં સમાવેશ કરવો જોઈએ નહીં.

અહીં એક પ્રશ્ન આવી ઉભો રહે છે કે **'यस्य देवे पराभक्तिः यथा देवे तथा गुरौ, तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः'** આ ઉપનિષદ્ મંત્રમાં ગુરુભક્તિનું પણ વિધાન થયેલું છે અને તે ગુરુભક્તિ પુષ્ટિમાર્ગમાં જ નહીં પણ સર્વ સમ્પ્રદાયોમાં પણ માન્ય છે. અતઃ દેવ-ગુરુ બન્નેમાં અભેદ હોવાથી ગુરુને અર્પણ કરાયેલું દ્રવ્ય પણ વિત્તજા સેવામાં સમાવિષ્ટ થવું જોઈએ ? એમ કોઈને પ્રશ્ન થાય.

જો કોઈ આમ વિચારે તો મંત્રમાં જણાવ્યા અનુસાર સાધક જેવી દેવમાં બુદ્ધિ રાખી દેવની પરાભક્તિ-પ્રેમપૂર્વિકા ભક્તિ કરતો હોય તેવી જ ગુરુમાં પણ બુદ્ધિ રાખી તેમની પણ પ્રેમપૂર્વક ભક્તિ કરવાનું જણાવ્યું છે, પણ મંત્રમાં દેવભક્તિના વિકલ્પમાં ગુરુભક્તિ નથી કહી. અપિતુ દેવભક્તિ કરતાં ગુરુની પણ દેવસમાન ભક્તિ કરવાનું જણાવ્યું છે, ત્યારે જ **'यथा-तथा'** નો સમ્બન્ધ સંગત થાય છે. તેથી મંત્રમાં આરંભે **'यस्य देवे'** એમ પ્રથમ દેવભક્તિ કહી તેવી જ ભક્તિ-પ્રેમ ગુરુમાં રાખવાનું જણાવવા **'यथा देवे तथा गुरौ'** એમ કહ્યું છે.

તેથી જ બન્ને ભક્તિનું **'तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते'** એમ એક જ ફલ કહ્યું છે. તેવી જ રીતે પુષ્ટિમાર્ગમાં પણ ભગવત્સેવા કરનારે પોતાના ગુરુમાં પણ તેવો જ ભાવ-પ્રેમ રાખવાનો છે તેમાં કોઈ શંકા નથી પણ તેનો અર્થ એ નથી કે ભગવત્સેવાના વિકલ્પમાં એટલે કે ભગવત્સેવા છોડી - નહીં કરીને માત્ર ગુરુની જ કૃષ્ણ સમજી સેવા કરવી. અન્યથા **'न प्रतीकेन हि सः'** માં જણાવેલો દોષ અહીં પણ પ્રાપ્ત થશે. આ બધી વાતો ઉપરાન્ત અહીં જે ગુરુ છે તે પણ **'कृष्णसेवापरं वीक्ष्य'** મુજબ કૃષ્ણસેવાના ઉપદેશક, કૃષ્ણસેવાનો બોધ કરાવનારા, કૃષ્ણસેવામાં શિષ્યને યોજનાર, કૃષ્ણમંત્રના ઉપદેષ્ટા એવા ગુરુ એમ સમજવાનું છે. તેથી એવો અર્થ ક્યારેય ગ્રહણ કરવો શક્ય નથી કે શિષ્ય ગુરુની વિત્તજા સેવા કરે, ગુરુ કૃષ્ણની તનુજા સેવા કરે અને એમ ગુરુ-શિષ્યની વિત્તજા-તનુજા સેવા મળી સેવાનું સમ્પૂર્ણ સાધન બને. ઉપરાન્ત શિષ્ય દ્વારા ગુરુને ભેટ વગેરે રૂપમાં અપાયેલા દ્રવ્ય બાબતમાં જલભેદ ગ્રન્થના ચોથા શ્લોકની વ્યાખ્યામાં પ્રથમ **'तत्र शिष्योपढौकितग्रहणेन नामविक्रयसम्भवादिति चेत्'** એમ પ્રશ્ન કરીને ત્યાર બાદ સમાધાનમાં શ્રીપુરુષોત્તમચરણ જણાવે છે કે **'तथापि गुरुत्वस्य साहजिकवृत्तित्वेनात्याज्यत्वात्'** અહીં ગુરુને અપાયેલા દ્રવ્યની ગુરુ દ્વારા બ્રાહ્મણવૃત્તિત્વેન સ્વીકૃતિ બતાવી છે, અતઃ બ્રાહ્મણવૃત્તિત્વેન સ્વીકૃત દ્રવ્યને સેવાની શ્રેણિમાં મૂકી શકાય તેમ નથી.

આ બધું લખવામાં મારું કહેવાનું એ તાત્પર્ય નથી કે ગુરુને ભેટ ન ધરવી. ગુરુની જે ભેટ-પૂજા પોતાની ઈચ્છા અને શક્તિ અનુસાર તેમના સેવકો કરતા હોય તે સુખેન કરે, તેમાં કોઈ આપત્તિ નથી; બલ્કે સારી વાત છે. કેટલાક શાસ્ત્રવચનોમાં તો પોતાનું અર્ધું અથવા ચતુર્થાંશ દ્રવ્ય ગુરુને આપવાના વિધાન કરતાં વાક્યો પણ ઉપલબ્ધ છ, તેથી ગુરુને આપવું એ નિષિદ્ધ નહીં અપિતુ વિહિત છે. પરન્તુ ગુરુને આપીને તેને વિત્તજા સેવાનું નામ આપવું અને તેવી વિત્તજા કરીને પોતે ભગવત્સેવાથી મુક્ત રહેવું અને છતાં શ્રીમહાપ્રભુજીની ભગવત્સેવા કરવાની આજ્ઞાનું પોતાના દ્વારા પાલન થયાનો પોતાના મનમાં સંતોષ માનવો એ આ માર્ગમાં ઘણી ભૂલભરેલી આવી માન્યતા છે એને સ્પષ્ટ કરવા

આ બધું લખ્યું છે.

પુષ્ટિભક્તિ એ આત્મનિવેદન કર્યા પછી જ થઈ શકે, તેનાં પૂર્વનહીં, તે વિના પુષ્ટિભક્તિનો અધિકાર સમ્પાદન થતો નથી એમ આપણે **‘સમર્પણનો સિદ્ધાન્ત’** (પુસ્તિકા) માં વિચારી ગયા છીએ. શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ નવરત્ન ગ્રન્થ પરની ટીકામાં ઉત્થાનિકામાં લખે છે - **‘...इत्यादिवाक्यैस्तद् (आत्मनिवेदनम्) आवश्यकम्, साक्षात् श्रीगोकुलेशभजनाधिकाररूपत्वात् द्विजस्य वैदिककर्मणि गायत्र्युपदेशजसंस्कारवत् ।’** ભાગ. ૧૧-૧૯-૨૪ માં ‘હે ઉદ્ધવ ! આ પ્રમાણે જ્યારે આત્મનિવેદન કરેલાઓ વડે ભગવદ્ધર્મોનું આચરણ કરવામાં આવે છે ત્યારે આચરણકર્તામાં ભક્તિ ઉત્પન્ન થાય છે’ વગેરે તથા બીજાં પણ વાક્યો વડે ભક્તિ કરવા અર્થે જે સાધન કરવાનાં છે તેનાં પૂર્વ આત્મનિવેદન એ આવશ્યક છે, કારણ કે આત્મનિવેદનથી સાક્ષાત્ શ્રીગોકુલેશ - શ્રીકૃષ્ણના ભજનનો અધિકાર સંપાદન થાય છે, જેમ દ્વિજને વૈદિક કર્મો કરવા માટે પ્રથમ ગાયત્રી ઉપદેશરૂપ સંસ્કાર આવશ્યક છે. ગાયત્રી ઉપદેશ સંસ્કાર થકી જ તે દ્વિજ વૈદિક કર્મો કરવામાં અધિકૃત થાય છે, તેમ જીવ માત્ર પણ આત્મનિવેદન કર્યા પછી જ ભક્તિ કરણમાં અધિકૃત થાય છે. ‘આ પ્રકારે આત્મનિવેદન થવું એ પુષ્ટિભક્તિમાં પ્રથમ - મુખ્ય -આવશ્યક છે. આ આત્મનિવેદનને જ આપણી સામ્પ્રદાયિકી ભાષામાં **બ્રહ્મસમ્બન્ધ** નામે આલેખવામાં આવે છે.

યદ્યપિ આત્મનિવેદન અને બ્રહ્મસમ્બન્ધ આ બન્ને એકબીજાના પર્યાયવાચિ શબ્દો હોવા છતાં પણ આત્મનિવેદન રૂપ ભાવ અને આત્મનિવેદનની ક્રિયા આ બન્નેને ભેગા કરી કહેવાયેલ આત્મનિવેદન શબ્દ એને પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસમ્બન્ધ નામથી કહેવામાં આવે છે તેનું પણ એક તાત્પર્ય છે કે કોઈ પણ વ્યક્તિ સ્વેચ્છાચારે પોતાના મનમુતાબિક આત્મનિવેદન ભાવો મનમાં ધારણ કરી પોતાની મનમાની રીતે આત્મનિવેદનની ક્રિયા કરે તે બ્રહ્મસમ્બન્ધ નથી, પરન્તુ સાક્ષાત્ પ્રભુ શ્રીગોકુલાધીશ શ્રીકૃષ્ણમુખથી ઉચ્ચારિત ગદ્યમંત્રના વાક્યમાં પ્રદર્શિત આત્મનિવેદનના ભાવો મનમાં ધારણ કરે અને તે પણ

શ્રીગોકુલનાથચરણના સિદ્ધાન્તરહસ્યની ટીકામાં કહ્યા મુજબ - **‘एतन्मार्गाचार्यद्वारा भगवन्निवेदनम्’** આ માર્ગના એટલે કે પુષ્ટિભક્તિમાર્ગના આચાર્યગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ દ્વારા તેમના માધ્યમથી ભગવાનને આત્મનિવેદન કરવામાં આવે અને તે પણ ગદ્યમંત્રના ઉચ્ચારણ વડે આત્મનિવેદન કરવામાં આવે તે બ્રહ્મસમ્બન્ધ છે.

આ મુજબ પહેલાં આપણે જે માનસી સેવા - ભક્તિના સાધનરૂપમાં તનુવિત્તજા સેવાને વિચારી ગયા તે તનુવિત્તજા સેવા પણ ત્યારે જ ફલરૂપા માનસી સુધી પહોંચવા સક્ષમ બને છે જ્યારે તે આત્મનિવેદનની ભૂમિ પર સ્થિત થઈ કરવામાં આવે. તેવી સ્થિતિમાં બ્રહ્મસમ્બન્ધ અંગેના પણ જે કંઈ પણ વિવેક યા નીતિ-નિયમો આરંભકાળમાં ઘડાયા હોય તેનો યોગ્ય વિચાર અને વિચારપૂર્વક તેનું યોગ્ય પાલન જરૂરી થઈ જાય છે.

‘બ્રહ્મસમ્બન્ધ’ એ પુષ્ટિમાર્ગની મુખ્ય દીક્ષા છે અને ગદ્યમંત્ર એ એનો દીક્ષામંત્ર છે. આ દીક્ષા પુષ્ટિમાર્ગમાં નક્કી કરાયેલા સાધનના આચરણ માટેની છે. માર્ગ શબ્દ સ્વયં સાધનાના અર્થોને પ્રકાશે છે **‘मृजूष् शुद्धौ’** કે પછી **‘मृग अन्वेषणे’** શુદ્ધિ કે અન્વેષણ આ બન્ને અર્થો સાધન અર્થને દર્શાવે છે અતઃ પુષ્ટિમાર્ગની દીક્ષા કહેતાં પુષ્ટિમાર્ગીય સાધનના આચરણ માટેનો અધિકાર એમ અર્થ થાય છે. આ અર્થની શ્રીપ્રભુચરણે નવરત્નમાં સાક્ષાત્ શ્રીગોકુલેશ ભજનાધિકારની વાત કહી છે તેની સાથે સુસંગત છે. ખરેખર જોવામાં આવે તો માત્ર આપણા સમ્પ્રદાયમાં જ નહીં, અપિતુ પ્રાયઃ દરેક સમ્પ્રદાયોમાં ‘દીક્ષા’નો અર્થ તિરોભૂત થયેલો જોવામાં આવે છે. દીક્ષા એ કંઈ પાસપોર્ટ જેવી વસ્તુ નથી કે તમારે વિદેશ ન જવું હોય તો પણ ‘લઈ રાખવા દે ને, પાસપોર્ટ કઢાવી રાખવો સારો, ગમે ત્યારે જરૂર પડે તો તરત જવા કામ લાગે’ એમ વિચારી કારણ વિના પાસપોર્ટ લઈ રાખવામાં આવે. ચાહે કોઈ સમ્પ્રદાયની હોય, કોઈ મંત્રની હોય, તંત્રની હોય કે પછી જીવન સમ્બન્ધી વિદ્યા, વ્યવસાય, બ્રહ્મચર્ય વગેરે આશ્રમની કોઈ પણ પ્રકારની દીક્ષા હોય પરન્તુ તે એક નિશ્ચિત હેતુના આધાર પર લેવામાં આવે છે તેથી કોઈ પણ પ્રકારની દીક્ષા ગ્રહણ કર્યા પછી તદ્ હેતુક સાધનોનું

આચરણ આવશ્યક હોય છે. અતઃ તે તે મુજબનું આચરણ કરવાનું હોય તો જ તે - તે દીક્ષા લેવી જોઈએ. તેથી તે તે સમ્પ્રદાયનું પોતાના નામ સાથે લેબલ લગાડવા દીક્ષા લેવાની નથી કે હું પુષ્ટિમાર્ગીય છુ, હું રામાનુજ વૈષ્ણવ છું, હું ગૌડીય વૈષ્ણવ છું વગેરે. જ્યારે આજે પ્રાયઃ જોવામાં આવે છે કે લોકો સમ્પ્રદાયની દીક્ષા સમ્પ્રદાયોક્ત સાધનોનું આચરણ કરવા અને તે દ્વારા સ્વજીવનનું કલ્યાણ સાધવા નથી લેતા-લેવડાવતા પણ માત્ર પરમ્પરા નિભાવવા કે વૈષ્ણવનો દીકરો વૈષ્ણવ થાય તે માટે અથવા તો તે સમ્પ્રદાયથી ભૌતિક લાભો મેળવવા અથવા તો તે સમ્પ્રદાયના ગુરુજનોમાં ચમત્કારિક શક્તિઓ જોઈ તેમના વડે ભૌતિક લાભો મેળવવા દીક્ષા લેતા હોય છે. તેમાં પણ પરમ્પરા નિભાવવા માત્રના હેતુથી દીક્ષા લેનારાઓ માનતા હોય છે કે આપણે દીક્ષામંત્ર-ગુરુમંત્ર ગ્રહણ કર્યો એટલે હવે આપણને મર્યા પછીથી વૈકુંઠ જવાનો પાસપોર્ટ -વીઝા મળી ગયા છે તેથી તે લોકો સિદ્ધાન્તજ્ઞાન કે આચરણને આવશ્યક ગણતા જ નથી. લાભ-પૂજાર્થે દીક્ષા લેનારાઓને સમ્પ્રદાયના સિદ્ધાન્તો સાથે જ કોઈ સમ્બન્ધ, આદર, સ્નેહ હોતો નથી પરન્તુ તે લોકો તો **‘अन्तः शाक्ता बहिः शैवाः सभामध्ये च वैष्णवाः’** જેવા હોય છે અને ગુરુવર્ગમાં ચમત્કાર શક્તિ જોઈ ભૌતિક લાભ મેળવનારાઓનો સમ્પ્રદાય કે સમ્પ્રદાયના મૂલપુરુષ કે મહાપુરુષો કે પછી સમ્પ્રદાયના કલ્યાણકર સ્વરૂપ સાથે તેમનો કોઈ સમ્બન્ધ જ નથી હોતો. બલ્કે એ બધાથી ઘણું કરીને તેઓ અજાણ્યા હોય છે અને તેમને તે બધી વાતો જાણવાની કોઈ જરૂર નથી લાગતી, તેમના મને તો જાદુગર ગુરુની ચમત્કારી શક્તિ જ તેમના માટે ભગવાન કહો, ધર્મ કહો, સિદ્ધાન્ત કહો કે જે કંઈ કહો, હોય છે. આવા લોકોમાં રહેલી ગુરુભક્તિ પણ પેલા ગોભક્તો જેવી હોય છે કે ગાય જ્યાં સુધી દૂધ આપતી હોય ત્યાં સુધી તે ગાયને કંકુ-અક્ષત ચઢાવે ને જ્યાં ગાય દૂધ આપતી બન્ધ થઈ જાય કે તરત તેઓ તે ગાયને કસાઈખાને વેચી આવે. કેટલાંક સ્થળોએ એમ પણ જોવામાં આવ્યું કે અનુષ્ઠાન કરવા માટે સૂર્યગ્રહણના મધ્યે ગોપાલમંત્રની દીક્ષા એ લોકોને આપવામાં આવી છે કે આવે છે કે જે લોકો ક્યારેય વિધિપૂર્વક ગોપાલમંત્રનું પુરશ્ચરણ કરવાના નથી કે કરવાની ઈચ્છા પણ ધરાવતા નથી. ગાયત્રીમંત્રની દીક્ષા એ લોકોને એમ કહીને અપાય છે કે ગાયત્રીમંત્ર તો લેવો જ જોઈએ, પછી તમે જપ કરો ચાહે ન કરો, ભલે યજ્ઞોપવીત લીધાના બીજે દિવસે જનોઈ ખીંટી પર અલગ ટીંગાડી દેજો. ભારતીય સમ્પ્રદાયોથી ઈતર બહારના સમ્પ્રદાયોનું લોકો પ્રાયઃ કરીને એટલા માટે શિષ્યત્વ સ્વીકારે છે કે તે સમ્પ્રદાયના લોકો પોતાના અનુયાયિઓને ઘણી બધી રીતે ભૌતિક લાભો આપતા હોય છે. આ બધી જ બાબતો દીક્ષાનું અવમૂલ્યન આધુનિક સમયમાં થયેલું દર્શાવે છે.

આ રીતે બીજા સમ્પ્રદાયોમાં જે દીક્ષાનું અવમૂલ્યન થયું તે મુજબ આપણા સમ્પ્રદાયમાં પણ દીક્ષાનું અવમૂલ્યન થઈ તેનું સ્વરૂપ બદલાયું. દીક્ષાનો વિધિ, દીક્ષાનો મંત્ર વગેરે કલેવર એને એ જ રહીને પણ એની અન્દરનો દૈવી હેતુ સ્વરૂપનો આત્મા આખો બદલાઈ ગયો અને એક બીજા જ આત્મારૂપ હેતુએ એમાં સ્થાન ગ્રહણ કર્યું. બ્રહ્મસમ્બન્ધ દીક્ષા એ પુષ્ટિ-પુષ્ટિ, મર્યાદામિશ્રપુષ્ટિ અને પ્રવાહ મિશ્ર પુષ્ટિ એમ દરેક પુષ્ટિમાર્ગીય જીવોના સેવાપ્રતિબન્ધક દોષોની નિવૃત્તિ સહ તેમના દ્વારા કરાતી સેવાનો ભગવાન દ્વારા અંગીકાર થાય તે હેતુથી છે. શ્રીમહાપ્રભુજીને પણ ભગવત્પ્રાદુર્ભાવ પૂર્વ આજ ચિન્તાનો વિષય હતો અને જીવોની સેવા-ભક્તિનો ભગવાન દ્વારા અંગીકાર થાય તે માટે સેવા પ્રતિબન્ધક દોષોની નિવૃત્તિ અર્થે જ શ્રીપ્રભુએ પ્રકટ થઈ ગદ્યમંત્રનું દાન કર્યું છે. આ વાત આપણને ‘સિદ્ધાન્ત રહસ્ય’ ગ્રન્થ પરની શ્રીગોકુલનાથચરણની ટીકામાં આરંભે સ્પષ્ટ જાણવા મળે છે -

अथ यदैव श्रीगोकुलस्वामी स्वमनोऽभिलषितप्रकारकशुद्धपुष्टिभक्तिमार्गं प्रकटयितुं मनः कृतवान् तदैव स्वमुखारविन्दरूपाचार्याणामेव तत्प्रकटनसामर्थ्यं ज्ञात्वा भुवि प्राकट्यार्थमाज्ञां दत्तवान्, तदाचार्या अपि भगवदभिप्रायं ज्ञात्वा तद्दत्ताज्ञाप्रकारेणैव स्वप्राकट्यं विधाय भगवदभिमतप्रकारकं भक्तिमार्गं प्रकटितवन्तः । तत्र स्वमार्गीयभक्तिस्वरूपं स्वमार्गसेव्यस्वरूपं स्वमार्गीयसेवाप्रकारं च मार्गान्तरीयभजनसाङ्कर्याभावार्थं वैलक्षण्येन प्रमाणपूर्वकं निरूपितवन्तः। अन्येऽपि तत्तच्छास्त्रोक्ता धर्मा विवेकादयश्चतुष्टयपुरुषार्थरूपास्त्यागादयश्च

तत्तन्मार्गीयाः सन्ति, तेषां स्वप्रकटितपुष्टिमार्गविवेकादीनां च सन्देहाभावार्थं भिन्नत्वेन निरूपणं कृतवन्तः । तथापि यथा पूजामार्गे पूजार्थं तन्मार्गोक्तप्रकारेण सम्भावितदोषनिवृत्तिपूर्वकं पूजाकरणं निरूपितं, तथा स्वप्रकटितमार्गेऽपि सर्वदोषनिवृत्तिपूर्वकं सेवाप्रकारो न विचारित इति चिन्तया तद्विचारपरानाचार्यान् दृष्ट्वा स्वयं श्रीगोकुलेश आनन्दमात्रकरपादमुखोदरादिरूपेण प्रकटीभूय स्वसेवाप्रतिबन्धक-दोषनिवृत्तिप्रकारकमसाधारणं कारणं तथोपदिष्टवान्, यथाऽग्रेऽपि सेवायां यावज्जीवं दोषप्रवेशो न भवति । आचार्यास्तु भगवदुपदिष्टं स्वहृद्याधाय स्वकीयानपि ज्ञापयितुं भगवदुपदिष्टं यथा सौकर्येण बोधो भवति तदर्थं पद्यबन्धेन तत्र यस्मिन् मासे यस्मिन् पक्षे यस्यां तिथौ यस्मिन् समये तज्ज्ञापनपूर्वकं वक्तुं प्रतिजानते 'श्रावणस्यामले पक्ष' इति'

अर्थात् - જ્યારે શ્રીગોકુલસ્વામી શ્રીકૃષ્ણે પોતાના મનમાં અભિલષિત પ્રકારના શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગને પ્રકટ કરવા માટેનું મન કર્યું, ત્યારે જ આ શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગને પ્રકટ કરવાનું સામર્થ્ય પોતાના મુખારવિન્દરૂપ શ્રીઆચાર્યચરણનું જ છે તેમ જાણી શ્રીઆચાર્યચરણને ભૂતલ પર પ્રકટ થવાની ભગવાને આજ્ઞા કરી, ત્યારે શ્રીઆચાર્યચરણ પણ ભગવાનના અભિપ્રાયને જાણીને ભગવાનની આજ્ઞા પ્રકારે જ ભૂતલ પર પોતાને પ્રકટ કરીને ભગવાનને જે પ્રકારે અભિમત છે એવો ભક્તિમાર્ગ (શુદ્ધપુષ્ટિભક્તિમાર્ગ) પ્રકટ કર્યો. શ્રીઆચાર્યચરણે પ્રકટ થઈને બીજા માર્ગોના ભજનની ભેળસેળ ન થાય એ અર્થે પુષ્ટિમાર્ગીયા ભક્તિનું સ્વરૂપ, પુષ્ટિમાર્ગમાં સેવ્ય ભગવત્સ્વરૂપ અને પુષ્ટિમાર્ગીયા સેવાનો પ્રકાર એ ત્રણેને વેદાદિ પ્રમાણપૂર્વક બીજા માર્ગો કરતાં વિલક્ષણ રીતે નિરૂપણ કર્યા છે. આ ઉપરાન્ત તે-તે જુદા-જુદા શાસ્ત્રોમાં વિવેક વગેરે, ચાર પુરુષાર્થરૂપ, ત્યાગ વગેરે (જ્ઞાન-કર્મ વગેરે) તે તે માર્ગોના અનુકૂલ ધર્મો કહ્યા છે, તે ધર્મો (વિવેક, ધૈર્ય, આશ્રય, ધર્મ- અર્થ-કામ-મોક્ષ પુરુષાર્થ રૂપ, ત્યાગ, શ્રવણ, કીર્તન વગેરે ધર્મો) પુષ્ટિમાર્ગમાં પણ રહેલા છે તે અન્યમાર્ગોક્ત ધર્મો અને પુષ્ટિમાર્ગોક્ત ધર્મો એક જ છે કે અલગ છે ? તેવા સન્દેહના નિરાકરણ માટે પુષ્ટિમાર્ગોક્ત તે ધર્મો અન્યમાર્ગમાં કહેવાયેલા વિવેક વગેરે ધર્મોથી જુદા જ - અલગ જ છે એમ ભિન્નતાએ પણ નિરૂપણ કર્યું છે, તેમ છતાં પણ જેમ પૂજામાર્ગમાં પૂજાને અર્થે પૂજામાર્ગના અનુકૂલ પ્રકારે સંભાવિત દોષોની નિવૃત્તિપૂર્વક પૂજા કરવાનું નિરૂપણ થયેલું છે, તેમ પોતે પ્રકટ કરેલા એવા પુષ્ટિમાર્ગમાં પણ સર્વદોષનિવૃત્તિપૂર્વકનો સેવાપ્રકાર વિચારાયેલો નથી (તેમ જ જીવો દોષયુક્ત છે અને ભગવાન શ્રીકૃષ્ણ સર્વથા નિર્દોષ છે, તેથી સદોષ જીવ વડે કરાયેલી સેવા નિર્દોષ એવા ભગવાનમાં અંગીકૃત કેવી રીતે થઈ શકે ? અને ભગવાન જો તે સેવાનો અંગીકાર ન કરે તો પછી આ માર્ગમાં કર્યું કારવ્યું બધું વ્યર્થ જાય) તેવી ચિન્તા વડે કરીને આ પ્રકારના વિચારમાં નિમગ્ન શ્રીઆચાર્યચરણને જોઈને સ્વયં શ્રીગોકુલેશ-શ્રીકૃષ્ણ જેમના કર, ચરણ, મુખ વગેરે સમ્પૂર્ણ શ્રીવિગ્રહ આનન્દરૂપ છે તેવા આનન્દમયરૂપે પ્રકટ થઈને પોતાની સેવામાં પ્રતિબન્ધ કરનારા એવા દોષોની નિવૃત્તિ જેમાં થાય તેવા પ્રકારના અસાધારણ કારણનો સેવા પ્રતિબન્ધક દોષોની નિવૃત્તિ અર્થે ઉપદેશ કર્યો, જેથી કરીને આગળ પણ યાવત્ જીવન સેવામાં રહેતાં (જીવમાં) દોષપ્રવેશ ન થાય. ભગવાન વડે ઉપદિષ્ટ તત્ત્વને શ્રીઆચાર્યચરણે પોતાના હૃદયમાં ધારણ કરીને પોતાના નિજસેવકોને પણ તે ભગવદુપદિષ્ટ તત્ત્વનું જ્ઞાપન કરવાના હેતુથી તેમને જે રીતે પણ સુકરતાથી બોધ થાય (તે મુજબ) તે અર્થે પદ્યબન્ધ વડે (શ્લોકબદ્ધગ્રન્થ-સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ વડે) જે માસમાં, જે પક્ષમાં, જે તિથિમાં, જે સમયે ભગવાને ઉપદેશ કર્યો તે જ્ઞાપનપૂર્વક કહેવાને માટે ઉદ્યમશીલ શ્રીઆચાર્યચરણ **'श्रावणस्यामले पक्षे'** વગેરે વાક્યોથી (ભગવદુપદિષ્ટ તત્ત્વને ગ્રન્થમાં જણાવે છે).

શ્રીપુરુષોત્તમચરણ પણ સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ પરની પોતાની ટીકામાં જણાવે છે :- **'..... मुक्तोपसृप्य सूत्रे च निर्दोषैरेव सेव्य इत्यपि सिद्धत्वादिदानीन्तनानां युगदोषेण सुतरां दुष्टत्वात्तत्कृतसेवारूपाया भक्तेर्भगवतानङ्गीकारे तत्फलाभावादुपदिष्टोऽपि भक्तिमार्गः कथं फलिष्यतीति चिन्तां यदा कृतवन्तः, तदा तच्चिन्तानिवृत्त्यर्थमाविर्भूतेन**

भगवता कृपया साक्षाद्यदुक्तं तदत्र कृपया स्वीयान् ज्ञापयितुम् ....’ **અર્થાત્ - ‘मुक्तोपसृप्य .....’** એ બ્રહ્મસૂત્રમાં એમ સિદ્ધ થયું છે કે મુક્તજનો જ સેવા કરે એટલે કે નિર્દોષ પુરુષો જ ભગવાનની સેવા કરી શકે છે અને આ સમયના જનો કલિયુગના દોષોથી ઘણા જ દુષ્ટ છે તેથી, એમણે કરેલી સેવારૂપ ભક્તિનો ભગવાન અંગીકાર ન કરે તેથી એનું ફલ થાય નહીં, માટે ઉપદેશ કરવામાં આવેલો હોવા છતાં પણ તે ભક્તિમાર્ગનું ફલ કેમ થશે એવી ચિન્તા જ્યારે શ્રીઆચાર્યચરણને થઈ ત્યારે ચિન્તાની નિવૃત્તિ કરવાને ભગવાન પ્રકટ થયા અને કૃપા કરીને સાક્ષાત્ જે આજ્ઞા કરી તે નિજજનોને જણાવવાને ....’

શ્રીહરિરાયમહાપ્રભુ પણ ‘સિદ્ધાન્તરહસ્ય’ ગ્રન્થ પરની પોતાની કારિકારૂપની ટીકામાં લખે છે :-

विना तु ब्रह्मसम्बन्धं प्रायश्चित्तादिभिः पुनः ।
युगपत्सर्वदोषाणां न निवृत्तिर्भवेदिति ॥
ब्रह्मसम्बन्धकरणं सर्वदोषनिवर्तकम् ।
तदभावे कथं सद्यः सेवायामधिकारिता ॥
एवं हि ब्रह्मसम्बन्धः संस्कारोऽत्र निरूपितः ।
तदुत्तरं तस्य सर्वसमर्पणमिहोच्यते ॥

અર્થાત્ :- બ્રહ્મસમ્બન્ધ વિના (વેદાદિશાસ્ત્રોક્ત) પ્રાયશ્ચિત્ત વગેરે વડે એક સાથે સર્વ દોષોની નિવૃત્તિ થતી નથી, જ્યારે બ્રહ્મસમ્બન્ધકરણ એ સર્વદોષનિવારક છે, તેના અભાવમાં (સર્વદોષનિવારક બ્રહ્મસમ્બન્ધના અભાવમાં) કેમ કરીને સદ્યઃ-તત્કાલ જીવની સેવામાં અધિકારિતા સિદ્ધ થઈ શકે ? આ પ્રમાણે બ્રહ્મસમ્બન્ધરૂપ સંસ્કાર અહીં (સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં) નિરૂપણ કરાયો છે, તે બ્રહ્મસમ્બન્ધરૂપ સંસ્કારના પછી જ સર્વસમર્પણ અહીં કહેવાય છે.

આ ઉપરાન્ત પણ સિદ્ધાન્ત રહસ્ય ગ્રન્થના બાકીના પણ સર્વ ટીકાકારો ગ્રન્થના સ્વારસ્યમાં પોતાનો આજ મુજબનો અભિમત દર્શાવે છે અને આ ત્રણ ટીકાઓનાં વાક્યોથી એ વાત સર્વથા સ્પષ્ટ થઈ જાય છે કે પુષ્ટિમાર્ગીયા ભક્તિ કે જે સેવારૂપ છે તેમાં પ્રતિબન્ધ કરનારા દોષોને દૂર કરી જીવને સાક્ષાત્ શ્રીપુરુષોત્તમની ભક્તિનો અધિકાર પ્રદાન કરવા માટે જ શ્રીમહાપ્રભુનું ચિન્તન હતું. શ્રીપ્રભુ પણ તે હેતુથી જ પ્રકટ થયા છે અને પ્રકટ થઈને જીવકૃતસેવા વિષયક શ્રીમહાપ્રભુની ચિન્તાનું નિવારણ ગદ્યમંત્રદાન કરી પોતે બ્રહ્મસમ્બન્ધ પ્રાપ્ત જીવની સેવા અંગીકાર કરશે તેમ વચનબદ્ધ થઈ કર્યું છે. અતઃ જેને ભગવત્સેવા કરવી છે, અથવા તો ગુરુ (કે ગુરુદ્વાર) પોતાના ભગવદ્બલે જેનો સેવામાં નિવેશ કરાવવા માંગે છે તેને માટે જ ગદ્યમંત્રની દીક્ષા આવશ્યક છે.

જીવને ભગવદ્ભક્તિ-ભગવત્સેવામાં પ્રતિબન્ધ કરનારા એવા સહજ, દેશજ, કાલજ, સંયોગજ, સ્પર્શજ વગેરે દોષો કે જે જીવમાં વિદ્યમાન રહેતા જીવદ્વારા કરાતી ભક્તિસ્વરૂપ જેવી સ્નેહવિહોણી ક્રિયા સેવ્ય ભગવાનને સંતુષ્ટ કરનારી ન બની માત્ર ક્રિયાત્મિકા જ બની રહી સેવામાં ઉદ્વેગ, પ્રતિબન્ધ, ભોગાસક્તિ વગેરે પ્રતિબન્ધોને આડા ઉત્પન્ન કરે છે, તે પ્રતિબન્ધકો આડા ન આવે અને કરાયેલી સેવાનો ભગવાન વડે અંગીકાર થતાં તે સેવા આધિદૈવિકી - ફલરૂપા બને તે અર્થે જીવ-દેહ સમ્બન્ધે રહેલા પ્રતિબન્ધરૂપ દોષોની નિવૃત્તિ કરવી એ બ્રહ્મસમ્બન્ધનો મુખ્ય હેતુ છે.

જે કોઈ પણ જીવોએ પોતાના હીન, મધ્યમ કે ઉત્તમ અધિકાર અનુસાર અજ્ઞાનપૂર્વક, જ્ઞાનપૂર્વક કે કૃષ્ણસાત્કૃતપ્રાણવાળા થઈને શ્રીઆચાર્યચરણના કે શ્રીપ્રભુચરણના શરણે જઈ પોતાનામાં તેમનો શિષ્ય છું તેવો ભાવ ધારણ કરી બ્રહ્મસમ્બન્ધમંત્ર દીક્ષા ગ્રહણ કરી છે ત્યારે ત્યારબાદ ગુરુવર્ય શ્રીઆચાર્યચરણ - શ્રીપ્રભુચરણને પૂછ્યું છે કે હવે અમારું શું કર્તવ્ય ? હવે અમે કયા પ્રકારે જીવનનો નિર્વાહ કરીએ ? તો તેનાં ઉત્તરમાં શ્રીમહાપ્રભુજીએ દરેકને એમનાં કર્તવ્યનું નિર્ધારિણ કરતાં એક જ આદેશ આપ્યો છે કે ‘જાઓ, શ્રીપ્રભુએ તમને જે પણ દેહ, ગૃહ, વિત્ત વગેરે સાધન આપ્યાં છે તેનો સ્વભોગાર્થ વિચાર ત્યાગી તે સાધનો વડે ભગવત્સેવા કરો’ એમ કહ્યું છે.

શ્રીમહાપ્રભુનો આ આદેશ તે સમયના શિષ્યોને માટેનો જ છે; આધુનિકો માટેનો નથી, એમ નથી. આ સમ્પ્રદાયની પ્રણાલી-પ્રણાડી દ્વારા જે લોકો શ્રેય પ્રાપ્તિની ઈચ્છાવાળા છે અને તેવા લોકો જો આજે પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા ગ્રહણ કરી શ્રીમહાપ્રભુને સ્વકર્તવ્ય વિષયક પૃચ્છા કરે તો સ્વરચિત ગ્રન્થો વડે આજે પણ શ્રીમહાપ્રભુ આધુનિકોને પણ એ જ આદેશ આપી રહ્યા છે કે **‘कृष्णसेवा सदा कार्या’ ‘भजनीयो व्रजाधिपः’ ‘सेव्यः स एव गोपीशः’ ‘(धनं) कृष्णार्थं तन्नियुञ्जीत’ ‘(गृहं) - कृष्णार्थं तत् प्रयुञ्जीत’ ‘अव्यावृत्तो भजेत् कृष्णम्’ ‘व्यावृत्तोऽपि हरौ चितं श्रवणादौ यतेत् सदा’ ‘पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्’ ‘भार्यादिरनुकूलश्चेत् कारयेत् भगवत्क्रियाम् उदासीने स्वयं कुर्यात् प्रतिकूले गृहं त्यजेत्’** આવા અનેક વાક્યોથી આધુનિકોને, એટલું જ નહીં પણ ભવિષ્યના આગામી સેંકડોં વર્ષોમાં થનારા વૈષ્ણવોને માટે પણ શ્રીમહાપ્રભુનો આજ આદેશ અક્ષુણ્ણ રહે છે.

તેમ છતાં પણ જો તપાસવામાં આવે તો અન્ય હેતુરહિત માત્ર ભગવત્સેવાર્થ બ્રહ્મસમ્બન્ધ લીધેલા કે લઈ રહેલા આજે સેંકડે કેટલા ટકા લોકો હશે ? આનો ઉત્તર મેળવવા જઈએ તો કદાચ અત્ર જુદા અર્થમાં શ્રુતિવાક્ય લાગુ પડશે કે **‘.... शतभागस्य शतधाकल्पितस्य तु’** સોએ એક એવા સોમાંનો એક કદાચ મળી આવે.

‘शतभागस्य शतधा कल्पितस्य’ જેવી દયનીય દુર્દુશા આજે શા માટે છે એનાં કારણો તપાસવામાં આવે તો આજના સમયમાં બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેનારાઓ પૈકી ઘણું કરીને નાના-અબુધ કુમળી કુમાર વયની આસપાસના (૫ થી ૧૦ વર્ષની અન્દરના) બાળકો હોય છે કે જેઓ મા-બાપ જ્યાં દોરે ત્યાં દોરવાવાની અજ્ઞાન દશામાં હોય છે. મા-બાપોને અંદરથી એવી ખાત્રી થતાં કે આ બાળક બે-પાંચ વર્ષની વય વિત્યા પછીથી બ્રહ્મસમ્બન્ધ લેશે નહીં તેવા વિશ્વાસે નાની વયમાં જ તેઓ બાળકોને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા અપાવતા હોય છે. ત્યારબાદ ૧૦ થી ૨૦ વર્ષના બાળકો પોતાના મા-બાપના દાબ-દબાણથી પોતાની અનિચ્છાએ યા ઈચ્છાએ લેતા હોય છે, ઈચ્છાએ લેનારા બાળકો પણ સાચી સમજપૂર્વક યા બ્રહ્મસમ્બ્ધ હેતુ વગેરેને જાણીને લે છે તેમ નથી હોતું, પણ કુતુહલવશ અથવા તો દેખાદેખી વશ અથવા તો આપણું બધું સારું થશે તેવી સ્વપરક ભાવનાવશ દીક્ષા લેતા હોય છે, ત્યારે અનિચ્છાએ દીક્ષા લેનારા બાળકોને બ્રહ્મસમ્બન્ધ મંત્રમાં કે શ્રીમહાપ્રભુમાં કે વલ્લભકુળમાં કે પુષ્ટિમાર્ગમાં કોઈ વિશેષ શ્રદ્ધા-નિષ્ઠા યા સદ્ભાવ હોતો નથી બલ્કે ઘણીવાર તેથી વિપરીત સ્થિતિ પણ પ્રાયઃ કરીને હોય છે પરન્તુ મા-બાપનું મન રાજી રાખવા અથવા તો મા-બાપના અતિશય દબાણને વશ થઈ અનિચ્છાએ પણ તેઓ દીક્ષા લેવા તૈયાર થાય છે. ૧૮ થી ૩૫ વર્ષની વયે દીક્ષા લેનારી સ્ત્રીઓમાં યા તો પૂર્વમાં ૧૦ થી ૨૦ વર્ષમાં કહ્યા મુજબની હોય છે અથવા તો ઘણું કરીને પુત્રવધૂઓ હોય છે કે જે સાસુજીના કહેવાથી કે તેમના દબાણથી દીક્ષા લેતી હોય છે, આવી પુત્રવધૂઓમાં કેટલીક તો વૈષ્ણવ કુટુમ્બમાંથી જ આવેલી હોવા છતાં પણ આધુનિક શિક્ષા-સંસ્કારમાં રંગાઈને કોઈ પણ ધર્મ કે સમ્પ્રદાયમાં તેની નિષ્ઠા, શ્રદ્ધા યા સદ્ભાવ હોતાં નથી, તો કેટલીક સ્ત્રીઓ એવા વૈષ્ણવ કુટુમ્બોમાંથી આવેલી હોય છે કે જે કુટુમ્બમાં વૈષ્ણવતાવિરોધી એક એક રીત-રિવાજ-સંસ્કાર વિદ્યમાન હોય તેથી તેવા વાતાવરણમાં જ ઉછરીને આવેલી હોય છે, તો કેટલીક સ્ત્રીઓ જૈન-સ્વામિનારાયણ વગેરે બીજા સમ્પ્રદાયના અનુયાયી કુટુમ્બમાંથી આવેલી હોય છે. આ બધી સ્ત્રીઓ પણ સ્નેહ કે નિષ્ઠાથી શ્રીમહાપ્રભુ, સમ્પ્રદાય, સેવા, ભક્તિ, સમ્પ્રદાયના સિદ્ધાન્તો વગેરે સાથે કોઈ પ્રકારે સમ્બન્ધ ધરાવવાવાળી હોતી નથી પણ સાસુજીને સારું લાગે યા તો કુટુંબમાં ક્લેશ ન થાય કે પછી કુટુમ્બમાં ભેદબુદ્ધિ ન ઉત્પન્ન થાય તેવી લાગણી, ભય વગેરેના કારણે અથવા તો કુટુંબમાં પોતે બધાથી અલગ પડી જાય નહીં તેવા વિચારે કે પછી વડીલો સાસુ-સસરા વગેરે કે પતિના દબાણવશ દીક્ષા લેતી હોય છે, આવા લોકો દીક્ષા લઈને પણ ઘણું કરીને એમ જોવા મળે છે કે અકસર આવા લોકો પુષ્ટિમાર્ગીય મન્દિરોમાં કે પુષ્ટિમાર્ગીય ગુરુજનો પાસે કે પુષ્ટિમાર્ગીય કથા-પ્રવચનો-સત્સંગ વગેરેમાં આવવું યેન-કેન પ્રકારેણ ટાળતા હોય છે અને જો કદાચિત્ કોઈને મૂકવા-લેવા આવવાની આવશ્યકતા પડી જ જાય તોએ તેઓ ભગવાનમાં કે ગુરુઓમાં પ્રણામમાત્રનો પણ વ્યવહાર રાખવામાં આળસ કરતાં કે મોઢું મચકોડતાં જોવા મળતા હોય છે કે પછી વૈષ્ણવો

સાથે જયશ્રીકૃષ્ણ બોલવાનો વ્યવહાર રાખવો પણ તેઓ નાપસંદ કરતા હોય છે યા સંકોચ કરતા હોય છે. એવી પણ ઢગલાબન્ધ પુત્રવધૂઓ આજે વૈષ્ણવોના ઘરોમાં જોવા મળે છે કે દાબદબાણથી દીક્ષા લઈને પણ પાછા પોતાના પિયરમાં સ્વીકૃત સંપ્રદાયની પણ તેઓ કંઠી પહેરતા જ હોય છે અથવા તો તે સમ્પ્રદાયના ગુરુજનોમાં જ તેમની નિષ્ઠા-શ્રદ્ધા રહી હોય અને પોતાના જપ-પાઠ વગેરેમાં પણ અન્યદેવી-દેવતાના સ્તોત્ર-મંત્ર વગેરેનો પાઠ-જપ વગેરે કે તેમનાં વ્રતો વગેરે કરતા હોય છે.

કેટલાક લોકો માત્ર એટલા માટે જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેતા હોય છે કે પેઢી દર પેઢીથી એમના પૂર્વજો વૈષ્ણવ સમ્પ્રદાયમાં દીક્ષિત રહ્યા છે તેથી મારે પણ બ્રહ્મસમ્બન્ધ તો લેવા જ જોઈએ. તેઓ બ્રહ્મસમ્બન્ધ લઈને પણ તેમના ઈષ્ટદેવ અંબામાતા, શિવજી, ગણેશજી, સાંઈબાબા વગેરેની આરાધના-ભક્તિ પૂર્વવત્ કરતા રહે છે; તેમાં કોઈ ફરક પડતો નથી. તો કેટલાક એવા વૈષ્ણવો પણ મને ભટકાયા છે કે જેઓ કહેતા હોય છે કે ‘અમે માનીએ છીએ, તો પણ જે કહો તે અમે પહેલેથી જ આ દેવી-દેવતાઓની ભક્તિ કરતા આવ્યા છીએ ને હવે છોડી દઈએ તો તે દેવતાઓનું અપમાન કહેવાય, તેથી શ્રીનાથજી તો બધે જ - બધામાં જ છે તેથી આમની સેવા-ભક્તિ પણ અમે શ્રીનાથજીનાં ભાવે જ કરીએ છીએ.

આ ઉપરાન્ત એક વર્ગ એવો પણ દીક્ષા લેનારો જોવામાં આવે છે જેનો દીક્ષા લેવાનો હેતુ પૈસા કમાવવું કે નોકરી કરવું છે. વૈષ્ણવ શ્રીમન્તોના ઘરે કે પુષ્ટિમાર્ગીય મન્દિરોમાં કે પછી વલ્લભકુલ પરિવારના ગૃહે નોકરી કરવા અર્થે અથવા તો કેટલાક પરંપરાગત બ્રાહ્મણો વૈષ્ણવ મન્દિરોમાં પોતાનો ભાગવતકથા કરવાનો પાટલો જાળવી રાખવા કે વૈષ્ણવોમાં યજમાનવૃત્તિ જાળવી રાખવા કે પછી વૈષ્ણવોમાં કથા-પ્રવચન-કીર્તનાદિ વડે દ્રવ્યોપાર્જન કરવાના માત્ર હેતુથી જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેતા હોય છે. આવા લોકો પુષ્ટિમાર્ગીય મન્દિરો કે વલ્લભકુલના ઘરોમાં કે વૈષ્ણવોના મધ્યે રહીને પણ ગળામાં તુલસીની કંઠી પહેરી અને ભાલ પર ઊર્ધ્વપુંડ્ર કુમકુમનું તિલક ધારણ કરીને પણ શનિવાર, મંગળવાર, ગુરુવાર વગેરે ગ્રહોના તેમજ શિવરાત્રી, નવરાત્રી, શીતળા સપ્તમી વગેરે દેવોના વ્રતો-ઉપવાસો છૂટથી ખુલ્લે આમ કરતા હોય છે અને તેઓ હનુમાન ચાલિસા વગેરેનો પાઠ વગેરે પણ સ્વકર્તવ્ય બુદ્ધિથી કરતા હોય છે. એક પુષ્ટિમાર્ગીય મન્દિરના મુખિયાજીનો તો રોજનો ક્રમ હતો કે શ્રીઠાકોરજીને રાજભોગ ધરી ભોગ સરાવાના વચમાનો ૪૮ મિનિટનો સમય તેમાં શાન્તિથી હનુમાનચાલીસા અને લઘુરુદ્રીનો પાઠ કરતા હતા. આ મુજબ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેનારાઓ પૈકી ઘણાંએ લોકો કેટલાયે જુદાં-જુદાં કારણોથી દીક્ષા લેતા હોય છે, તેમાંથી શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તને સંગત એવા દીક્ષા ગ્રહણ કરનારા કેટલા ? તો ઈન મીન ને સાડે તીન જેટલા હશે એમ પ્રતીત થાય છે.

શ્રીમહાપ્રભુએ પુષ્ટિમાર્ગના અધિકારી જીવોને ચાર પ્રકારે વર્ગીકરણથી માન્યા છે (૧) શુદ્ધપુષ્ટિજીવો, (૨) પુષ્ટિમિશ્ર પુષ્ટિજીવો, (૩) મર્યાદામિશ્ર પુષ્ટિજીવો, (૪) પ્રવાહમિશ્ર પુષ્ટિજીવો. આટલા પ્રકારો પુષ્ટિમાર્ગ માટેના કહેવાયા છે. પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રન્થમાં આ ઉપરાન્તના બીજા વર્ગીકૃત જીવો એ મર્યાદામાર્ગી અથવા તો પ્રવાહમાર્ગી છે. ઉપર જોઈ ગયા તે મુજબના જુદા-જુદા હેતુઓથી બ્રહ્મસમ્બન્ધ લેનારાઓ અને બ્રહ્મસમ્બન્ધ લઈને પોતપોતાની રીતે જીવનનિર્વાહ કરી રહેલા વૈષ્ણવોને શ્રીમહાપ્રભુ પ્રદર્શિત - વર્ગીકૃત જીવોમાંથી કયા પ્રકારમાં તેમની ગણના થઈ શકે છે ? શું આ લોકોનો સમાવેશ પ્રવાહમિશ્રપુષ્ટિમાં પણ થઈ શકે તેમ છે ? આના ઉત્તરમાં ટીકાકાર શ્રીકલ્યાણરાયજી તથા શ્રીપુરુષોત્તમજીની ટીકા દષ્ટવ્ય છે. શ્રીકલ્યાણરાયજી લખે છે - **‘पुष्टिस्थाः प्रवाहमिश्रिताः यत्किञ्चिद्‌भगवद्धर्मं ज्ञात्वा तीर्थाद्यटन-परा भवन्ति, प्रवाहस्थाः पुष्टिमिश्रिताः भगवद्‌भजनानुकूलक्रिया-नुसारिणो भवन्ति, प्रवाहस्थाः मर्यादामिश्रिताः सत्कर्मकर्तारो भवन्ति, प्रवाहस्थाः प्रवाहमिश्रिताः केवलं लौकिकक्रियारता भवन्ति, त एव आसुराः ।’** (પુષ્ટિપ્રવાહ મર્યાદા વિવરણ ૧૪ થી ૧૭). અર્થાત્ (૧) પુષ્ટિમાં રહેલા અને પ્રવાહથી મિશ્ર બનેલા જીવો થોડું ઘણું - સાધારણ રૂપમાં ભગવદ્ધર્મ જાણીને તીર્થ વગેરે પરિભ્રમણ કરવામાં પરાયણ-રુચિવાળા હોય છે, (૨)

પ્રવાહમાં રહેલા અને પુષ્ટિથી મિશ્ર બનેલા જીવો ભગવદ્‌ભજનને અનુકૂલ એવી ક્રિયાનું અનુસરણ કરનારા થાય છે, (૩) પ્રવાહમાં જ રહેલા અને મર્યાદાથી મિશ્ર બનેલા જીવો સત્કર્મ કરવામાં રુચિવાળા થાય છે અને (૪) પ્રવાહમાં જ રહેલા અને વળી પ્રવાહથી જ મિશ્ર બનેલા એવા જીવો લૌકિક ક્રિયા કરવામાં જ પરાયણ રુચિવાળા હોય છે. આ જીવોને જ આસુર તરીકે જાણવામાં આવે છે. એવી જ રીતે શ્રીપુરુષોત્તમજી પણ આ સ્થળે પોતાની ટીકામાં પ્રકાશ પાડે છે - **‘मदुपासनादिपरा एते भवन्तु इति अभिध्यापूर्वकेण प्रवाहेण मिश्रा ये पुष्टौ अङ्गीकृतास्ते क्रियारताः भगवदुक्तपञ्चरात्रादिप्रसिद्धकर्मपराः, प्रावाहिकभक्ता इति यावत्, तादृशक्रियापरत्वं तदभिज्ञापकम्, उदाहरणं श्रुतदेवनिमिप्रभृतयः ।’** (પુષ્ટિપ્રવાહમર્યાદા વિવૃતિ-૧૫) અર્થાત્ - આ જીવો મારી ઉપાસના વગેરેમાં પરાયણ થાઓ એવી ભગવાનની ઈચ્છાપૂર્વક પ્રવાહ વડે મિશ્ર થયેલા તેમજ તેઓનો અંગીકાર પ્રભુએ પુષ્ટિમાં કરેલો હોય તેવા જીવો ક્રિયારત એટલે કે ભગવદુક્ત પંચરાત્ર વગેરે વૈષ્ણવતંત્રોમાં સારી રીતે કહેવાયેલા એવા (ભગવત્સમ્બન્ધવાળા) કર્મમાં પરાયણ બને છે કે જેઓને પ્રાવાહિક ભક્તરૂપે જાણી શકાય છે, આ પ્રકારે ક્રિયામાં પરાયણ રહેવું એમનું અભિજ્ઞાપક છે, આમાં ઉદાહરણ તરીકે (દશમ ઉત્તરાર્દ્ધમાં કહેવાયેલ) શ્રુતદેવ - નિમિરાજા વગેરે છે. શ્રીમહાપ્રભુ દ્વારા જીવોનું જે વર્ગીકરણ કરવામાં આવ્યું છે તે આધારે આ બન્ને મહાનુભાવોએ જે પ્રવાહમિશ્ર પુષ્ટિજીવો અંગે જણાવ્યું છે તેમાં એટલું તારવી શકાય છે કે પ્રવાહમિશ્ર બનવાથી તેમની રુચિ-કૃતિ વગેરેમાં ભેદ આવતો હોઈને પણ એટલું તો નક્કી જ છે કે તેઓ ભગવદનુગ્રહભાજી હોવાથી ભગવત્પરાયણતા તો તેમનામાં પણ હોય જ છે; જ્યારે આપણે જે પૂર્વમાં આધુનિકોનો પ્રકાર વિચારી ગયા તેમાં ભગવત્પરાયણતાના અભાવપૂર્વકની અન્યપરાયણતા તેમનામાં રહેલી છે, અતઃ તેમને પ્રાવાહિકી ભક્તિના કે સાધકના પ્રકારમાં પણ તેમની ગણના થઈ શકે તેમ નથી.

આ મુજબ વિચારતાં આધુનિક સમયમાં જે જીવો પૂર્વોક્ત હેતુઓને લઈ દીક્ષા લે છે અથવા તો પૂર્વોક્ત પ્રકારનાં લક્ષણો તેમનામાં પ્રતીયમાન છે તે આધાર પર એમ કહેવામાં કોઈ હિચકિચાહટ રાખવી જરૂરી નથી લાગતી કે આવા જીવોને શ્રીવલ્લભાચાર્યચરણ પુષ્ટિસૃષ્ટિમાં (શુદ્ધ કે મિશ્ર કોઈ પણ પ્રકારમાં) - પુષ્ટિ સૃષ્ટિ તરીકે સ્વીકારવા તૈયાર નથી. ન આવા પૂર્વોક્ત હેતુઓવાળાઓને શ્રીમહાપ્રભુ બ્રહ્મસમ્બન્ધ આપવા પણ તૈયાર છે, ન આવા લોકો માટેનો આ માર્ગ કે સિદ્ધાન્ત છે. જ્યારે આવા હેતુઓવાળા અને લક્ષણવાળા જીવોને શ્રીમહાપ્રભુ ન તો બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવા પણ તૈયાર છે, ન આવા લોકો માટેનો આ માર્ગ કે સિદ્ધાન્ત છે. જ્યારે આવા હેતુઓવાળા અને લક્ષણવાળા જીવોને શ્રીમહાપ્રભુ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવા જ તૈયાર ન હોય અને તેમનો કૃષ્ણસેવાના માર્ગમાં નિવેશ જ થવાનો ન હોય તો પછી શ્રીપ્રભુએ - શ્રીનાથજીએ એમનો આ માર્ગમાં અંગીકાર કર્યો છે તેમ કહી શકાય જ કેવી રીતે ? તો પછી આવા જીવોને શું પુષ્ટિમાર્ગમાં દીક્ષિત માનવા ? બ્રહ્મસમ્બન્ધ આ માર્ગમાં શ્રીમહાપ્રભુ થકી દ્વારરૂપે ગોસ્વામી મહાનુભાવો આપતા હોય છે અતઃ બ્રહ્મસમ્બન્ધ આપતી વખતે શ્રીમહાપ્રભુની દીક્ષાદાતાના હૃદયમાં ભાવરૂપ સ્થિતિ આવશ્યકી છે. અને જો આ બધાને પણ બ્રહ્મસમ્બન્ધ શ્રીમહાપ્રભુ થકી થયું છે અને એમનો પણ શ્રીપ્રભુએ અંગીકાર કર્યો જ છે તેમ કહીએ તો ભગવત્સેવાના હેતુ વિના અન્ય લૌકિક હેતુઓ માટે પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાનો દોષ શ્રીમહાપ્રભુ પર જશે કે જે ક્યારેય શક્ય નથી. શ્રીમહાપ્રભુની વાણીમાં વિશ્વાસ નહીં રાખી અન્યમાર્ગીને એટલું જ પૂછતાં કે આને પુત્ર થશે કે પુત્રી એટલા માત્રથી અન્યાશ્રય થઈ મ્લેચ્છાચારી પુત્ર જન્મ્યો એમ વાર્તા સાહિત્યમાંથી જાણવા મળે છે તો પછી શ્રીમહાપ્રભુની વાણી કે એમના સિદ્ધાન્તોમાં ભારોભાર અશ્રદ્ધા ધરાવનારા અને તેથી વિરુદ્ધ જ વર્તનારા અને તેવી રીતે જ વર્તવાની ઈચ્છા રાખનારાઓ પાછા માત્ર લૌકિક કારણોથી બ્રહ્મસમ્બન્ધ દીક્ષાનો મંત્ર ઉચ્ચરે અને તેને પ્રભુ અંગીકાર કરી તેના દોષો દૂર થઈ જાય છે એમ કહેવું વાજબી છે ? અને જો એ વાત વાજબી નથી એમ કહીએ તો પછી શ્રીમહાપ્રભુને સર્વથા અસંમત - શ્રીનાથજીને સર્વથા અસંમત એવા લોકોને ફલહીન કે અર્થ-પ્રયોજન વિના દીક્ષા આપવાનું કોઈ કારણ ખરું ? શ્રીમહાપ્રભુએ પુષ્ટિમાર્ગની સ્થાપના પોતાની પાસે કે મન્દિરોમાં ટોળાં ભેગાં કરવા નથી કરી, ન આવા ટોળાં ભેગા

કરવાની પદ્ધતિથી શ્રીપ્રભુચરણે સમ્પ્રદાય વિસ્તાર્યો છે કે જેથી એમ કહેવાની ગુંજાઈશ રહે કે સમ્પ્રદાયનો વિસ્તાર થઈ રહ્યો છે. શ્રીમહાપ્રભુની વિચારધારાનો વધુમાં વધુ લોકો દ્વારા સ્વીકાર થઈ તેઓ આ માર્ગે ચાલે એ જ આ સમ્પ્રદાયનો વિસ્તાર છે; નહીં કે અન્યાશ્રયીઓ - સર્વથા લોકાભિમુખો - ભગવદ્‌બહિર્મુખોના ઝુંડ ભેગા કરવાને સમ્પ્રદાયનો વિસ્તાર કહી શકાય છે. જેમ પાત્રમાં રહેલું જળ એને પાત્રના સ્વરૂપ-ગુણ વિનાની એવી સમતલ ભૂમિ પર ફેલાવામાં આવે તો તે જમીન પર ફેલાયેલું જળ શીઘ્ર જ શોષાઈ જાય છે, ત્યાં પાત્રની પાત્રતા એ ઊંડાણ છે, સમતલભૂમિ પણ જ્યારે ઊંડાણવાળી બને ત્યારે જ તે સ્થળે જળ ભરાતાં જલાશય બને છે, એમાં સમતલપણું એ અપાત્રતા છે અને ઊંડાણ હોવું એ પાત્રતા છે, તેમ સમ્પ્રદાયનો વિસ્તાર કરવાનો ઉત્સાહ ધરાવનારાઓએ જાણી જ લેવું જોઈએ કે ભલે થોડી ઓછી સંખ્યામાં પણ સુપાત્ર-ગુણવાળા લોકોને દીક્ષા આપવાથી જ અને એવા સુપાત્રમાં સિદ્ધાન્તની જાણકારી આપી એના ઊંડાણને વધારવામાં, સમ્પ્રદાયનો વિસ્તાર એ શ્રેષ્ઠ પ્રકાર છે, અપાત્ર-સમતલભૂમિ જેવા લોકોમાં સમ્પ્રદાય વિસ્તારી તેવા લોકોનો શંભુમેળો ભેગો કરવો એ પાત્રસ્થ જલ-અમૃતને સમતલભૂમિ પર ફેલાવી દેવા જેવું છે કે જે જલના નાશ માટે જ તેમ કરવામાં આવે છે. ભેગું થયેલું જળ વહેલું સૂકાઈ જાય તે માટે તેને જમીન પર ફેલાવવામાં આવે છે, તેમ - તે મુજબનો ક્યાંક આજે સમ્પ્રદાય વિસ્તારાઈ રહ્યો તો નથી ને ? પુષ્ટિમાર્ગીય તત્ત્વજ્ઞાન કે પુષ્ટિમાર્ગીય ભક્તિ-સેવા પદ્ધતિ સિદ્ધાન્ત વિરોધી લોકોના વધુ પડતા સમાવેશથી પુષ્ટિમાર્ગ એમ નામ સિવાયનું બધું જ નાશ પામશે અને શ્રીમહાપ્રભુએ જાણાવેલા સિદ્ધાન્તો વિરુદ્ધના જ સિદ્ધાન્તો પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તો રૂપે સ્થાપિત થશે કે થઈ રહ્યા છે તેમ તો નથી ને ?

આપણે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા ગ્રહણ કરનારા લોકોની હેતુસહિત પરિસ્થિતિ વગેરેની ચર્ચા કરી ગયા. ત્યાં હેતુઓની અશુદ્ધિને કારણે બ્રહ્મસમ્બન્ધરૂપ સાધન કે જે સેવામાર્ગમાં આગળ વધવાનું એકમાત્ર સાધન છે તે પણ સન્દેહયુક્ત બની ગયું.

બ્રહ્મસમ્બન્ધ દીક્ષા રૂપ સાધનની નિઃસંદિગ્ધતા અર્થે જેમ દીક્ષા ગ્રહણ કરનારની યોગ્યતા (હેતુ વગેરે રૂપે) આવશ્યક છે તેમ દીક્ષા આપનાર માટે પણ આવશ્યક છે. યદ્યપિ આપણા સમ્પ્રદાયમાં ગુરુ તરીકે શ્રીઆચાર્યચરણ જ બિરાજમાન છે તેથી આવો પ્રશ્ન ઉદ્‌ભવતો નથી, તેમ છતાં પણ દીક્ષા એ શ્રીઆચાર્યચરણ તરફે ગુરુદ્વાર રૂપે તદ્વંશજો દ્વારા અપાય છે તેથી દ્વારત્વની સિદ્ધિ તો જરૂરી છે જ. દ્વાર એટલે એક એવો માર્ગરૂપ અવકાશ કે જેના થકી આવાગમન થઈ શકે, આધુનિક બંગલાઓમાં પ્રાયઃ કરીને બે દ્વાર જોવામાં આવે છે જેમાંથી એક પર લખ્યું હોય છે **'ઈન'** અને બીજા પર લખ્યુ હોય છે **'આઉટ'** અતઃ આ બે પ્રકારમાંથી શ્રીમદ્ વલ્લભ વંશજોનું જે દ્વારત્વ છે તે 'ઈન' પ્રકારનું છે, **'આઉટ'** પ્રકારનું નથી. જો કે આ બાબતની હું અત્ર વધુ ચર્ચા કરવા માંગતો નથી. કારણ કે આ બાબત ઘણાં જ શાન્તચિત્તે ઘણી બધી બાબતોને લક્ષ્યમાં રાખી ઊંડાણથી વિચારણીય છે. કેવળ બે-ચાર બાબતોને સામે રાખી ઉતાવળે લખી બોલી નાંખવું એ બરાબર અને ન્યાયસંગત નહીં કહેવાશે. અતઃ આ બાબતને અહીં જ વિરમિત કરીને આ અંગેના બીજા કેટલાક વિષયો છે કે જે વિચારણીય છે તેની ચર્ચા કરીશું.

બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાની બાબતમાં પ્રાચીન નિયમો એમ જોવામાં આવે છે કે દીક્ષા લેનાર ગુરુદ્વાર પાસે જઈ વિનયપૂર્વક પોતાની ઈચ્છા વ્યક્ત કરે અને ગુરુદ્વાર પ્રસન્નતાપૂર્વક આજ્ઞા આપે તે પછી દીક્ષા લેવાના પૂર્વ દિને હોટેલ - રેસ્ટોરન્ટ કે ચાલુ દુકાનોમાં વેચાતા ભોજ્ય પદાર્થોનો ઉપયોગ ન કરી પવિત્રતા-શુદ્ધતાપૂર્વક વ્રત કરવામાં આવે, દીક્ષા લેવાના દિવસે પ્રાતઃ ગુરુગૃહે જઈ ત્યાં પવિત્રતામાં સ્નાન કરી ભારતીય વેશ-ભૂષા ધારણ કરી ગળામાં તુલસી કાષ્ઠમાલિકા-ભાલ પર કુમકુમનું તિલક યા સ્ત્રી હોય તો કુમકુમનો ચાંદલો કરી ચરણામૃત લઈ હાથ ખાસા કરી શ્રી..... ના સમ્મુખ ગુરુદ્વાર સ્વયં પણ ભોજન કર્યા પૂર્વ અસ્પૃશ્યમાં રહી હાથમાં તુલસીપત્ર આપી ગદ્યમન્ત્ર ઉચ્ચારણ કરાવે તે મુજબ ઉચ્ચારણ કરી તુલસી પત્ર પુનઃ ગુરુદ્વારને સોંપી તેના દ્વારા તે તુલસી - પત્ર શ્રીપ્રભુનાં શ્રીચરણોમાં સમર્પિત થાય અને ત્યારબાદ ગુરુદ્વાર કર્તવ્યનો ઉપદેશ કરે, આ પ્રકારની પ્રાચીન પદ્ધતિ હતી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી વિચારપૂર્વક નહીં પણ સગવડિયા પરિવર્તન આવ્યું તેથી કરીને આ પદ્ધતિ પ્રાયઃ લુપ્ત થતી જઇ રહી છે. જો કે આગળ લખતાં પહેલાં એટલી ચોખવટ જરૂરી સમજું છું કે અત્યાર સુધી તો એવા ઘણાં ગોસ્વામી બાળકો વિદ્યમાન છે જે આજે પણ પ્રાચીન પદ્ધતિનો જ આગ્રહ ધરાવે છે અને પ્રાચીન પદ્ધતિનો જ આ વિષયમાં અમલ પણ કરે છે. પરન્તુ જેમ સમય જઇ રહ્યો છે તેમ કેટલાક ઠેકાણે સગવડિયા નવી પદ્ધતિનો અમલ થતો સાંભળવા મળે છે અને તે કેટલાક સ્થળોની સંખ્યામાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થતી જઇ રહી છે તેને અંગે હું આ જણાવી રહ્યો છું. સગવડિયા પદ્ધતિ એટલે પ્રાચીન પદ્ધતિમાં આદર નહીં રાખી અવિચારપૂર્ણ અને અનિવાર્ય હોવા છતાં પણ માત્ર સગવડ જોઇને જ જે પદ્ધતિ સ્વીકારવામાં આવે તે પદ્ધતિ. આ સગવડિયા પદ્ધતિ નીચે મુજબ છે :

૧) ગુરુદ્વાર પ્રત્યે આદર-વિનય વિના પણ એને દીક્ષા આપવી.

૨) દીક્ષા આપતાં પહેલાં લેનારને પોતાનાં (ગુરુદ્વારના) સમક્ષ પ્રત્યક્ષ ઉપસ્થિત થવાની આવશ્યકતા ન સમજવી.

૩) બજારમાં હોટલ-રેસ્ટોરાં-દુકાનોમાં બનેલા ફરાળી ભોજ્ય પદાર્થો અશન કરીને વ્રત કરવું. આમ ન કરવા માટે યોગ્ય સૂચના આપવાનો અભાવ.

૪) ઉતાવળ હોતાં - સમયનો અભાવ હોતાં દીક્ષા લીધા પછી વ્રત કરવાની આજ્ઞા.

૫) દીક્ષા લેવા માટે ગુરુગૃહે આવી સ્નાન કરવાને બદલે પોતાના ઘરેથી જ સ્નાન કરી ગુરુગૃહે પહોંચેલાને દીક્ષા આપવી.

૬) દીક્ષા સમયે સ્વીકૃત ભારતીય વેશ (એટલે કે પુરુષો માટે ધોતિયું ને ઉપરણો તથા સ્ત્રીઓ માટે સાડી-ચોળી) સિવાયના ફ્રોક, સ્કર્ટ, પાયજામો, લેંઘો, ચડ્ડી વગેરે વેશધારણ કરેલાને દીક્ષા આપવી.

૭) આવશ્યકતા પડતાં ગુરુદ્વાર દ્વારા મધ્યાહ્ન ભોજન થઇ ગયા પછી પણ બપોરે કે સાંજે દીક્ષા આપવી.

૮) આવશ્યકતા પડતાં દીક્ષા આપનારની પણ અસ્પૃશ્યમાં હોવાની અનિવાર્યતા ન ગણી વગર અસ્પૃશ્ય સ્થિતિમાં પણ દીક્ષા આપવી.

૯) ૨૦૦-૫૦૦ ને એકી સાથે દીક્ષા આપતાં લેનારે મન્ત્રોચ્ચારણ કર્યું છે કે નહીં તેની ચોકસાઇ રાખવાની જરૂરિયાત ન ગણવી.

૧૦) દેશમાં અથવા તો વિદેશમાં વોલ ટુ વોલ બિછાઇ રહેતી એ કારપેટો કે જેનો ઉપયોગ રજસ્વલા સ્ત્રી, સૂતકી, પ્રસૂતા વગેરે પણ કરી ચૂક્યા હોય કે કરતા હોય અને જેનાં ઉપર જૂતાં પહેરી લોકો ફરતા હોય અને ભોજન-પાનાદિ વ્યાપાર કરતા હોય તેનાં ઉપર ઊભા કરી દીક્ષા આપવી.

આ બધી બાબતો સગવડિયાપન્થી છે તેમ કહેવામાં કોઇ અતિશયોક્તિ નથી. આ સગવડિયા પરિવર્તનો જેમ-જેમ વધતા જઇ રહ્યા છે સમ્પ્રદાયની મૌલિકતા મટતી જઇ રહી છે. માત્ર આ સગવડિયા પરિવર્તનો જેટલો જ પ્રશ્ન છે એમ નથી પણ આ ઉપરાન્ત બીજા બીજા પણ એવા પ્રશ્નો છે જે ભૂતકાળમાં ક્યારેય સાંભળવા મળ્યા ન હોય.

થોડા સમય પહેલાં બે વ્યક્તિઓ મને મળ્યા જેમાંથી એક ભાઇ જૈનધર્મને પાળતા હતા અને બીજા ભાઇ સ્વામિનારાયણ સમ્પ્રદાયના અનુયાયી હતા. એમણે મને કહ્યું અમે બન્નેએ પણ પુષ્ટિમાર્ગની દીક્ષા લીધી છે અતઃ હવે તમને અમારા હાથનું ચાલી શકે તે અશનાદિ કરવામાં વાંધો નથી, મેં તેમને પૂછ્યું તો તમે તમારો પૂર્વ ધર્મ છોડી દીધો ? એમણે કહ્યું ના અમે અમારો ધર્મ શા માટે છોડીએ ? એ તો ફક્ત તમારા માર્ગનો મન્ત્ર જ અમે લીધો છે, મેં પૂછ્યું કારણ વિના કે શ્રદ્ધા-આદર વિના અને પાછું પોતાનો પૂર્વધર્મ કાયમ રાખી બીજા સમ્પ્રદાયની મન્ત્ર દીક્ષા લેવાનું શું પ્રયોજન ? અને તેમ કરવું શું યોગ્ય પણ છે ? એમણે કહ્યું થોડા વખત પહેલાં અમારા શહેરમાં તમારા માર્ગના ગુરુજીએ એક વિશાલ સમારોહ રાખ્યો હતો અને તેમણે કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે આ સમારોહમાં માર્ગનો પ્રચાર ઘણો થાય અને ઘણા લોકો આ માર્ગની મન્ત્રદીક્ષા

ગ્રહણ કરી અમારા શિષ્ય બને એવો ભગીરથ પ્રયત્ન કરો, ઓછામાં ઓછા ૨૦૦૦ લોકો દીક્ષા ગ્રહણ કરે તો ઠીક કહેવાય. તેથી તે કાર્યકર્તાએ જહેમત ઉઠાવતાં પણ મોટી સંખ્યા થઈ શકી નહીં તેથી તેમણે સંખ્યાબળ જાળવવા અમારા જેવા બીજા સમ્પ્રદાયના લોકોને તેમણે જાણાવ્યું. અમે કહ્યું અમે તો અમુક-અમુક ધર્મ પાળીએ છીએ, પછી તમારા સમ્પ્રદાયની કંઠી કેવી રીતે લેવાય ? તો તેમણે કહ્યું હું ક્યાં તમને તમારો સમ્પ્રદાય-ધર્મ છોડવા કહું છું, ફક્ત એક દિવસ-એક સમય પૂરતા ગુરુજી સામે ઊભા રહી બોલાવે તેમ મન્ત્ર બોલી દો, પછી ઘરે ગયા પછી તમને જેમ ગમે તેમ કરજો. એ ભાઈના અતિશય દબાણથી અને તેઓ આ વિભાગમાં વગદાર હોવાથી એવા કેટલાએ લોકોએ લેવા ખાતર દીક્ષા લીધી, એ પૈકી અમે બે પણ હતા.

ઉપર જણાવ્યા પ્રકારના દીક્ષા ગ્રહણ કરેલા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની સંખ્યા વધારવાનો કોઈ અર્થ ખરો ? અને આ પ્રકારે દીક્ષાનું કે દીક્ષા મન્ત્રનું અવમૂલ્યન કરવાથી કોઈ લાભ ખરો ?

હજુ આટલું ઓછું છે તેમ ઉપર્યુક્ત ઘટનામાં એક બીજો ઉમેરો પણ થોડા સમય પછી થયો. ઉપર્યુક્ત ઘટનાના થોડા મહિનાઓ બાદ એક બીજા પૂજ્યચરણ ત્યાં પધાર્યા અને એમને જાણવા મળ્યું કે એમની પરમ્પરાના શિષ્યગૃહોમાંથી (એટલે કે એમની સૃષ્ટિના ઘરોમાંથી) ઘણા લોકોએ થોડા માસ પૂર્વ ઉજવાયેલા સમારોહ સમયે બીજા પૂજ્ય ચરણ દ્વારા આ માર્ગની બ્રહ્મસમ્બન્ધ દીક્ષા ગ્રહણ કરી છે, તેથી તેવા દીક્ષા લીધેલાઓ પ્રત્યે ક્રોધ કરી તેઓશ્રીએ જાણાવ્યું કે બીજા દ્વારા બ્રહ્મસમ્બન્ધદીક્ષા તમે લીધી એ તમારો **અન્યાશ્રય** થયો છે તેથી એ દીક્ષા માન્ય ગણાય નહીં, ભલે બધા વલ્લભકુળના જ છે છતાં પણ તમે જે ઘરની પરમ્પરામાં હો ત્યાંથી દીક્ષા લો તો જ વૈધ ગણાય, તેથી તમારે અમારી અહીં ઉપસ્થિતિ દરમિયાન ફરીથી વ્રત કરી અમારા દ્વારા બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી પડશે, ત્યારે જ તે વૈધ ગણાશે. અને બીચારા અબુધ-સિદ્ધાન્તના અનભિજ્ઞ વૈષ્ણવોએ ભયના માર્યા ફરીથી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા ગ્રહણ કરી. ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી પોરબન્દરવાળા કે જેઓ અમારા આત્મીય સુહૃદ છે અને જેમને માટે અમને ઘણો જ આદર-સ્નેહ છે તથા જેઓ પોરબન્દરથી 'નવપ્રકાશ' નામના સુન્દર અને નિર્ભીક માસિકપત્રનું સમ્પાદન-સંચાલન કરે છે. તેઓશ્રીએ પણ થોડા સમય પૂર્વ એમના જાણવામાં આવેલી અને થોડા સમય પહેલાં જ બનેલી એવી આ પ્રકારની બે-ત્રણ ઘટનાઓનો ઉલ્લેખ અમારી આગળ વાત-વાતમાં કર્યો હતો. આવી ઘટનાઓ સાંભળતાં એક જ સમ્પ્રદાયની, એક જ મન્ત્રની, સમાન હેતુની અને માન્ય-અધિકૃત ગુરુદ્વારા મેળવેલી દીક્ષા લેનારને તે જ મન્ત્રની પુનર્દીક્ષાનું વિધાન કરવું કે દીક્ષા આપવી એને દીક્ષા સમ્બન્ધી શુદ્ધિ કહેવી ? કે પછી બ્રહ્મસમ્બન્ધ દીક્ષાનું બહુમાન કહેવું કે એનું અવમૂલ્યન કહેવું ? મારી દષ્ટિમાં જેમ આપણે પહેલાં સગવડિયા પદ્ધતિને વિચારી ગયા તેમ આ સ્વાર્થી-લાભ પૂજાર્થ યત્નવાળો પાખંડ પ્રચુર પ્રકાર છે.

આ ઉપરાન્ત એક ત્રીજો પ્રકાર પણ આ વિષયમાં અધુના પ્રવર્તિત છે જેને 'અનિશ્ચિત પ્રકાર' નામે પણ ઓળખી શકાય છે. આ પ્રકારમાં એ બાબતનો અન્દરોઅન્દર ઘણો મોટો મતભેદ પ્રવર્તી રહ્યો છે કે શ્રીવલ્લભકુળના બેટીજીઓને (દીકરીઓને) બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાનો અધિકાર છે કે નથી. ઘણા બધા લોકો એમ માને છે કે બેટીજીને અધિકાર નથી, તો તેમાં કેટલાકનું એમ પણ માનવું છે કે વગર પરણેલા બેટીજીને અધિકાર છે પણ જેમનાં લગ્ન થઈ ગયાં છે તે બીજા કુળમાં ગયા હોવાથી તેમને અધિકાર નથી. તેવી જ રીતે ગોસ્વામી બાળકોના વહુજીઓને (પત્નીઓને) અધિકાર બાબતમાં પણ કેટલાક નથી એમ માને છે, કેટલાક સધવા વહુજીને નથી એમ માને છે, તો કેટલાકનું માનવું છે કે વિધવા વહુજી હોય સન્તાન ન હોય અને ઘરમાં કોઈ ગોસ્વામી બાળક ન હોય તો પોતાની સૃષ્ટિનું કાર્ય ન રોકાય તે માટે તેટલા સમય એટલે કે કોઈ ગોસ્વામી બાળકને ગોદ ન લેવાયા હોય તેટલા સમય પૂરતાં તેઓ દીક્ષા આપી શકે છે.

માસિક પત્રની મર્યાદાને કારણે આ અંકમાં વધુ ચર્ચા સંભવ નથી તેથી ઉપર જણાવેલ ત્રીજો અનિશ્ચિત પ્રકાર તથા ચોથો 'અવૈધ દીક્ષા પ્રકાર' કે જેમાં આન્તર્જાતીય વિવાહ કરેલા, વિધર્મ અંગીકાર કરી ફરી હિન્દુ બનેલા દ્વારા તેમજ શાસ્ત્રીજીઓ, મુખિયાજીઓ, ભગવદીયો દ્વારા અપાતી દીક્ષાનો પ્રકાર વગેરે ચર્ચાઓ આપણે આગામી અંકોમાં કરીશું.

એક પ્રાચીન વિદ્વાન ગો.બાળક પાસેથી સાંભળેલી વાત કહું. બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવા-લેવા બાબતમાં કોઈક બાબત પરત્વે અમે બે ભ્રાતાઓ વચ્ચે મતભેદ હતો તેથી તે અંગે પ્રાયઃ કરીને અમારા વચ્ચે વારંવાર આ બાબત પોતપોતાનો મત સિદ્ધ કરવા ચર્ચા થતી રહેતી. એક વખત એક પૂજ્ય ચરણ વડોદરા પધાર્યા હતા અને તેઓ પ્રાચીન, પ્રાચીન પદ્ધતિના આગ્રહી, પ્રાચીન બાબતોના સુજ્ઞ, અનુભવી અને વિદ્વાન હતા. અમારા બન્નેની સમ્મતિથી આ પ્રશ્ન એમના સમક્ષ પ્રસ્તુત કર્યો, તો તેઓશ્રીએ જણાવ્યું કે અમારું ઘણું જ નાનપણ હતું અને ઘરમાં બીજા કોઈ ગો.બાળક હતા નહીં અને અમારા યજ્ઞોપવીત સંસ્કાર પણ થયા ન હતા તેવી સ્થિતિમાં અમારા યજ્ઞોપવીત સંસ્કાર થતાં સુધી ઘરમાં એક બેટીજી હતા તેઓ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા સૃષ્ટિના સેવકોને તથા કર્મચારીવર્ગને આપતા હતા, પણ તે માત્ર વચગાળાની કામચલાઉ વ્યવસ્થામાત્ર હતી, તેથી યજ્ઞોપવીત સંસ્કાર બાદ બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા પછી બેટીજી દ્વારા દીક્ષિત તે બધાને જ અમે ફરીથી બ્રહ્મસમ્બન્ધ આપ્યા હતા. મેં વળતો પ્રશ્ન કર્યો, તો પછી તે લોકોને અમુક વર્ષો પછી જ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવી હતી, પછી પૂર્વમાં એકવાર આપી ફરીથી દીક્ષા આપવાનું પ્રયોજન યા લાભ શો ? તેઓશ્રીએ ઉત્તર આપ્યો કે ઘરમાં મુખિયા, ભીતરિયા, જલઘરિયા વગેરે અન્દરની સેવામાં ઉપયોગમાં આવતા કર્મચારી વર્ગને પણ દીક્ષા વિના તેઓને સેવામાં-ઘરના કાર્યોમાં લઈ શકાય નહીં તેથી તે વ્યવસ્થા જળવાઈ રહે તેમ જ સૃષ્ટિના વૈષ્ણવોના ગૃહોમાં બાળકો-બાલિકાઓ કે પછી નવવધૂઓ દીક્ષા વિના સેવામાં અનધિકાર હોવાથી જઈ શકે નહીં અને એ બધા લાંબો સમય સેવાથી વંચિત રહે તે પણ યોગ્ય નહીં તેથી તેમના- વૈષ્ણવોના ઘરોની પણ વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી વ્યવસ્થા પૂરતું બેટીજી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપતા હતા. મેં પૂછ્યું - જ્યારે તેમને એકવાર દીક્ષા અપાઈ ગઈ છે અને તે દીક્ષા વડે **સાક્ષાદ્ ગોકુલેશ ભજનાધિકાર** તેમનો સિદ્ધ થઈ ગયો છે અને તેઓ ગોસ્વામી ગૃહોની મુખ્યનિધિઓની અતિ અન્તરંગ (મુખિયાજી વગેરેથી થનારી) સેવામાં પણ પહોંચવા તેઓ અધિકૃત થઈ ગયા છે અને સેવામાં પહોંચી પણ રહ્યા છે, તો પછી તેવાઓને પુનર્દીક્ષા આપવાથી શું વિશેષ પ્રદાન થયું ? તેઓશ્રી એ કહ્યું કે આમ તો પુરુષ વલ્લભવંશજ દ્વારા જ બ્રહ્મસમ્બન્ધ આપવાની રીતિ છે, પુરુષવંશજ આચાર્ય કહેવાઈ શકે અને શ્રીગોકુલનાથજી પ્રભૃતિ પ્રાચીન આચાર્યોના **‘ब्रह्मसम्बन्धो नाम एतन्मार्गाचार्यद्वारा भगवन्निवेदनम्’** વગેરે વાક્યો તથા નિબન્ધમાં **‘दम्भादिरहितं नरम् भजेत्’** એમ શ્રીઆચાર્યચરણના વાક્યમાં પણ નર નો અર્થ પુરુષ જ થાય છે તેથી બેટીજી વગેરે દ્વારા અપાયેલ દીક્ષાથી ભજનાધિકાર સિદ્ધ થાય છે તે તો કેમ કરીને કહી શકાય. આ તો માત્ર વચગાળાની વ્યવસ્થાના રૂપમાં જ સ્વીકાર્ય થઈ શકે છે. મેં પ્રશ્ન કર્યો - કે જો ભજનાધિકાર જ બેટીજી દ્વારા દીક્ષાથી સિદ્ધ થઈ શકતો નથી તો પછી અનધિકૃત લોકોને સેવામાં પ્રવેશ આપવો અને તેવાઓ દ્વારા સેવા સમ્પન્ન કરાવવી એ કેવી રીતે સિદ્ધાન્તાનુકૂલ બની શકે ? તેમજ જેમ કામચલાઉ મેનેજર, કામચલાઉ રાષ્ટ્રપતિ, કામચલાઉ વડાપ્રધાન, કામચલાઉ-અસ્થાયી નોકર વગેરે વ્યવહાર પ્રચલિત છે તેમ કેટલીક બાબતોમાં વ્યવહારમાં પણ એવી છે કે જેને કામચલાઉ રૂપમાં ધર્મ સમ્મતિ નથી આપતો, જેમ કે કામચલાઉ પતિ યા કામચલાઉ દામ્પત્ય, તેવી જ રીતે કામચલાઉ-અસ્થાયી સેવાધિકાર અને શાશ્વત-સ્થાયી સેવાધિકારનો ભેદ પણ કદાચ મૂલસિદ્ધાન્ત સહી શકશે નહીં ? આથી આગળની ચર્ચા હિતાવહ નહીં હોવાથી કરતો નથી.

આ ચર્ચા દરમિયાન એક બીજા પૂજ્યચરણ પણ તે સ્થળે બિરાજમાન હતા કે જેઓ વિચારક અને કુશલવક્તા તરીકે પ્રસિદ્ધ છે તેઓશ્રીએ પોતાનો અભિપ્રાય આપતાં વચમાં જણાવ્યું કે બે ઘડી માટે બેટીજી દ્વારા દીક્ષાને સ્વીકારી પણ લેવામાં આવે તો પણ તેમાં ડોશી મર્યાનો નહીં પણ જમ પલક્યાનો ભય છે. એટલે કે બેટીજી તો ઠીક પણ પછી તેનો લાભ લઈને લાલાજીઓ (બેટીજીના વર કે દીકરા) પણ દીક્ષા આપવાનું ચાલુ કરી દેશે, તેથી આમાં અગમચેતી-વ્યવહાર વિષય પણ વિચારણીય છે અને તેથી બેટીજીઓ દીક્ષા ન આપે એવી પ્રથા જ સમ્પ્રદાય માટે હિતાવહ છે.

આ પ્રશ્ન પર વિચારવામાં આવે ત્યારે પ્રથમ તો વિચાર ક્ષેત્રમાં આ મુદ્દો સમાવવો જોઈએ કે આ સમ્પ્રદાયમાં શ્રીવલ્લભવંશોદ્ભવા બેટીજીનું સ્વરૂપ અને

સ્થાન શું ? સાધારણ દૃષ્ટિ નાખતાં પ્રાચીનકાળથી છેલ્લાં કેટલાં વર્ષ પૂર્વ અને ઘણાં ગોસ્વામી ગૃહોમાં આજે પણ એ પ્રથા જોવા મળે છે કે વિવાહ પછી પણ બેટીજીઓ પિતૃગૃહે અથવા પિતૃવ્યવસ્થામાં સપરિવાર નિવાસ કરતા હોય છે. તેવી જ રીતે બેટીજીના પતિ પણ બેટીજી સાથે શ્વશુરગૃહે નિવાસ કરતા હોય છે. પ્રાચીન પ્રથાના હિસાબે ગોસ્વામી બાળકોને યજ્ઞોપવીત સંસ્કાર - ગાયત્રીમંત્ર દીક્ષા પછીથી બ્રહ્મચારીવેશમાં જ શ્રીપ્રભુસમ્મુખ તે તે ઘરના વડા ગો. મહાનુભાવ દ્વારા બ્રહ્મસમ્બન્ધ દીક્ષા મંત્રના ત્રણ વાર આવર્તનાત્મક ઉચ્ચારણથી આપવામાં આવે છે. જ્યારે બેટીજીને બ્રહ્મસમ્બન્ધ મંત્રની દીક્ષા વિવાહસંસ્કાર પછીથી તે - તે ઘરના વડા. ગો. મહાનુભાવ દ્વારા પ્રભુસમ્મુખ મંત્રના ત્રણવાર આવર્તનાત્મક ઉચ્ચાર દ્વારા બ્રહ્મસમ્બન્ધ મંત્ર દીક્ષા આપવામાં આવે છે. નાથદ્વાર શ્રીજીમાં તથા જૂજ ગોસ્વામી ગૃહો બાદ કરતાં લગભગ ઘણે ઠેકાણે બેટીજીઓને તથા ગો.બાળકોને શ્રીની સેવામાં પ્રાયઃ બધી જ સેવા નાનપણથી જ બ્રહ્મસમ્બન્ધ થતાં પૂર્વથી જ પ્રાપ્ત થાય છે એમ જોવામાં આવે છે. જ્યારે ગો.બાળકોના જન્મ પ્રસંગે ગોસ્વામી ગૃહોમાં કે વૈષ્ણવ સમુદાય મધ્યે નન્દમહોત્સવ વગેરે થાય છે તેમ બેટીજીના જન્મપ્રસંગે થતા હોવાની પ્રથા પ્રાચીન- અર્વાચીનમાં જોવા મળતી નથી. ગો.બાળકો કે જેમનાં પિતૃચરણ ભૂતલ પર વિદ્યમાન છે તેને બાવા અથવા બાબા નામથી સંબોધવામાં આવે છે એમ છેલ્લા સૈકાથી સાંભળવામાં આવે છે અને પિતૃચરણના નિત્યલીલાપ્રવેશ પછીથી ઉપર પિતૃછત્ર ન હોતાં તે ગો.બાળકને મહારાજ નામથી સંબોધવામાં આવે છે, તેવી જ રીતે ગો.બાળકના પત્નીને પતિની હયાતી સુધી વહુજી અને પતિના નિત્યલીલા પ્રવેશ પછીથી 'ગોસ્વામિની' તથા 'મહારાજ' શબ્દનો પ્રયોગ તેમના નામ સાથે સાંકળવામાં આવે છે, આ રીતે બેટીજી નામ સાથે 'મહારાજ' શબ્દનો પ્રયોગ સાંકળવામાં આવતો નથી. જેમ અમારા સુરતના ગૃહમાં જ્યારે અમારા શ્રીપિતામહચરણની અતિ બાલવય હતી અને તે સમયે તેઓશ્રીના બધા જ પિતૃવ્યચરણો તેમના વહુજીઓ તથા લાલજીઓનો તેમજ આપશ્રીના પિતૃચરણ તથા માતૃચરણનો પણ નિત્યલીલા પ્રવેશ થઈ ચુક્યો હતો, તે સમયે આપશ્રીના પિતૃવ્યચરણ નિ.લી. શ્રીયદુનાથજી મહારાજના બેટીજી શ્રીયશોદાબેટીજી બિરાજમાન હતા તેથી આપશ્રીનો સમ્પૂર્ણ ઉછેર શ્રીયશોદાબેટીજીના હસ્તક જ તેમના અધિકારમાં જ થયો હતો, ઘરમાં એક માત્ર તેઓ જ વડીલ હતા, ત્યારે પણ સુરતગૃહના જૂના દસ્તાવેજી, વહીવટીય તથા પ્રાસંગિક-સામ્પ્રદાયિક કાગળો-પત્રિકાઓ વગેરે તપાસતાં તેમાં શ્રીયશોદાબેટીજી માટે ક્યાંય મહારાજ શબ્દનો પ્રયોગ સાંકળવામાં આવ્યો નથી. ઉપરાન્ત જેમ ગો.બાળકોનું નાનપણથી જ જન્મથી જ પૂજ્યત્વ છે તેમ બેટીજીનું પણ પૂજ્યત્વ જન્મથી જ જોવામાં આવે છે. જેમ ગો.બાળકોને શ્રીની સેવામાં નિત્યમાં તથા જન્મદિવસ વગેરે વિશેષ પ્રસંગોએ પ્રસાદી માળા-બીડા, પ્રસાદી વસન્તનું વસ્ત્ર વગેરે આપવામાં આવે છે તેમ બેટીજી સાથે પણ સમાન વ્યવહાર જ થાય છે. ગો.બાળકવત્ રાજભોગ વગેરેમાં આવેલો સાનેલો ભાત- રાજભોગની પ્રસાદી બીડી વગેરે પ્રસાદ જે માત્ર ગો.બાળકો જ ગ્રહણ કરી શકે છે, વૈષ્ણવો કે મુખિયા - ભીતરિયા વગેરેને લેવાનો અધિકાર નથી હોતો, તે બેટીજી ગ્રહણ કરી શકે છે. શ્રીની સેવામાં કુંડવારો ભોગ કે છપ્પન ભોગ વગેરે વિશેષ મનોરથો કે જેનો ગો.બાળકોને જ વિશેષ અધિકાર છે તે અધિકાર બેટીજીને પણ પ્રાપ્ત છે. ઉપરાન્ત કેશરસ્નાન વગેરેનું વિશિષ્ટ પૂજ્યત્વ ગો.બાળકવત્ બેટીજીને માટેનું પણ જોવા મળે છે. તેમ છતાં પણ ગોસ્વામિગૃહોમાં મોટી ઉંમરના વહુજી કે બેટીજી હોય પણ ખરા તો પણ જ્યાં સુધી જો નાની ઉંમરના પણ ગો.બાળક ઘરમાં હોય તો રોજ આરતી વગેરે તથા ઉત્સવાદિમાં તિલક-પંચામૃત વગેરે મુખ્ય સેવાઓમાં તેઓ જ પહોંચે છે. આ પ્રથા પ્રાયઃ બધા ગોસ્વામી ગૃહોમાં જોવા મળે છે.

જો કે આ ઉપર્યુક્ત પ્રથાની સાથે એ પણ ઉલ્લેખનીય છે કે ગોસ્વામી બાળકોના ગૃહોમાં જે બે ગૃહો વચ્ચે પરસ્પર સેવાના સમ્બન્ધો નથી હોતા અથવા તો એક ગૃહના બાળકો બહારગામ બિરાજતા હોય અને બીજાગૃહના બાળકમાંથી કોઈ અચાનક પધારે ત્યારે કર્મચારીઓને આજ્ઞા-આદેશના અભાવમાં તે ગો.બાળકની ઉપસ્થિતિમાં પણ મુખિયાજી જ આરતી ઉતારવી વગેરે સેવામાં પહોંચે છે. યદ્યપિ અન્દરના જે પણ કારણ હોય પણ તેથી શ્રીવલ્લભવંશજ આચાર્યની સમ્પ્રદાયમાં સ્વરૂપગરિમાને તો હાનિ થાય જ છે. આ પ્રથા કેટલી પ્રાચીન છે તે કહેવું તો કઠીન છે, પરન્તુ આવી પદ્ધતિનો પ્રવેશ ચતુર્થલાલજી

શ્રીગોકુલનાથજી પછીથી પ્રવેશ પામી હોય તેમ અન્દાજી શકાય છે. શ્રીગોકુલનાથજીના ચતુર્થ ગૃહમાં અને તેમની સૃષ્ટિના ગામોમાં આવેલા તેમના મન્દિરો-હવેલીઓમાં પ્રાચીનકાળથી લઈને આજે પણ છ ઘરના ગો.બાળકો માટે સેવામાં પ્રવેશ નિષિદ્ધ છે. એટલું જ નહીં પણ ચતુર્થગૃહના બાળકો સિવાય બીજા ગો.બાળકો પાસેથી બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પ્રાપ્ત વૈષ્ણવોને પણ શ્રીગોકુળનાથજીની બેઠકમાં ઝારી-ચરણસ્પર્શ વગેરેનો અધિકાર નિષિદ્ધ કરવામાં આવેલો જોવા મળે છે. અને આ પ્રથા છેલ્લા ૪૦૦ વર્ષથી સમ્પ્રદાયમાં અસ્તિત્વમાં છે.

છેલ્લે આ બાબત એક મહત્ત્વની વાત સ્મરણીય છે કે દરેક તરફ અતિ પ્રાચીન- પ્રાચીન - અર્વાચીન પ્રસંગો-વાતો વગેરેને સામે રાખતાં એક વાત નિર્વિવાદ સિદ્ધ છે કે બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવાનો અધિકાર શ્રીવલ્લભવંશને જ છે એ સર્વ સમ્પ્રદાયમાન્ય છે. વંશ કહેતાં ઔરસવંશને જ એટલે કે જેમાં શ્રીવલ્લભનો અંશ પરમ્પરાથી પ્રત્યક્ષ વૈધ રૂપમાં વિદ્યમાન હોય તેમને જ છે, તેથી જ જો કોઈ ગો.બાળકને સન્તાન ન હોય અને તેઓ વલ્લભકુલની બહારના પોતાના સજાતીય ભટ્ટ વર્ગમાંથી યા કોઈ ઈતર બ્રાહ્મણના બાળકને ગોદ યા દત્તક લે તો તેવાઓને સમ્પ્રદાય ગુરુત્વનિર્વાહનો કે દીક્ષા આપવાનો કોઈ અધિકાર સ્વીકારતો નથી. જ્યારે જે શ્રીવલ્લભઅંશત્વની અત્ર અપેક્ષા છે તે બેટીજીમાં છે જ. એ સત્ય છે કે વંશસ્થાપકતા બેટીજીમાં નથી તેથી તેમના સંતાનોને માટે આ પ્રશ્ન ઉદ્ભવતો જ નથી, પરન્તુ બેટીજી સ્વયં શ્રીવલ્લભવંશોદ્ભવા છે તેમાં તો નકારી શકાય તેમ છે જ નહીં. તેમ છતાં પણ માત્ર અંશત્વેન અધિકાર સમ્પાદન સ્વીકારવું તેમાં બીજા પણ કેટલાક અવરોધો આડે આવે છે જેની વધુ અને સ્પષ્ટ ચર્ચા સમ્પ્રદાયના સુજ્ઞ-વિચારકોનાં મધ્યે કરવી જ હિતાવહ હોઈ અત્ર વધુ ચર્ચા લંબાવતો નથી. તેમ છતાં પણ જે સ્વયમ્ભૂ અધિકાર છે તેને કયા-કયા સંજોગોમાં અને કેવી - કેવી સ્થિતિમાં કયા સિદ્ધાન્તના બળે અવરોધી શકાય છે, તેમજ તેવો અવરોધ સમ્પ્રદાયની બીજી કઈ-કઈ બાબતોમાં હસ્તક્ષેપ કરી શકે છે યા વિપ્લવ મચાવી શકે છે અને એનું દૂરોગામી પરિણામ શું હોઈ શકે છે તે પણ શાન્ત અને સ્વસ્થ ચિત્તે મનમાં કોઈ પણ પ્રકારનો કોઈના પણ પરત્વે પૂર્વગ્રહ રાખ્યા વિના વિચારવું અતિશય આવશ્યક જ છે.

આટલી વાતો લખ્યા પછીથી હું મારા તરફથી એક ચોખવટ કરી લેવી જરૂરી સમજુ છું કે આ લખાણથી કોઈએ પણ એમ નથી માની લેવાનું કે આ લેખન દ્વારા કોઈના પણ કોઈ પણ પ્રકારના અધિકારોને નિષેધવાનો કે સમર્થવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. લખવાનું પ્રયોજન માત્ર એટલું જ છે કે આ બાબતમાં અધુના વિચારકો જે-જે વિચારોને ચિત્તમાં રાખી વિચારે છે અને તે પણ કેટલાક લોકો આમાં લખેલા કેટલાક વિચારોને તો કેટલાક લોકો આમાં લખેલા બીજા વિચારોને મહત્ત્વ આપી પોતપોતાની અંગત માન્યતા અનુસાર સમાજમાં ઉચ્ચારણ-લેખન કે વ્યવહારમાં પ્રવર્તન કરતા હોય છે અને એ બધા સ્વરો એકબીજાના એક બીજાથી જુદા-જુદા પ્રકારના હોવાથી કર્ણરસાયનની જગ્યાએ રસાભાસ યા કટુતાને જન્માવે છે યા વધારે છે જેના પરિણામે બેટીજી દ્વારા દીક્ષા પ્રાપ્ત વૈષ્ણવોને સમ્પ્રદાયમાં સેવા વગેરેના લાભોમાં કેટલાક લોકો માન્ય કરી આપે છે તો કેટલાક અમાન્ય કરી એમને સેવાના લાભથી વંચિત રાખવામાં આવે છે, ત્યારે જે વંચિત થાય છે તેમનાં માનસપટલ પર જે ચિત્ર ઉપસે છે તે કંઈક વિચિત્ર યા અનિચ્છનીય હોય છે. આ બાબતને અનુલક્ષીને આ બાબતે પ્રવર્તી રહેલી સંદિગ્ધતાને જ વાચા આપવાનો આમાં પ્રયત્ન કરાયો છે.

અવૈધ એટલે જે વેદાદિ શાસ્ત્રોમાં વિધાનરૂપે કહેવામાં ન આવ્યું હોય તથા જેનો વેદાદિ શાસ્ત્રોમાં નિષેધ કરવામાં આવ્યો હોય તેવી બાબતો કે આચરણો તથા તેવું આચરણ કરવાવાળાઓ દ્વારા દીક્ષાનો પ્રકાર. અથવા વેદનિંદ્ય, લોકનિંદ્ય, નીતિ-ન્યાયનિંદ્ય આચરણ કરવાવાળાઓ દ્વારા દીક્ષાનો પ્રકાર. આમાં બે વાત વિચારણીય બની જાય છે - (૧) દીક્ષા આપનારમાં કોઈ નિષિદ્ધ બાબત તો છે નહીં ને ? અને (૨) માત્ર નિષિદ્ધ નથી એટલું જ વિચારણીય છે કે પછી કેટલાક વિશિષ્ટ આચરણો - ગુણોની અપેક્ષા પણ રહે છે ? સંપ્રદાયની દીક્ષા માટે આચાર્યત્વ અપેક્ષિત છે કે કેમ તથા જો અપેક્ષિત છે તો માત્ર જન્મના કે કર્માણા બ્રાહ્મણત્વથી જ આચાર્યત્વની સિદ્ધિ થઈ જાય છે કે પછી બ્રાહ્મણત્વની સિદ્ધિ ઉપરાન્ત બીજું પણ કંઈક વૈશિષ્ટ્ય અપેક્ષિત રહે છે ? એ બાબત

વિચારણીય છે.

કેટલાક સુજ્ઞ, સ્વસ્થ અને તટસ્થ વિચારકોનું એમ મન્તવ્ય છે કે યદ્યપિ સમ્પ્રદાયમાં જન્મના-અનુવંશત્વેન દીક્ષાનો અધિકાર પ્રાપ્ત થાય છે તેમ છતાં પણ સમ્પ્રદાયપ્રવૃત્તિને તેનાં ગૌરવાન્વિત સ્વરૂપ સહ પ્રવાહિત કરવા માટે અનુવંશ ઉપરાંત સ્તુત્યગુણોની પણ અપેક્ષા સ્વીકારવી જોઈએ. એમનું આ મન્તવ્ય સ્વસ્થ અને દીર્ઘદષ્ટિ ભરેલું છે. જન્મના અધિકારનો આ મુદ્દાએ સંકોચ કરી શકાય છે અને તેનાંથી સમ્પ્રદાયની સ્વચ્છ પ્રતિભાને સુન્દર બનાવી રાખી શકાય છે. પણ આ મન્તવ્ય એકદેશી, પાખંડયુક્ત, ક્લેશ-દ્વેષથી ઉદ્ભવેલું અથવા હીનમનોવૃત્તિ થકી ઈર્ષ્યા વગેરેના પોષણમાત્ર પૂરતું સીમિત ન હોવું જોઈએ, પરન્તુ શ્રીવલ્લભ-વિઠ્ઠલ અને શ્રીકૃષ્ણના- પોતાના સેવ્ય પ્રભુના અલૌકિક સ્વરૂપને હૃદયમાં રાખી ઉદ્ભવેલું હોવું જોઈએ.

વેદાદિ શાસ્ત્રોથી સિદ્ધ તેમજ મહાબુદ્ધિશાળી મહાનુભાવોએ નિશ્ચિત કરેલા સિદ્ધાન્તોથી સમ્મત અને યુગ-યુગના માનવોનાં કલ્યાણને લક્ષમાં રાખી જે પરમ્પરા પ્રવાહિત થાય તેને સમ્પ્રદાય નામે ઓળખવામાં આવે છે; નહીં કે વર્ગવિશેષને યા વ્યક્તિવિશેષને સમાજના માથે જબરદસ્તીથી થોપીને તેનાં સ્વાર્થ અને દુર્વૃત્તિઓને પોષવા સમાજને સમૂહને સાધન બનાવનારી પ્રવૃત્તિના પ્રવાહને સમ્પ્રદાય જેવો મહાન શબ્દ આપી શકાય છે. સમ્પ્રદાય અતિશય પવિત્ર ભૂમિરૂપ ભગવત્સ્વરૂપ મહાનુભાવોની અતિશય કરુણામયી બુદ્ધિના ઊંડાણમાંથી વિચારરૂપે ઉદ્ભવેલો અમૃતસમ જલનો પ્રવાહ છે કે જેમાં આચમન, પાન, સ્નાનથી સેવન કરનારનું નિતાન્ત કલ્યાણ જ થાય - તેનાં કલ્યાણમય જીવનનું સ્વરૂપ સિદ્ધ થાય. આ આધારશિલા પર જ શ્રીઆચાર્યચરણે આ સમ્પ્રદાયનો પ્રાદુર્ભાવ અને પ્રવર્તન કર્યું છે. તે પણ પ્રાચીનોને નેવે મૂકીને નહીં પણ **'व्यासस्यविष्णोः प्रियम्'** પ્રકારે વેદકાલથી ચાલતી આવેલી પરમ્પરામાં અનુસ્યૂત રહીને પરંપરામાં કાલક્રમે પ્રવિષ્ટ થઈ ગયેલી કેટલીક એવી માન્યતાઓ અને પરમ્પરાઓ કે જે વેદ, વ્યાસ, કૃષ્ણને તેમજ આર્ષદષ્ટા ઋષિઓને સમ્મત ન હોય કે તેમના આશયમાં આવતી ન હોય તેની સાફસૂફી સાથે એ જ પરમ્પરાને

માનવોના કલ્યાણને અર્થે આગળ પ્રવાહિત કરી છે જેને આપણે પુષ્ટિસમ્પ્રદાય નામથી ઓળખીએ છીએ. પોતાના દ્વારા નિર્ધારિત સિદ્ધાન્તોથી સુસમ્બદ્ધ શ્રીપ્રભુના અનુગ્રહ ધર્મથી પ્રાદુર્ભૂત એવો શ્રીમહાપ્રભુનો આ પુષ્ટિસમ્પ્રદાય આજે પણ માનવોના યુગો પુરાણા જામીને જડ થઈ ગયેલા પાપ પર્વતોને છેદીને તેનામાં કૃષ્ણભક્તિના યમુના પ્રવાહને વહેવડાવી માનવસમાજનું કલ્યાણ કરવા માટે સક્ષમ છે. પરન્તુ ('પોતાના દ્વારા નિર્ધારિત' થી લઈ સક્ષમ છે પર્યન્તમાં કહેવાયેલ) ઉક્ત સ્વરૂપમાં જ તેની સક્ષમતા છે. અતઃ આ સમ્પ્રદાયના ગુરુત્વના નિર્વાહમાં પણ (સાધારણજનોથી અલગ પ્રકારનું) વૈશિષ્ટ્ય અપેક્ષિત તો છે જ. બીજા સમ્પ્રદાયોમાં પણ આચાર્યત્વને અર્થે બ્રાહ્મણત્વાદિ ઉપરાન્ત વૈદુષ્યાદિ વૈશિષ્ટ્ય અપેક્ષિત રહે જ છે, પરન્તુ પુષ્ટિમાર્ગના ગુરુત્વના નિર્વાહ માટે તો બેવડી જવાબદારી આવી જાય છે. કારણ કે જેમ તૃતીય સ્કન્ધ સુબોધિનીમાં **'वर्णाश्रमधर्मा एव स्वधर्माः .... दास्यं स्वधर्मः'** એમ બે પ્રકારે ધર્મ જણાવીને આગળ તેઓશ્રી જણાવે છે - **'उभयात्मकस्वधर्मानुष्ठानम्'** એમ વર્ણાશ્રમધર્મ અને દાસ્યધર્મ બન્નેનું અનુષ્ઠાન આવશ્યક ગણ્યું છે. તેમ અહીં પણ માત્ર વર્ણધર્મને જ અગ્રતા આપી અધિકારસિદ્ધિ કરવાની નથી પણ વર્ણધર્મ, આશ્રમધર્મ અને દાસધર્મ (ભક્તિ) એમ ત્રણેના આચરણ થકી અધિકાર સિદ્ધિ ગણવાની છે. તેથી જ વર્ણાશ્રમધર્મ પાલન ઉપરાન્તની યોગ્યતાની આવશ્યકતા કહેવા માટે જ શ્રીઆચાર્યચરણ નિબંધમાં લખે છે -

कृष्णसेवापरं वीक्ष्य दम्भादि रहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

સેવાની પરાયણતામાં કાયા, વાણી અને મન ત્રણેનો સમાવેશ સમજવો જોઈએ. વર્ના કાયા સેવામાં રહી મન સ્ત્રી-દ્રવ્ય વગેરેમાં નિવેશેલું હોય તો બીજું લક્ષણ દંભથી રહિતપણું સંભવી શકે નહીં. અતઃ ત્રણેનો વ્યાપાર ભક્તિમય-ભગવત્સેવાર્થે હોવો જરૂરી છે. તેવી જ રીતે વાણી અને વર્તનની પણ સમાનતા જરૂરી છે, કારણ કે તૈત્તિરીય આરણ્યકમાં જણાવ્યા મુજબ **'तस्मात् यत् पुरुषो मनसाऽभिगच्छति तद्वाचा वदति तत्कर्मणा करोति'** (તૈ.આ.પ્ર.૧, અનુ.૨૩)

મુજબ મન, વાણી, ક્રિયા ત્રણે સરખા જોઈએ. નહીંતર વાણી-વર્તન વિરોધી હોતાં પણ દંભ-પાખંડનો દોષ પ્રાપ્ત થઈ શ્રીઆચાર્યચરણ ત્યારે પણ ટકોરશે જ કે **'लाभपूजार्थयत्नेषु'** વગેરે વાક્યોથી. પ્રાચીન વલ્લભવંશજોમાં ગુરુત્વનું આજ ખમીર જોવા મળે છે કે સ્ત્રી અને દ્રવ્ય પ્રતિ સર્વથા અનાસક્ત રહી માત્ર સેવાપરાયણ ચિત્ત બની રહી સ્વકર્તવ્યે શિષ્યોના કલ્યાણનો જ માત્ર વિચાર શિષ્ય સમ્બન્ધે કરતા હતા જે શ્રીહરિરાયમહાપ્રભુ તથા આજથી દોઢ સો વર્ષ પૂર્વે જયપુર બિરાજતા પાંચમા ઘરના ગોસ્વામી મહારાજશ્રીના ચરિત્રો વગેરે પ્રસંગોમાંથી જોવા મળે છે.

બ્રહ્મસમ્બન્ધ દીક્ષા એ ગુરુ બનવાનું સાધન નથી, ન શિષ્યોથી પૂજ્ય બનવાનું સાધન છે, અપિતુ કલિના વિષમય પ્રવાહમાં પણ શિષ્યને (બ્રહ્મસમ્બન્ધ દીક્ષા દ્વારા સેવા પ્રતિબન્ધક દોષોની નિવૃત્તિપૂર્વક) કૃષ્ણભક્તિ પ્રદાન કરી તેનું કલ્યાણ થાય તેને અર્થે છે. અતઃ તે માટેના અધિકારનો નિર્ણય પણ તેનાં હિસાબે જ કરવો જોઈએ. યદિ કોઈ એમ કહે કે આ સમ્પ્રદાયમાં તો ગુરુસ્થાને શ્રીમહાપ્રભુ સ્વયં જ બિરાજે છે (**स्वस्मिन्नेव गुरुत्वं नियच्छन्त आहुः -**) તોએ એ તો નક્કી જ છે કે વંશજોની દ્વારભૂતતા તો સ્વીકારાયેલી જ છે, અતઃ મન્દિરના અનુરૂપ દ્વાર હોવું જોઈએ એ નિશ્ચિત છે.

દ્વારરૂપતામાં કયા ગુણો અપેક્ષિત હોવા જોઈએ અને કઈ કઈ બાબતો ન હોવી જોઈએ અથવા તો વધુ નહીં તો આટલા ગુણો તો અનિવાર્યરૂપે હોવા જ જોઈએ અને આટલી બાબતો કોઈ પણ સંજોગોમાં ન જ હોવી જોઈએ એનો નિર્ણય શ્રીવલ્લભકુલના સહુ સદસ્યોએ ભેગા મળીને સમ્પ્રદાયના પરમ હિતમાં પોતાના પારસ્પરિક સર્વ પૂર્વગ્રહો વગેરેને બાજુએ મૂકી ગંભીર વિચારણા-મસલતો પૂર્વક સમ્પ્રદાયના ગુરુત્વના નિર્વાહ માટેની એક આચારસંહિતા બનાવી કરવો જોઈએ. ઉત્તમપક્ષ તો એ જ છે કે આ વિચારણા અને નિર્ણયમાં માત્ર વલ્લભવંશજો જ ઉપસ્થિત રહે - અન્ય કોઈ પણ ન રહે. તેમ છતાં પણ જો અનિવાર્ય જણાય તો આવી સુન્દર અને સમ્પ્રદાયનું હિત કરનારી વિચારણા સ્વસ્થ અને શુદ્ધ હૃદયના વાતાવરણમાં થઈ સુપરિણામ લાવી શકાય તે લાભને જોતાં જરૂર લાગે તો સમ્પ્રદાયના વિદ્વાન જાણકાર શાસ્ત્રીજીઓ તથા જાણકાર અને શ્રદ્ધા ધરાવનારા છતાં વલ્લભવંશજો અને સમ્પ્રદાયનું હિત હૃદયમાં વિચારી સવિનય સ્પષ્ટ વક્તા, સર્વ વલ્લભવંશજો માટે સમાન આદર અને ભાવનાવાળા વૈષ્ણવોને પણ દાખલ કરી શકાય છે, પરન્તુ આમાં સાધારણ બુદ્ધિના સિદ્ધાન્ત-પરંપરા વગેરેથી અજ્ઞાત અને વલ્લભવંશ પ્રત્યે પૂર્ણ આદર વિનાના અથવા તો એક પ્રત્યે આદર રાખી બાકીનાં બધામાં સાધારણ બુદ્ધિની ભાવનાવાળા લોકો આવી વિચારણામાં ઉપયોગી નહીં થઈ પડે, બલ્કે તેમની ઉપસ્થિતિ હાનિકર પણ ગણી શકાય છે. અતઃ સર્વની ઉપસ્થિતિમાં આવી વિચારણાઓ ન કરવી જોઈએ એમ મારું મન્તવ્ય છે.

જો કે આ પ્રકારની વિચારણા માટે કેટલાકોને એમ કહેતાં સાંભળવામાં આવે છે કે **'દેડકાની પાંચશેરી કેમ કરી તોલાય ? દેડકાની પાંચશેરી તો કેમે કરીને તોલી પણ લેવાય પણ વલ્લભકુલને ભેગા કરી વિચારણા વડે સુપરિણામ લાવવું ક્લિષ્ટ જ નહીં અશક્ય જ છે'** પરન્તુ એમની આ માન્યતા બરાબર નથી. દરેક જગ્યાએ - દરેક ક્ષેત્રે - દરેકના હાથમાં પાંચ આંગળી હોય છે. અને તે દરેકના હાથમાં જાડી-પતલી, લાંબી-ટૂંકી હોય જ છે. તેમ દરેક જગ્યાએ મતભેદ તો રહેવાના જ અને આવી વિચારણા થતી હોય તેમાં તેવા મતભેદો સામે આવવાના જ છે, પરન્તુ વિચારણામાં અવરોધ કે વિચારણાનો ઘાત મતભેદ ઉજાગર થવાથી ક્યારેય થતો નથી; બલ્કે બે વ્યક્તિ વચ્ચેના મતભેદો તો નવનીત નીકળવામાં મન્થન રૂપ બને છે. વિચારણાનો ઘાત કે વિચારણામાંથી વિકૃત પરિણામની સ્થિતિ એ મતભેદના કારણે નહીં અપિતુ પારસ્પરિક અસૂયા-કાલુષ્ય અને સ્વાર્થી વેરઝેર પૂર્ણ મનોભેદને કારણે જ સર્જાય છે, અને આવી મનોદશા તો ગુરુસ્થાનીયો માટે કોઈ પણ રીતે શોભાસ્પદ નથી. આવા મનોભેદનો આક્ષેપ જો કરવામાં આવે - આવો મનોભેદ પ્રવર્તી રહ્યો છે તેમ સ્વીકારવામાં આવે તો તો પછી અનધિકાર સિદ્ધ થવા માટેનું આ મનોભેદ જ સૌથી મોટું કારણ બની રહેશે. કારણ કે જે કોઈ પણ આવા અંગત વેરઝેરથી ઊંચો ન આવી શકે અને પોતાના ક્ષુદ્ર સ્વાર્થના પોષણમાં જ સમ્પ્રદાય અને સિદ્ધાન્તનો ઉપયોગ માત્ર કરી લેતો હોય અને શિષ્યવૃદ્ધિ પણ સ્વાર્થ - અહમિયતના પોષણ માટે જ કરતો

હોય તો તેવા ગુરુથી કલ્યાણ જ કેમ થઈ શકે, બલ્કે તેવાને ગુરુ જ કેમ માની શકાય ? અતઃ આવો મહાન આક્ષેપ તો અવિચારીપણાએ કરવો જ બરાબર નથી. આજે પણ વલ્લભવંશજોનાં હૃદય સમ્પ્રદાયહિતના વિચારોથી ભરપૂર છે, આજે પણ તેઓ નિષ્ઠાથી લેખન, ઉપદેશ સેવા વગેરે દ્વારા સમ્પ્રદાયની અને શ્રીમહાપ્રભુની સેવા કરી જ રહ્યા છે અને તેમના પરિશ્રમે જ આજે પણ વૈષ્ણવસૃષ્ટિ માર્ગીય પ્રકારે સેવા-સ્મરણાદિ કરતાં દૃષ્ટિગોચર થાય છે. પૂર્વગ્રહો ત્યાગી જો કોઈ તટસ્થ વિચારક વિચારશે તો ખ્યાલમાં આવશે કે આજે ભારતમાં જ નહીં પણ સમ્પૂર્ણ આ પૃથ્વીગોલ પર આ એક જ વંશ એવો છે કે જે પાંચસો વર્ષના સમયમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, તેલુગુ વગેરે ભાષાઓમાં એટલું વિપુલ સાહિત્ય સમાજને આપ્યું છે તેનો સંગ્રહ કરી એક સ્થળે સુરક્ષિત કરવામાં આવે તો વડોદરા યુનિવર્સિટીની પ્રાચ્યવિદ્યામન્દિરની લાઈબ્રેરીથીએ ઘણાં વધુ પુસ્તકોનો સંગ્રહ થશે. આટલું વિશાલ સાહિત્ય આપનાર આ વંશમાં આજે પણ મહાનુભાવોની કમી નથી. તેથી જે સમાજમાં આવા સુવિચારક વિદ્વાનોનો સમૂહ સાંપડતો હોય ત્યાં પારસ્પરિક વિચારણાને શા માટે અસંભવ માનવું જોઈએ?

ફક્ત જરૂરી એટલું જ છે કે સમ્પ્રદાયનું પ્રવર્તન અનુશાસન પૂર્વક થઈ શકે તેમાં શિષ્યોનું અનુશાસન ગુરુજનો કરે અને ગુરુસ્થાનીયોનું અનુશાસન મૂલગુરુદ્વારા નિર્ધારિત સિદ્ધાન્તો કરે, તેમાં સર્વ ગુરુસ્થાનીય વલ્લભવંશજો સિદ્ધાન્તનું પોતાના ઉપર અનુશાસન પૂર્ણ અર્થમાં સ્વીકારે અને સમ્પ્રદાયના વિશાલ હિતમાં પોતાનું સર્વ કાંઈ ન્યોછાવર કરી દેવાની ઉદાત્ત ભાવના સભર હૃદયથી વિચારણામાં ભાગ લે અને તેમાં જે નિર્ણય આવે તેને માથે ચઢાવે - સિદ્ધાન્તના દર્પણમાં મારો ચહેરો કયા રૂપમાં ઉપસે છે તેનું મનોમન્થન કરી તે મુજબ પોતાનું આગળનું કાર્ય અને સ્થાનનો નિશ્ચય કરે એ જરૂરી છે. આ કાર્ય વ્યક્તિગત ધોરણે શક્ય નથી, ન હોવું જોઈએ, પરન્તુ સામુદાયિક ધોરણે શક્ય છે ને હોવું જોઈએ. સમ્પ્રદાયના સિદ્ધાન્ત અનુસારનો અને સમ્પ્રદાયનાં હિતમાં સર્વએ મળીને લેવાયેલો નિર્ણય વ્યક્તિગત સર્વને સ્પર્શે છે અને તેનો અમલ કરવા- કરાવવા સંગઠન શક્તિપૂર્વક પ્રયત્ન કરી શકે છે પરન્તુ કોઈ નિશ્ચિત વ્યક્તિ માટે જ સિદ્ધાન્તનો અમલ કરવાનો પ્રયત્ન એમાં કિન્નાખોરી અને પૂર્વગ્રહ કે તેવાં જ બીજાં દૂષણો જ કારણ કહી શકાય છે. જો કાંદા ખાનાર સિદ્ધાન્ત વિરુદ્ધનું ભક્ષણ કરે છે તો તે દંડ્ય છે તેમ લસણ ખાનારમાં પણ એ જ સંહિતા કામ કરવી જોઈએ.

સારાંશમાં કહેવાનું તાત્પર્ય વંશજત્વેન પ્રાપ્ત અધિકારનો સંકોચ સમ્પ્રદાયના હિતમાં અને સિદ્ધાન્તના અનુકૂલ સ્વરૂપને માટે કરી શકાય છે અને કરવો જોઈએ. એટલું જ નહીં પણ આ કાર્ય આજે આવશ્યક અને અનિવાર્ય રેખાને સ્પર્શી ગયું છે. પરન્તુ આ કાર્ય શિષ્યવર્ગ દ્વારા અથવા શિષ્યવર્ગના સહભાગીપણામાં ન થવું જોઈએ પણ વલ્લભકુલોદ્ભવો પોતે જ સમુદાયમાં એકમતિ - સહમતિ સાધીને નિર્ણય કરે અને તેનો અમલ કરે - કરાવે એ જ દીર્ઘદૃષ્ટિથી વિચારતાં હિતાવહ છે અને એ નિર્ણયને વલ્લભકુલના સર્વ એકમતી સહમતીએ શિરોધાર્ય કરે એ ખૂબ જ સુન્દર વાત છે. આ પ્રકારમાં સમ્પ્રદાય છે, સમ્પ્રદાયનો નિશ્ચિત સિદ્ધાન્ત છે તો તેના અમલમાં રાજકીય કાયદો પણ બાધક બની શકશે નહીં એમ મારું માનવું છે. આવા નિર્ણયના અભાવે અથવા તો ગુરુવર્ગ માટેની ક્રમબદ્ધ આચારસંહિતાના અભાવે જ જે સંદિગ્ધતા પ્રવર્તી રહી છે અને તેમાં સમ્પ્રદાયના સૌન્દર્યને બાધા પહોંચી રહી છે તે જ અતિશય હાનિકર છે. આ બાબતમાં ન તો શિષ્યવર્ગ પણ સંદિગ્ધ મનોદશાવાળો હોવો જોઈએ કે ન તો ગુરુવર્ગ પણ સંદિગ્ધ વિચાર-વક્તવ્ય-વાળો હોવો જોઈએ એમ મારું મન્તવ્ય છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી બલ્કે છેલ્લાં ૫૦ વર્ષોથી એ વધુ પહેલાથી સમ્પ્રદાયના ગુરુવર્ગ અને સમ્પ્રદાયના શ્રીમન્તશિષ્યવર્ગ વચ્ચે ક્યાંક ગુપ્ત રીતે અંદર અંદર અને ક્યાંક ખુલ્લં ખુલ્લા વિગ્રહ ચાલી રહ્યો છે, જેમાં ગુરુવર્ગનું માનવું છે કે સમ્પ્રદાયનું પ્રવર્તન-પ્રવહન શ્રીવલ્લભવંશજો દ્વારા અને તેમની આજ્ઞા મુજબ થવું જોઈએ, જ્યારે આધુનિક સમ્પ્રદાયનો શ્રીમન્તશિષ્યવર્ગ ગુરુવર્ગને પૂછવાની કે તેમની આજ્ઞાની આવશ્યકતા જ નહીં સમજી ગુરુવર્ગ કે સમ્પ્રદાયના મૌલિક સિદ્ધાન્તોની પરવા કર્યા વિના રોક બે ઠોક પોતાની ઢબે અને માન્યતાએ સમ્પ્રદાયના વૈષ્ણવજનોનું ધાર્મિક સુકાન સંભાળતાં સમ્પ્રદાયમાં આગળ વધી રહ્યો છે. ફક્ત એટલું જ બાકી છે કે તેઓ હજુ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા કે અષ્ટાક્ષર

દીક્ષા આપવા સુધી આગળ વધ્યા નથી. પરન્તુ આવા લોકોને **સમ્પ્રદાયમાં પૂજાતા કેટલાક મુખિયાજીઓ, જૂજ શાસ્ત્રીઓ અને માં, બાપા, પ.ભ. સાક્ષાત્ દામોદરદાસજીના અવતાર, સાક્ષાત્ શ્રીવલ્લભ આવેશી** વગેરે નામે પોતાનો ઈલાયદો ચોકો ચલાવનારા સ્વાર્થી તત્ત્વોનું આ શ્રીમન્તોને તેમના ઢબે સમ્પ્રદાય હંકારવામાં સમર્થન છે. (**સ્પષ્ટતા -** અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે આજે સમ્પ્રદાયમાં શાસ્ત્રીજી પ્રદ્યુમ્નભાઈ, શાસ્ત્રીજી યોગેશભાઈ, શાસ્ત્રીજી રેવાશંકરજી, શાસ્ત્રીજી ઉદયનભાઈ, શાસ્ત્રીજી વ્રજેશકુમારજી, શાસ્ત્રીજી અમૃતરામ વગેરે જેવા બીજા પણ ઘણા બધા શાસ્ત્રીજીઓ આજે પણ તેઓ શ્રીવલ્લભકુલમાં પૂર્ણ શ્રદ્ધાવાળા અને તેમના પ્રત્યે પૂર્ણ આદરનો વ્યવહાર રાખી વર્તનારા છે, તેથી શાસ્ત્રીજીઓ એમ કહેવાથી દરેકને માટે આમ સમજવાનું નથી), તેથી કરીને અમે ગુરુજનોથી ત્રસ્ત છીએ એવા બહાના હેઠળ આ અગ્રણીઓ પૂર્વોક્ત માઓ-બાપાઓ-ભગવદીયો વગેરેને પૂર્ણ સમર્થન આપી તેમનામાં છુપાઈને રહેલી ગુરુ થવાની ઈચ્છાને પોષતા અને વધારતા હોય છે. આ પરિસ્થિતિમાં આ લોકો ધીરે-ધીરે ગુરુકાર્ય સંભાળવા તરફ તેઓ પોતાના એક-એક કરીને પગ આગળ વધારતા જઈ રહ્યા છે.

વલ્લભકુલને તો હવે માત્ર કાંચન અને કામિની સાથે જ લાગે-વળગે છે, એમને ઠાકોરજીની કે શ્રીવલ્લભની કંઈ પડી જ નથી, હવે તો એમનું ગુરુપણું કેવળ ધંધાર્થી ભેટ લેવા પૂરતું જ રહી ગયું છે, તેથી તેમની આજ્ઞામાં રહેવાથી તો વૈષ્ણવનું મહાન અકલ્યાણ જ થાય, એનાં કરતાં તો વલ્લભકુલ સામે મળે તો પ્રણામ કરી લેવા બાકી વધુ સમ્બન્ધ તેમની સાથે રાખવો નહીં, વૈષ્ણવનું તો આ માર્ગમાં કલ્યાણ ભગવદીય - તાદશી વૈષ્ણવો સાથે સત્સંગ કરવાથી કે પછી તેમની સેવા ટહેલ કરવાથી જ થઈ શકે, શ્રીહરિરાય મહાપ્રભુએ પણ શિક્ષાપત્રમાં તાદશી ભગવદીયો સાથે સત્સંગ કરવાનું જ કહ્યું છે વગેરે વગેરે શબ્દોમાં આધુનિક માઓ-બાપાઓ આજની ભોળીભાળી વૈષ્ણવજનતાને ગળે ઠુંસી ઠુંસીને ઉતારવામાં સફળ નીવડ્યા છે અને તેના પરિણામે એવા સેંકડો-હજારોની માત્રામાં વૈષ્ણવો આવી ભ્રાન્ત વાતોમાં ભરમાઈ જઈ માઓ-બાપાઓને શરણે આત્મસમર્પણ કરી ચૂક્યા છે. એ વૈષ્ણવો આજે આ મા-બાપાઓ એમને જે માર્ગે જે રીતે દોરે છે તે માર્ગે તે રીતે દોરાઈ રહ્યા છે અને પોતાના સાચાગુરુ આ માઓ-બાપાઓને જ માની બેઠા છે. આ પૈકીના ઘણાં માંઓ, બાપાઓ, પ.ભ.ઓ, મુખિયાજીઓ અષ્ટાક્ષરમંત્રની દીક્ષા આપતા સાંભળવા મળે છે અને દબાતા પગલે કેટલાકો બ્રહ્મસમ્બન્ધની દીક્ષા પણ કેટલાક જૂજ લોકોને આપી હોય તેવું પણ સાંભળવા મળે છે. આહિસ્તા-આહિસ્તા આ વ્યાપ આગળ વધશે તેમ દેખાઈ રહ્યું છે.

આવા જ **પ.ભ.** નો એક મારો અનુભવ પ્રસ્તુત કરું - એક વખત એક લગ્નમાં મુંબઈ વૈષ્ણવને ત્યાં જવાનો પ્રસંગ આવ્યો. હું તે અર્થે એક દિવસ પૂરતો વડોદરાથી મુંબઈ ગયો હતો. જે ભાઈના ઘરમાં લગ્નપ્રસંગ હતો તે ભાઈના ઘરમાં છેલ્લા એક માસથી એક **પ.ભ.બાપા** આવી ઉતર્યા હતા અને તેઓ ઘરે ઘરે ફરી અથવા ક્યાંક એક સ્થળે બધાને ભેગા કરી સત્સંગ કરાવતા હતા. તે ઘરના એક સભ્યથી તેમજ તેમના સત્સંગી સભ્યથી મને જાણવા મળ્યું કે બાપાએ ગઈકાલે સત્સંગમાં જણાવ્યું કે આપણે લગ્ન વગેરે પ્રસંગોમાં વલ્લભકુળને પધરાવીએ અને તેઓ શ્રીઠાકોરજીની સેવા છોડી પધારે તો તેથી બોલાવનાર વૈષ્ણવ અપરાધમાં પડે છે, તેથી તમારે આવા ટાંકણે કોઈક ભગવદીય વૈષ્ણવને બોલાવીને તેમનાં આશીર્વાદ મેળવીને સન્તોષ કરવો જોઈએ. સાંજે ચાર વાગે હોલમાં લગ્નમાં હું પહોંચ્યો ત્યારે તે બાપા પણ પહેલેથી જ પહોંચી ગયા હતા. મેં તેમને પાસે બોલાવી બધાના વચમાં જ સીધો જ પ્રશ્ન કર્યો કે વલ્લભકુળને પધરાવવાથી જે કારણે વૈષ્ણવને અપરાધ પડે છે તો તમે તમારા ઠાકોરજીની સેવા છોડી છેલ્લા મહીનાથી આ ભાઈના ઘરે ધામા નાખ્યા છે તો આ ભાઈને તો કેટલો બધો મહાઅપરાધ નહીં મહા-મહા-મહા અપરાધ પડ્યો હશે ? તો કમસે કમ હવે તેઓ વધુ અપરાધી ન થાય તે માટે આ વૈષ્ણવ પર કૃપા વિચારીને તમે અહીંથી ક્યારે તમારા બોરા-બિસ્તરાં બાંધો છો ?

એક બીજો અનુભવ પણ એક બીજા **પ.ભ.** થી થયો. અમારી પૂના પાસે લોનાવાલા ખાતે ૬ દિવસની શિબિરનો કાર્યક્રમ હતો. એ શિબિરમાં વડોદરાનાં જ એક **પ.ભ.** પણ આવ્યા હતા. બીજા લોકોથી જાણવા મળ્યું કે શિબિરાર્થીઓનો અલગ અલગ રૂમોમાં મૂકામ હતો તે - તે રૂમોમાં પેલા **પ.ભ.** સત્સંગ કરવાના

નામે પહોંચી જતાં અને વાત-વાતમાં જણાવી દે કે આપણે આપણે ત્યાંના લગ્નપ્રસંગમાં વલ્લભકુળના હાથે હસ્તમિલાપ કરાવવો જોઈએ નહીં, કારણ કે વલ્લભકુળના હાથે હસ્તમિલાપ કરાવ્યો હોય અને ત્યાર પછી બન્ને જણાં લડી-ઝઘડીને છુટ્ટા પડી જાય - છુટાછેડા લઈ લે તો તેથી વલ્લભકુળ વગોવાય કે એમના હાથે હસ્તમિલાપ કરાવ્યો અને આ પરિણામ થયું.

એક બીજો પણ દાખલો છે કે - વડોદરામાં જ એક મોટા-પ્રસિદ્ધ **પ.ભ.** હતા અને પૂર્વમાં લખી ગયો તેમ તેમના ઘણા આજ્ઞાંકિત વૈષ્ણવો હતા. એમણે પોતાના આજ્ઞાંકિત વૈષ્ણવોને ફરમાન કર્યું કે ‘શ્રીમહાપ્રભુજી ષોડશ ગ્રન્થમાં લખે છે કે **‘कृष्णसेवा सदा कार्या’** તેથી વૈષ્ણવોએ ભૂલે પણ સેવામાં એક દિવસ પણ ખાલી પાડવો નહીં. ભલે સૂતક-વૃદ્ધિ વગેરે આવે અથવા બહેનો પિરિયડમાં (રજસ્વલા) આવે તો એ તેમણે યથાવત્ સેવા કરતાં આવ્યા હોય તેમ ભગવત્સેવા કરતાં જ રહેવું. સૂતક, વૃદ્ધિ, રજસ્વલાધર્મ વગેરે બાબતો ધર્મશાસ્ત્રમાં લખેલી છે અને તે સિદ્ધાન્ત વૈદિક છે, જ્યારે આપણો સમ્પ્રદાય તો વેદથી પર છે અને આપણાં ઠાકોરજી પણ લોક-વેદાતીત છે. તેથી આપણા સમ્પ્રદાયના વૈષ્ણવોને વેદના- ધર્મશાસ્ત્રના કાયદાઓ લાગુ પડી શકતા નથી. આજ્ઞાંકિતોમાંથી કોઈએ પૂછ્યું કે પણ આથી અમને પાપ લાગે તો ? એમણે કહ્યું તમને જે પાપ પ્રાપ્ત થાય તે બધું મારા માથા ઉપર, પણ તમે તો શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું જ (**सेवा सदा कार्या**) પાલન કરો.

આવા બીજા પણ અનેક અનુભવો પ્રસંગો છે. આ બધાથી એ સમજી શકાય છે કે **‘निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः’** તેમજ **‘अतः स्थेयं हरिस्थाने तदीयैः सहतत्परैः’** વગેરે વચનોથી શ્રીમહાપ્રભુ ભક્તિ સાધનામાં જે સહયોગી સાધન તરીકે તાદશી વૈષ્ણવોની ઉપયોગિતા જણાવે છે એ સાધન પણ આ રીતે સન્દેહવાળું બની ગયું છે કે કોને તાદશી માનવા અને કોને ન માનવા. ભલે એમ કોઈ કહેતું હોય અને એ સત્ય પણ હોય કે વૈષ્ણવોના - ભગવદીયોના અને ગુરુજનોના દોષ ન જોવા, પરન્તુ એ પણ એટલું જ સત્ય છે કે જાણ્યા-સમજ્યા વિના ઉતાવળે કોઈને ભગવદીય માની અથવા તો એમનામાં બે-ચાર વાતો ભગવદીય જેવી દેખાતી હોય તેટલું માત્ર જોઈને સંગ પણ કરાય નહીં. કારણ કે સંગનો રંગ ચડ્યા વિના રહેતો નથી. બે લક્ષણ ભગવદીયના હોય અને બાવીસ વિપરીત હોય ત્યારે બે અંશ વૈષ્ણવતાના આવી ૨૨ અંશ વિપરીતતાએ અધઃપતન કારક આવી જાય તો સંગ કરનારની કેવી દશા થાય ? આવા તથાકથિત પરમ વૈષ્ણવ યા પરમ ભગવદીય તરીકે પોતાને પ્રસિદ્ધ કરેલાઓ માટે શ્રીવલ્લભાચાર્યચરણનો અભિપ્રાય આપણને ભાગવત તૃતીય સ્કન્ધ સુબોધિનીમાંથી જાણી શકાય છે કે -

‘लोकांश्च लोकानुगतान् पशूंश्च हित्वाऽऽश्रितास्ते चरणातपत्रम्’

શ્રીભાગવતના આ શ્લોકની સુબોધિની ટીકામાં - **मुख्या भगवद्भक्ताः त्रिधर्मा भवन्ति। प्रथम तो लोकान् त्यजन्ति, तदनु ते चरणातपत्रमाश्रिता भवन्ति, निरन्तरं च तादृशैः सह तथा भगवद्गुणगानं कुर्वन्ति यथा देहादीनामस्मरणं भवति । यद्येतन्मध्ये एकमपि न्यूनं भवेत्, न स वैष्णवो मुख्यः । यथा लोकास्त्यक्तव्याः, एवमेव भगवद्भक्ता अपि लोकानुगताश्चेत् त्यक्तव्या एव । लोकापेक्षयापि एते विशेष स्तक्तव्या इत्यत्र हेतुमाह - पशूनिति । अन्धश्चेत् कूपे पतति, युक्तं तत्; चक्षुष्मान् चेत् पतति स महानन्ध इति ज्ञेयम् । ..... । त एव भगवद्भक्ताः ये कथामृते पीयमाने देहधर्मरहिता भवन्ति । अमृतं च तदेव यद्देहधर्मनिवर्तकम् । येषां च निवर्तते त एव त्यक्तलोका भवन्ति, अन्येषां तदपेक्षाया विद्यमानत्वात् । वादस्तदैव अन्तस्तापं दूरीकुर्यात्; यदि चरणच्छायामाश्रितो भवेत् । यस्य च्छायान्तरेण धर्मनिवृत्तिः, अन्नादिना च क्षुन्निवृत्तिः, ते चेल्लोकानुगताः, पतिता एव; तदा उभयभ्रंशात्’**

ભાગવત :- હે પ્રભુ ! જે આપના ભક્તો લોકો અને લોકાનુગત પશુઓને ત્યાગી આપની ચરણચ્છાયામાં આશ્રિત થયેલા છે, તેઓ જેમાં આપનો ગુણાનુવાદ છે એવા વાક્ સમુદ્રમાં મન્થનથી પ્રકટ થયેલ જે કથામૃત છે તેના વડે

જ તેમના ક્ષુધા-પિપાસા- નિદ્રા-પ્રમાદ-આલસ્ય-કામ-લોભ વગેરે સકલ દેહધર્મથી નિવૃત્ત થયેલા હોય છે.'

સુબોધિની :- મુખ્ય ભગવદ્ ભક્તો ત્રણ ધર્મવાળા હોય છે. (૧) પ્રથમ તેઓ લોકોનો ત્યાગ કરે છે (૨) ત્યાર પછી તેઓ ભગવાનનાં ચરણછત્રનો આશ્રય કરે છે અને (૩) તેવા જ લોકો (લોકોને ત્યાગી ભગવાનનાં ચરણછત્રનો આશ્રય કરી રહેલાઓ) સાથે એવી રીતે નિરંતર ભગવાનના ગુણોનું ગાન કરે છે કે જેથી દેહ વગેરે સર્વ લૌકિક બાબતોનું સ્મરણ ન રહે. જો આ ત્રણ લક્ષણો પૈકી એક લક્ષણ પણ ઓછું હોય તો તે મુખ્ય વૈષ્ણવ નથી. જેમ સર્વ લોકો ત્યાગ કરવા યોગ્ય છે. તેમ ભગવદ્દ્ભક્તો પણ લોકાનુગત હોય (એટલે કે જેમના મન-બુદ્ધિ વગેરે લૌકિક વિષયમાં આસક્ત હોય) તો તેવા વૈષ્ણવો પણ ત્યાગવા યોગ્ય છે. (અર્થાત્ તેવાઓનો સંગ કરવો નહીં). બીજા લોકો કરતાં પણ આવા વૈષ્ણવો તો વિશેષ કરીને ત્યાગવા, કારણ કે આંધળો કૂવામાં પડે તો તે સમજી શકાય તેમ છે પણ ચક્ષુવાળા જો કૂવામાં પડે તો તે મહા અન્ધ છે એમ જાણવું. (પેલો આંખથી અંધ છે પણ આ તો મન-બુદ્ધિથી પણ અન્ધ છે)........ તે લોકો જ ભગવદ્દ્ભક્તો છે, જે લોકો કથામૃતનું પાન કરતાં દેહધર્મરહિત થાય છે. જેનાંથી દેહધર્મનું નિવર્તન થાય તે જ સાચા અર્થમાં અમૃત છે. જે લોકોને કથામૃતથી દેહધર્મનું નિવર્તન થાય છે, તે લોકો જ લોકત્યાગ કરનારા હોય છે, જે બીજાઓ છે તેમને તો લોકની અપેક્ષા વિદ્યમાન રહેલી હોય છે (તેથી તેઓ લોકત્યાગ કરી શકતા નથી). ભગવદ્દ્ગુણાનુવાદ ત્યારે જ તાપને દૂર કરે છે; જો ભક્ત ચરણચ્છાયામાં આશ્રિત થાય. જેની (ચરણછત્રસિવાયના) બીજા આશ્રયથી (નિદ્રા-પ્રમાદ-કામ વગેરે) ધર્મની નિવૃત્તિ થાય છે અને અન્ન વગેરેથી ભૂખ વગેરેની નિવૃત્તિ થાય છે, તેઓ જો લોકોનુગત (જેમના મન-બુદ્ધિ વગેરે લોકમાં પ્રવેશેલા-આસક્ત) હોય ત્યારે તો તેઓ પતિત થયેલા જ છે. આમ બન્ને તરફથી ભ્રષ્ટ થયેલા (બીજાઓના આશ્રયે જીવવું અને ઘાસ-પાંદડા જેવા અસાર લોકમાં આસક્ત થવું) હોવાથકી (તેવા લોકાનુગતો વાસ્તવમાં પશુ જ છે).

શ્રીમહાપ્રભુના ઉપર મુજબના અભિપ્રાયે જેમની આજે વૈષ્ણવોમાં

પહોંચેલા પરમ ભગવદીય તરીકેની ખ્યાતિ છે તેવાઓ પણ આજે પ્રાયઃ કરીને ભાગવત અને સુબોધિનીમાં કહેવાયેલ લોકાનુગત ભક્ત સદશ જ છે. આજના જે હરિસ્થાનો છે તેમાં નિવાસ કરનારા વૈષ્ણવોમાંથી જે લોકાનુગત ન હોઈ શ્રીમહાપ્રભુના શબ્દોમાં તાદશ, તદીય યા તત્પર હોય તેવાઓ સાથે અદૂર-વિપ્રકર્ષ સ્થિતિ કરીને ભગવત્સેવાની સાથે સાથે શ્રવણ-કીર્તનાદિ કરવામાં પણ આવાની સાથે કરવાથી જ લાભપ્રદ થાય છે અને આવા હીરાઓને પરખવાની જૌહરી દષ્ટિ આજે આપણી છે નહીં તેવી સ્થિતિમાં શ્રવણ-કીર્તનાદિ સાધનો પણ સન્દેહવાળા બની રહ્યાં છે.

ઉપરાન્ત સમ્પ્રદાયમાં એક આખો વર્ગ એવો તૈયાર થતો જઈ રહ્યો છે જે વલ્લભ સિવાય શ્રીનાથજી કે શ્રીગુસાંઈજી કોઈને પણ માનવા તૈયાર નથી, ત્યાં પછી એમનામાં વલ્લભકુળની પૂછ-અપેક્ષા હોય એ તો ક્યાંથી સંભવી શકે ? એ લોકોમાં એમનામાંના જ અગ્રણીઓ ગુરુકાર્ય સંભાળે છે અને પોતાની મેળે મનમાન્યા અને વ્યાકરણના પણ ઢંગ ઢડા વગરનાં વાક્યો ગોઠવી બ્રહ્મસમ્બન્ધ મંત્ર તૈયાર કર્યો છે અને તે મંત્રથી તે અગ્રણીઓ જ વૈષ્ણવોને બ્રહ્મસમ્બન્ધની દીક્ષા આપે છે. એ લોકોએ ઉપજાવેલો વિજ્ઞપ્તિ નામથી પ્રસિદ્ધ બ્રહ્મસમ્બન્ધ મંત્ર નીચે મુજબ છે -

विज्ञप्ति

सहस्र परिवत्सरमितकालजात जन्मजन्मान्तरीय विकृत सामग्र्यौ सम्बन्धात् कषायस्य अपरिपक्कदशायां मूलबीज दग्धत्वात्, सर्वत्र परिभ्रान्ता अपि न कोऽपि परमानन्द सम्बन्धिन्यो जाताः । येन तव स्वरूप विस्मरणात् तव वियोग जनित तापक्लेशानन्द तिरोभावः स्यात् तेन येन केन प्रकारेण तव प्राकट्यरहस्यं विचार्य मम जन्मजन्मान्तरीय देहेन्द्रियप्राण अन्तःकरणानि तद्धर्माश्च दाराऽऽगारपुत्राऽऽप्तवित्तेहापराणि आत्मना सह सर्वे अणुसामग्र्यौ सह त्वया अग्निना सह सम्बन्ध अंगीकार कर्तव्या । यथा प्रथम अग्नि सम्बन्धे सर्व दाह पर्यन्तं स्वयं एव अनुवर्तते

तथा मम जन्मबीजस्य अन्तिमत्व सिद्धयर्थं अस्मासु कृपा कर्तव्या ।
वल्लभ तवास्मि वल्लभ मम अस्ति ॥

આ લોકોએ આજ પદ્ધતિ ઉપર મધુરાષ્ટક પરથી જે ૧૧ શ્લોકનું સ્તોત્ર તૈયાર કર્યું છે તે પણ પઠનીય છે :-

वल्लभम् मधुरम् अधरम् मधुरम् अमृतम् मधुरम् स्पर्शनम् मधुरम् ।
पुष्टिस्थम् मधुरम् उत्थानम् मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ १ ॥
ज्ञानम् मधुरम् सोमम् मधुरम् यज्ञम् मधुरम् फलं मधुरम् ।
रसालं मधुरम् प्रकटनं मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ २ ॥
भूमौ मधुरौ चरणौ मधुरौ चंपौ मधुरौ अरण्यौ मधुरम् ।
सिञ्चनं मधुरम् प्राकट्यं मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ ३ ॥
दानि मधुरा लीला मधुरा ब्रह्मम् मधुरम् सम्बन्धम् मधुरम् ।
गुप्तम् मधुरम् शास्त्रम् मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ ४ ॥
भाष्यम् मधुरम् निबन्धम् मधुरम् षोडशम् मधुरम् भागवतम् मधुरम् ।
सुबोधनम् मधुरम् शसम् मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ ५ ॥
वरणम् मधुरम् वरेण्यम् मधुरम् सख्यं मधुरम् निवेदनम् मधुरम् ।
सुधाः मधुराः सेवकाः मधुरा वागधीशपतेरखिलम् मधुरम् ॥ ६ ॥
पुष्टिर्मधुरा भक्तिर्मधुरा दानं मधुरम् पानं मधुरम् ।
प्रहसितं मधुरम् विहरणं मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ ७ ॥
संयोग मधुरो वियोग मधुरो अनुग्रह मधुरो विप्रयोग मधुरो ।
सर्वोद्धार मधुरो आचार मधुरो वागधीशपतेरखिलम् मधुरम् ॥ ८ ॥
निष्ठा मधुरा शिक्षा मधुरा प्रीति मधुरा रीति मधुरा ।
स्वादनं मधुरम् आस्वादनं मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ ९ ॥

शुद्धं मधुरम् अद्वैतं मधुरम् ब्रह्मम् मधुरम् वादम् मधुरम् ।
स्वरूपम् मधुरम् प्रतिपादनम् मधुरम् वागधीशपतेरखिलम् मधुरम् ॥ १० ॥
अग्निं मधुरम् संन्यासं मधुरम् जलं मधुरम् प्रवेशनं मधुरम् ।
तेजपुजं मधुरो काशीघाट मधुरो वागधीशपतेरखिलम् मधुरम् ॥ ११ ॥

આ લોકો તો વલ્લભકુલને ગણકારતાં જ નથી અને સ્વયં જ ગુરુકાર્ય સમ્પન્ન કરે છે પણ આ પ્રકારમાં તથાકથિત ભગવદીયો તથા બે ચાર મુખિયાજીઓ તથા એક બે વિદ્વાનો દ્વારા પણ કદાચિત્ ક્યાંક દબ્યા પાંવ ગુરુકાર્ય થયું સાંભળવામાં આવે છે.

લોકો અજાણ્યા છે અને બહુ જાણવાનો પ્રયત્ન કરે તેવા ઉદ્યમશીલ પણ નથી અને તેમની આ મનોદશાનો લાભ લેનારાઓની કતાર લાંબી થતી જઈ રહી છે. જો આ સ્થિતિનું કારણ તપાસવામાં આવે તો સમ્પ્રદાય જેમ જેમ જુદા જુદા વાડાઓમાં વહેંચાતો જઈ રહ્યો છે અને તે વાડાઓ પણ વ્યવસ્થાકીય સ્વરૂપમાં સીમિત ન રહેતાં અંગત ઈર્ષ્યા-રાગદ્વેષ વગેરેના સાહિત્યે પરસ્પર વૈમનસ્યના આધાર પર એકબીજાથી સમ્બન્ધ નહીં રાખી સ્વતંત્રરૂપમાં વિસ્તરી રહ્યા છે તેનાં પરિણામે સામ્પ્રદાયિક સંગઠનાત્મક જે સ્વરૂપ ઉપસવું જોઈએ તે ઉપસી શકતું નથી અને તેનાં દુષ્પરિણામે પૂર્વોક્ત ભગવદીયોનાં નામ પર બની બેઠેલા મહાપાંખડીઓનું પ્રભુત્વ જામતું જઈ રહ્યું છે. આ મહાપાંખડીઓ ભાવ-ભાવનાના નામ પર જે મહાપ્રભુ, શ્રીપ્રભુચરણ કે પ્રાચીન આચાર્યોના ક્યારેય માન્ય ન થઈ શકે તેવા સિદ્ધાન્ત વિહોણા જ નહીં અપિતુ અધઃપતનના માર્ગે લઈ જનારા ભાવો અને ભાવનાઓ બતાવી -મગજમાં ઠસાવી પોતાનો સ્વાર્થ અને પોતાની મહાવિકરાળ વાસનાઓનું જ પોષણ કરતા હોય છે.

દુઃખની વાત તો એ છે કે દીર્ઘદષ્ટિના અભાવે અથવા તો અંગત સ્વાર્થ વગેરે વૃત્તિઓએ જેમની દીર્ઘદષ્ટિ ટૂંકાવી નાંખી છે તેવા કેટલાક અગ્રણી જવાબદાર અને પ્રભાવશાળી લોકો પણ સીધી કે આડકતરી રીતે આવા લોકોને અને તેમની પ્રગટ કરેલી ભાવનાઓને પોષતા હોય છે. આવા લોકોના સમર્થનથી

આ પાંખડીઓની જડ વધુ અંદર ઉતરી મજબૂત બને છે.

ઉપરાન્ત પાછળથી અસ્તિત્વમાં આવેલી કેટલીક સિદ્ધાન્ત વિપરીત વિકૃત પદ્ધતિઓએ પણ આવા લોકોને પ્રોત્સાહિત કરવામાં ઘણો ભાગ ભજવ્યો છે. જેનો નમૂનો આજથી થોડા વખત પહેલાં વ્રજના એક સ્થળમાં થયેલ શ્રીમદનમોહનજી અને સ્વામિનીજીના વિવાહનો મનોરથ જેમાં શ્રીમદનમોહનજીની બરાત મુંબઈથી રેલ મારફત નીકળી હતી તેવા ભવાડા ભર્યા મનોરથો અથવા તો સાંભળવા મુજબ ગત અધિકમાસમાં એક પ્રસિદ્ધ સ્થળે શ્રીમહાપ્રભુજી અને તુલસીના વિવાહનો ભવાડાભર્યો મનોરથથી જોઈ-જાણી શકાય છે. ખરેખર આ પાખંડીઓનું સ્વરૂપ નૃસિંહતાપિની ઉપનિષદ્‌માં કહ્યા મુજબ ‘**जीवेशावाभासेन करोति...**’ પ્રકારના સાક્ષાત્ મહામાયા સ્વરૂપો જ છે અને તેવાઓને અનુસરનારાઓ ‘**मायेत्यसुराः**’ શ્રુતિવાક્ય મુજબના આસુરી લોકો યા આસુરાવેશી યા ચર્ષણીશબ્દવાચ્યથી પુષ્ટિમાર્ગમાં ભૂલથી પેસી ગયેલા જીવો જ છે, અન્યથા આ માર્ગમાં આવી શ્રીમહાપ્રભુ અને તેમના સિદ્ધાન્તોનો સાચો આશ્રય છોડી આવા પાખંડીઓને શા માટે અનુસરે ? આવા પાખંડીઓ એ જ પોતાની પાપલીલાઓને પોષવા આ સમ્પ્રદાયમાં મીઠું - મીઠું બોલીને ‘**પ્રગટ પુરુષોત્તમો, પ્રગટ સાક્ષાત્ કૃષ્ણો, પ્રગટ દામોદરદાસો અને સાક્ષાત્ ગોપીઓ**’ના ઝુંડના ઝુંડ તૈયાર કર્યા છે. શ્રીકૃષ્ણના સમયમાં એક મિથ્યાવાસુદેવ અને એક બકાસુર હતો પણ આજે તો કેટલાયે ‘**મિથ્યાપુરુષોત્તમો, મિથ્યાકૃષ્ણો, મિથ્યાદામોદરદાસો, મિથ્યા ગોપીઓ**’ની લાંબી કતાર વિરાટ કાયમાં પ્રસરેલી જોવા મળે છે. ખરેખર આજે પરમ આવશ્યકતા પુરુષોત્તમત્વની નહીં પરન્તુ સર્વોત્તમ સ્તોત્રસ્થ ‘**श्रीकृष्णज्ञानदः, गुरुः, भुविभक्तिप्रचारैककृतेस्वान्वयकृत्, श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः, साकारब्रह्मवादैकस्थापकः, जनशिक्षाकृतेकृष्णभक्तिकृत्, उग्रप्रतापः, स्वदासार्थकृताशेषसाधनः, ब्रह्मवादनिरूपकः**’ વગેરે શ્રીમહાપ્રભુનાં જે નામો છે તેને આજે તેઓશ્રીના વંશજો દ્વારા ચરિતાર્થ થતા જોવામાં આવે એ પરમાવશ્યક છે. આજે પણ શ્રીમહાપ્રભુના કુલમાં ઉપર્યુક્ત નામોને સાર્થક કરી રહેલા સમર્થ વિદ્વાન્ અને ગુણી મહાનુભાવો વિદ્યમાન છે, પરન્તુ તેમનું એ સ્વરૂપ પ્રકટ રૂપમાં સમાજના વચમાં ઉપસે અને તેઓ આના અનુરૂપ વૈષ્ણવસંખ્યાને વધારે અને ‘**सर्ववादीनिरासकृत्**’ એ નામે ચરિતાર્થ કરતાં ઈતર માયાવાદ, શૂન્યવાદ, સ્યાદ્ વાદ વગેરે વાદોના નાશની સાથે-સાથે ઉધઈની માફક આ સમ્પ્રદાયને ફોલી ખાઈ રહેલા એવા ‘**મોડકાવાદ, મિથ્યા લીલાવાદ, અંગીકારવાદ, મિથ્યા-પુરુષોત્તમવાદ, મિથ્યા ભાવનાવાદ, મિથ્યા પ.ભ.વાદ, મિથ્યા ગોપીભાવવાદ, મિથ્યા શ્રીમન્તચાપલૂસીવાદ**’ વગેરે અનેક મિથ્યાવાદોરૂપી ઉધઈનો અથવા તો મિથ્યાવાદ રૂપી અન્ધકારનો નાશ કરી સમ્પ્રદાયને પુનઃ પોતાના મૂલપ્રકાશિતરૂપમાં સ્થાપે એ પ્રથમ અને મુખ્ય આવશ્યક છે.

શ્રીમહાપ્રભુ ભક્તિવર્દ્ધિની ગ્રન્થમાં ભક્તિના બીજભાવની દ્ઢતાને અર્થે ત્રણ સાધનો નિર્દેશે છે (૧) ત્યાગ, (૨) શ્રવણ, (૩) કીર્તન. આમાં પ્રથમ નિર્દિષ્ટ ત્યાગ બાબતમાં તૃતીયલાલજી શ્રીબાલકૃષ્ણજી લખે છે ‘**त्यागस्तु भगवच्चरणारविन्दप्राप्त्यर्थं सवासनगृहादिविस्मृतिः**’ અર્થાત્ ત્યાગ એટલે ભગવચ્ચરણારવિન્દની પ્રાપ્તિ અર્થે વાસના સહિત ગૃહાદિની વિસ્મૃતિ થવી છે, ચતુર્થલાલજી શ્રીગોકુલનાથજી લખે છે - ‘**त्यागात् एतन्मार्गीयातिरिक्तसाधनत्यागात्**’ અર્થાત્ - ત્યાગ એટલે પુષ્ટિમાર્ગમાં જણાવેલા ભગવદ્ ભક્તિના સાધનો સિવાયનાં અન્ય સર્વ સાધનોનો ત્યાગ કરવો છે, પંચમ લાલજી શ્રીરઘુનાથજી લખે છે ‘**भगवदतिरिक्तविषयत्यागात्**’ અર્થાત્ - ભગવાનના વિષયને છોડીને પોતાનાં જીવનમાંથી સર્વ વિષયોને ત્યાગવા છે, શ્રીકલ્યાણરાયજી લખે છે ‘**पुष्टिमार्गविरोधिन्योऽन्यभजनादेस्त्यागात्**’ અર્થાત્- અન્યભજન વગેરે પુષ્ટિમાર્ગ વિરોધી (જેનાં આચરણથી પુષ્ટિમાર્ગથી વિરોધ આવતો હોય તેવી) બાબતો ત્યાગવી. આ પ્રમાણે સંસારસ્મરણનો ત્યાગ, અપુષ્ટિમાર્ગીય એટલે કે અન્યમાર્ગીય સાધનોનો ત્યાગ, ભગવાન કે ભગવત્સમ્બન્ધી વિષયો સિવાયના સ્વ-પર કે અન્ય સર્વ સમ્બન્ધી લૌકિક-અલૌકિક વિષયોનો ત્યાગ અને પુષ્ટિશરણ - પુષ્ટિભક્તિને બાધ થાય તેવી સર્વ બાબતોનો ત્યાગ આમ પ્રાચીન આચાર્યો

જણાવે છે.

ઉપર મુજબના અર્થો પર વિચાર કરતાં એટલું સ્પષ્ટ થાય છે કે ત્યાગ એટલે કે છોડવું એ અન્યમાર્ગોમાં પણ કહેવાયું છે તથા સાધારણ ચાલુ વ્યવહારમાં પણ લોકો કોઈને કોઈ રૂપમાં પદાર્થ ત્યાગતા હોય છે, તેમ છતાં પણ તે ત્યાગમાં હેતુઓ જુદા-જુદા હોય છે અને તે ત્યાગનું સ્વરૂપ પણ અલગ હોય છે. જેમ કે ત્યાગના હેતુમાં કોઈ મોક્ષ મેળવવા ત્યાગ કરે છે, કોઈ પાપભયે કે પુણ્યપ્રાપ્તિ અર્થે ત્યાગ કરે છે, કોઈ ઈતર કિલષ્ટ સાધનો આચરવામાં પોતાની અશક્તિ જોતાં ત્યાગને હિતકર માની ત્યાગ કરે છે, કોઈ ઓછું ત્યાગી વધુ મેળવવા ત્યાગ કરે છે, કોઈ યશ-પ્રતિષ્ઠા મેળવવા ત્યાગ કરે છે, કોઈ શરમાશરમી લોકભયે ત્યાગે છે, કોઈ ધર્મને અર્થે ત્યાગે છે, કોઈ કર્મને અર્થે ત્યાગે છે આમ અનેક પ્રકારના ત્યાગમાં હેતુ જોવા મળે છે. તેવી જ રીતે કોઈ ઠેકાણે મનથી ત્યાગી ક્રિયામાં ત્યાગ નથી હોતો, ક્યાંક ક્રિયાથી ત્યાગી મનમાં ત્યાગ નથી હોતો, ક્યાંક ક્રિયાથી ત્યાગ કરી નિષિદ્ધાચરણ પ્રવૃત્ત હોય છે, તો કેટલાક લોકો પોતાની ગૃહમાં સ્થિતિ કરવામાં અત્યન્ત પ્રતિકૂલતાઓ જોતાં ગૃહત્યાગનો માર્ગ અપનાવતા હોય છે, આમ ત્યાગના ઘણાં બધાં સ્વરૂપો પણ જોવામાં આવે છે. શ્રીમહાપ્રભુ જે ત્યાગનો ભક્તિવૃદ્ધિના સાધન તરીકે નિર્દેશ કરે છે તેમાં ઉપર્યુક્ત હેતુઓ અને સ્વરૂપોનો સમાવેશ થતો નથી.

શ્રીમહાપ્રભુ નિર્દિષ્ટ ત્યાગ એ અન્ય સર્વથી વિલક્ષણ અને સ્વતંત્ર પ્રકારનો છે અને એ જ ત્યાગ પુષ્ટિભક્તિની વૃદ્ધિમાં ઉપયોગી થઈ શકે છે. શ્રીકૃષ્ણ જ એક માત્ર પોતાની આસક્તિનો વિષય હોય અને કૃષ્ણસેવા જ એક માત્ર જીવનનો હેતુ હોય એવું શ્રીમહાપ્રભુને સમ્મત પોતાનું જીવન ઘડતર કરવાનો મનમાં દઢ સંકલ્પ થઈને તે મુજબનું જીવન ઘડવામાં જે કોઈ કારણો રુકાવટ બનતા હોય તે-તે કારણોમાં પોતે અનાસક્ત રહી તેનો-તેનો ત્યાગ કરતા જવું એ ત્યાગ પુષ્ટિમાર્ગીય ત્યાગ છે. કૃષ્ણથી અન્ય બાબતે અને કૃષ્ણસેવાથી ઈતર હેતુ સ્વરૂપનો ત્યાગ અન્ય માર્ગોમાં નિર્દેશાયેલો છે, જ્યારે માત્ર કૃષ્ણને જ લઈને માત્ર કૃષ્ણસેવાના હેતુથી કરાતો ત્યાગ પુષ્ટિમાર્ગીય ત્યાગ છે. શ્રીવલ્લભાચાર્યચરણ

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોમાં અન્ય કરતાં આજ વિશિષ્ટ વિલક્ષણતા છે કે તેઓશ્રીએ નિર્દેશેલા - પ્રતિપાદન કરેલા કોઈ પણ સિદ્ધાન્તોની બાબતનો આધાર એક માત્ર કૃષ્ણ અથવા કૃષ્ણસેવા જ છે. શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તરૂપી કેમેરામાંથી કૃષ્ણ સિવાય બીજું કોઈ ચિત્ર ઉપસતું નથી, અતઃ તેઓશ્રીના સિદ્ધાન્તો જેમની બુદ્ધિમાં સારી રીતે સ્થિર થયેલા છે તેની બુદ્ધિનું એંગલ જ એવી રીતે ગોઠવાઈ જાય છે જેમાં મારું-તારું કે પેલાનું ચિત્ર જ હોતું નથી; માત્ર એક શ્રીકૃષ્ણ જ હોય છે. અતઃ એના વિચારો, એની ભાવનાઓ, એનું ચિન્તન, એની ઈચ્છાઓ, એની ક્રિયાઓ વગેરે સર્વ એકમાત્ર કૃષ્ણ હેતુક જ બની રહે છે.

શ્રીઆચાર્યચરણથી લઈને ઘણા લાંબાકાળ સુધી બલ્કે પાછલાં સો વર્ષો પહેલાં સુધી એમ જોવામાં આવે છે કે આ સમ્પ્રદાયનો શિષ્યવર્ગ એમાં ઘણા બધા એવા વૈષ્ણવો જોવામાં આવતા હતા જેમનું જીવન એકમાત્ર કૃષ્ણસેવા હેતુક જ હતું. શિષ્યવર્ગનો કોઈ પણ વ્યક્તિ આ સમ્પ્રદાયમાં આવી જેમ-જેમ ઊંડાણમાં ઉતરતો જતો તેમ-તેમ તે સંસારાસક્તિમાંથી પાછો વળી કૃષ્ણસેવામાં વધુને વધુ આસક્ત બનતો જતો હતો. તેનાં પરિણામે પ્રાયઃ કરીને આ સમ્પ્રદાયના વૈષ્ણવોનાં ઘરો અષ્ટયામ કૃષ્ણસેવાવાળા હતા અને સમ્પૂર્ણ પરિવાર કૃષ્ણસેવામાં પરોવાઈને રહેતો હતો. તેમના આચાર-વિચાર, તેમની જીવનશૈલી, તેમનું રહન-સહન, તેમનું આવાગમન વગેરે બધું જ કૃષ્ણસેવાને અનુકૂલ થઈને રહેતું હતું.

એ સમય એવો હતો જ્યારે સમ્પ્રદાયનો ગુરુવર્ગ- ગોસ્વામી મહાનુભાવોને ત્યાં અનેક વૈષ્ણવો તરફથી વારંવાર છાશવારે એમને ઘરે પધારવાની અને શ્રી... ને આરતી ઉતારવાની વિનન્તીઓ થતી રહેતી કે આજે અમારે ઘરે શ્રી... નો અમુક પ્રકારના પલનાનો કે અમુક પ્રકારના હિંડોળાનો મનોરથ છે,આજે અમારે ત્યાં ખસખાનાનો કે ફૂલમંડળીનો મનોરથ છે, આજે અમારે ત્યાં અન્નકૂટ છે. આમ અનેક પ્રકારના વિવિધ સુન્દર, ભવ્ય અને કલાત્મક મનોરથો વૈષ્ણવો પોતાને ઘરે કરતા જ રહેતા અને તેમનાં દૈવી દ્રવ્યનો આ રીતે શ્રીપ્રભુની સેવામાં વિનિમય થતો રહેતો અને એમના ઘરે આવી સુન્દર સેવા અને એમની શ્રીપ્રભુમાં આવી આસક્તિ-ભક્તિ જોઈ ગુરુવર્ગ અતિશય પ્રસન્ન થતો અને તેવા વૈષ્ણવો ગોસ્વામી

મહાનુભાવોના નિજ-અંગત-કૃપાપાત્ર બનતા હતા. આ વૈષ્ણવો કૃષ્ણસેવાર્થે સમય, દ્રવ્ય, લોકાસક્તિ અને ઈતર બાબતોને મનમાં કોઈ પણ પ્રકારના કચવાટ વિના ત્યાગતા હતા અને તેથી જ તેઓ સેવાનો આનંદ અથવા તો સેવામાં આનન્દ માણી શકતા હતા.

છેલ્લા સો વર્ષમાં જેમ-જેમ કાળ વીતતો ગયો અને ઉપરની પેઢીના લોકો પરવારતા ગયા અને નવી પેઢીના લોકો ગોઠવાતા ગયા તેમ-તેમ વૈષ્ણવસમુદાયમાં જે ભગવત્સેવાપ્રિયતા હતી અને તેમના મનની ભગવત્સેવામાં જે આસક્તિ યા વ્યસન સિદ્ધ હતા તેમાં ઘટાડો થતો ગયો, સેવાક્રમ ઘટતો ગયો અને છેવટના પરિણામમાં વૈષ્ણવ ઘરોમાં સેવામાં બિરાજતા ભગવત્સ્વરૂપો ગુરુગૃહોની ગ્વાલમંડળીમાં બિરાજતા ગયા અને વૈષ્ણવગૃહો જે એક પ્રકારનાં કૃષ્ણમન્દિરો હતા તે તે મટતા ગયા અને વૈષ્ણવઘરો ભગવત્સ્વરૂપ - સેવા વિહોણા બનતા ગયા.

છેલ્લાં કેટલાંક વર્ષોથી - છેલ્લા ૫ થી ૭ દાયકાથી સમ્પ્રદાયમાં જે પરિવર્તનનો પવન ફૂંકાયો છે તેમાં માથાની ગણત્રી પ્રમાણે - પ્રકારે શિષ્યવૃદ્ધિ પર વધુ જોર જોવા મળે છે, પરન્તુ શિષ્યો વડે વૈષ્ણવતાનું આચરણ કરાવવાનો આગ્રહ ઘણે અંશે ઘટેલો નહીંવત્ જોવા મળે છે. બલ્કે ગઈકાલે જેમને સમ્પ્રદાય વૈષ્ણવ તરીકે જ સ્વીકારવા તૈયાર ન હતો તેવાઓનું આજે વૈષ્ણવ અગ્રાણીઓમાં સ્થાન-માન જોવા મળે છે. આનાં કારણને તપાસવામાં આવે તો આ સમ્પ્રદાયમાં જ્યારથી બહુ જનની સુવિધાનો વધુ પડતો વિચાર કરવાનું આરંભાયું અને તેમની અનુકૂલતા પ્રમાણેનાં પરિવર્તનો સમ્પ્રદાયમાં પ્રવેશતાં ગયાં તેમ-તેમ સમ્પ્રદાયમાં જનસંખ્યા વૃદ્ધિ થતી ગઈ અને અવ્યાવૃત્તપક્ષે કે વ્યાવૃત્ત પક્ષે જે પુષ્ટિભક્તિ-સેવાનિષ્ઠ વૈષ્ણવોની સંખ્યા હતી તે ઘટતી ચાલી ગઈ. કારણ કે તે પ્રત્યે અને તેને માટે જે લક્ષ્ય અપાવું જોઈએ તેનો અભાવ વર્તાતો ગયો.

ચાહે કોઈ પણ પ્રકારની સંસ્થા હોય, ચાહે કોઈ પણ રાજકીય પક્ષ હોય, ચાહે કોઈ પણ દેશની સેના હોય યા ચાહે કોઈ પણ ધાર્મિક સમ્પ્રદાય હોય, પણ જ્યારે તેમાં એકી સાથે-ઝડપથી બહુ સંખ્યજનોનો પ્રવેશ થાય છે ત્યારે તેની મૌલિકતાને કે તેનાં મૌલિક સ્વરૂપને હાનિ થયા વિના રહેતી નથી. આ પ્રકારની જ હાનિ આ સમ્પ્રદાયને પણ પ્રાપ્ત થઈ છે.

શિષ્યવૃદ્ધિની ઘેલછામાં ગમે તેવા પ્રકારના લોકોને, તેમની ગમે તેવી સ્થિતિમાં, તેમનામાં જરૂરી પરિવર્તન પરખ્યા વિના બહુમાત્રામાં સર્વ પ્રકારના લોકોને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાથી અને તેમનાં અનુકૂલ સાધનોને સ્વીકારવાથી અને તેમની અનુકૂલતા શ્રીમહાપ્રભુ નિર્દિષ્ટા પુષ્ટિભક્તિથી વિરુદ્ધ સ્વરૂપ અને સ્વભાવની હોવાથી શ્રીમહાપ્રભુ નિર્દિષ્ટ જે ત્યાગ, શ્રવણ, કીર્તન, વ્યાવૃત્તપક્ષે કૃષ્ણભજન, અવ્યાવૃત્ત પક્ષે કૃષ્ણભજન, જગન્નાથાદિ સ્થળોમાં નિવાસ, ભગવદીયસંગ, તીર્થસેવન, તીર્થ-ક્ષેત્ર ભ્રમણ, રાજોપચાર સેવા, સ્વસર્વસ્વ નિવેદન, ભગવન્નિવેદિત પદાર્થોનો ઉપયોગ, અસમર્પિત ત્યાગ, અન્યાશ્રય ત્યાગ, શ્રીભાગવત સેવન, સ્વકૃત નિવેદનનું સ્મરણ, ગુરુભક્તિ, સામિભુક્ત પદાર્થોનો સેવામાં અનુપયોગ, સ્ત્રી-પુત્રાદિની સેવામાં યોજના, સદાચાર પાલન, દાસધર્મના નિર્વાહે જીવનની સ્થિતિ, બહિર્મુખોનો ત્યાગ, ભગવદાશ્રય વગેરે જે સાધનો નિર્દેશાયેલા છે તે સાધનો પૈકી વ્યાવૃત્ત અવ્યાવૃત્ત પક્ષે કૃષ્ણભજન, જગન્નાથાદિ સ્થળોમાં નિવાસ, સ્વસર્વસ્વ નિવેદન, વગેરે સાધનોનો તો લોપ જ થયેલા જેવું દેખાય છે અને બાકીનાં સાધનોનું પુષ્ટિમાર્ગીય સ્વરૂપ લુપ્ત થઈ મર્યાદાભક્તિ-માર્ગીયનું પણ સ્વરૂપ રહ્યું નથી, બલ્કે સાધનો જેવું દેખાતું હોઈને પણ તે અસાધન જેવાં સાધનો બની રહ્યાં છે.

આધુનિક સમ્પ્રદાયમાં ભક્તિના નામ પર જે સાધનો પ્રવર્તી રહ્યાં છે તેને વિચારીએ તો : અષ્ટાક્ષર દીક્ષા, બ્રહ્મસમ્બન્ધ દીક્ષા, સાધારણ-સામયિકી ભગવત્સેવા, પુષ્ટિમાર્ગીય હવેલી - મન્દિરો, મંદિરમાં ફલ-ફૂલ વગેરેની સેવા, મંદિરોમાં મનોરથાદિ રૂપે વિત્તજા સેવા, ચમ્પારણ્ય-નાથદ્વાર-બેઠકોની યાત્રા - ટૂર, વ્રજયાત્રા, શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ વગેરેની જાહેર ઉજવણી, શ્રીભાગવત સપ્તાહ, ગુરુને દૂધઘર વગેરેની સામગ્રી અરોગાવવું વગેરે પ્રકારની તનુજા સેવા, ગુરુને પવિત્રા- દિવાળી વગેરે વિશેષ દિવસોએ કે પ્રતિદિન યા પધરામણી વગેરે પ્રકારે ભેટ-તપેલી કરાવવી વગેરે સ્વરૂપે વિત્તજા સેવા, પુષ્ટિમાર્ગીય સંસ્થાઓ

વગેરેમાં યથાશક્તિ-યથેચ્છ તનુજા-વિત્તજા સેવા, સમારોહપૂર્વક ભજન-કીર્તન દ્વારા સંકીર્તન ભક્તિ, જપ-પાઠ વગેરે નિયમથી કરવારૂપે સ્મરણ, ગુરુનાં વચનામૃતો, આધુનિક લેખકો દ્વારા લખાયેલ સરલ ગુજરાતીમાં - હિન્દીમાં પ્રકાશિત પુષ્ટિમાર્ગીય પુસ્તકો - માસિકપત્રો વગેરેનું અને તેમાં પણ ખાસ કરીને સિદ્ધાન્ત વિભાગ છોડીને સરળતાના નામ પર સાધારણ વાર્તા-પ્રહસન વગેરેનું પ્રાધાન્ય હોય તેવું વાંચન, એકાદશીવ્રત, શ્રાવણમાસ-ચતુર્માસ-અધિકમાસમાં લેવાતા નિયમો, દાન-પુણ્યાદિ, સિદ્ધાન્તના અનભિજ્ઞ વૈષ્ણવો કે જે પરમ ભગવદીયોના નામે પ્રસિદ્ધ છે એવા માઓ-બાપાઓ વડે ભક્તિ વિષયક માર્ગદર્શન, મન્દિરેથી યા ગુરુગૃહેથી સમાધાનમાં આવેલ ભગવત્ પ્રસાદનું સેવન, સામૂહિકરૂપમાં અષ્ટાક્ષર જપ-કીર્તન, સર્વોત્તમ સ્તોત્રાદિનો પાઠ, સાંપ્રદાયિક વિવિધ કલાઓ અંગે યોજાતી સ્પર્ધાઓ-શિબિરો વગેરે, સત્સંગ મંડળો, ભગવદ્વાર્તા, આવા બીજા પણ કેટલાક ઉલ્લેખી શકાય છે તેવાં સાધનો પ્રવર્તી રહેલાં આજે જોવામાં આવે છે.

આ ઉપર્યુક્ત પ્રવર્તી રહેલાં સાધનોમાં પ્રાયઃ કરીને શ્રીમહાપ્રભુ એક વૈષ્ણવને તેની સંસારી દશાથી ઉપર ઉઠાવી કૃષ્ણ સેવાપરાયણ ચિત્તની દશામાં જે રીતે લઈ જવા માંગે છે તેવી સાધના આ સાધનોથી સાધી શકાય તેમ દેખાતું નથી. જેમ શરીરમાં જે કારણથી રોગ ઉત્પન્ન થતો હોય તે કારણને કાયમ રાખી ઔષધ સેવન કરવામાં આવે તો પણ કંઈ વિશેષ લાભ થઈ શકતો નથી, બલ્કે કારણ મોજૂદ રહેતાં અને તેને પોષણ મળતાં રોગ વધુ ઘનિષ્ઠ-બલિષ્ઠ જ બનવાનો છે, તેવી જ રીતે જે કારણથી ભક્તિની વૃદ્ધિ અટકી છે તે કારણને હટાવ્યા વિના વૈષ્ણવની સાધનામાં જે બળ ઉત્પન્ન થવું જોઈએ તે નહીં જ થાય. પુષ્ટિમાર્ગમાં પ્રવેશ પામેલો કે પુષ્ટિમાર્ગમાં રહેલો કોઈ વૈષ્ણવ જો તે સતત પુષ્ટિભક્તિ વિરોધી દિશા તરફ દોડતો રહેશે યા પુષ્ટિભક્તિ વિરોધી દિશામાં તેનું જીવન વહેતું રહેશે તો તે કેમ કરીને પુષ્ટિભક્તિનાં લક્ષ્યને સિદ્ધ કરી શકશે ?

તેથી જ શ્રીઆચાર્યચરણ ભક્તિવૃદ્ધિના સાધનમાં પ્રથમ શ્રવણ-કીર્તનાદિને નહીં જણાવી પ્રથમ ત્યાગને ઉપદેશે છે અને એ ત્યાગનો પ્રકાર પણ

વ્યાખ્યાકારોના જણાવ્યા અનુસાર સંસાર સ્મરણનો ત્યાગ, અપુષ્ટિમાર્ગીય એટલે કે અન્યમાર્ગીય સાધનોનો ત્યાગ, ભગવાન કે ભગવત્સમ્બન્ધી વિષયો સિવાય સ્વ-પર કે અન્ય સર્વ સમ્બન્ધી લૌકિક-અલૌકિક વિષયોનો ત્યાગ, પુષ્ટિશરણ-પુષ્ટિભક્તિને બાધ થાય તેવી સર્વબાબતોનો ત્યાગ વગેરે પ્રકારે ત્યાગના અર્થમાં જણાવે છે. આ ત્યાગને વધુ સ્પષ્ટ રીતે વિચારવામાં આવે તો : અન્યાશ્રયનો ત્યાગ, અસમર્પિતનો ત્યાગ. વ્યર્થ આલાપ - વ્યર્થ બોલવાનો ત્યાગ, વ્યર્થ ક્રિયાનો ત્યાગ, વ્યર્થ ધ્યાન-ચિન્તનનો ત્યાગ (વ્યર્થ એટલે જેનો કૃષ્ણસેવામાં કોઈ ઉપયોગ ન હોય), વ્યર્થ ઈચ્છાઓનો ત્યાગ, વ્યર્થ વિચારોનો ત્યાગ, અભગવદીય સંગનો ત્યાગ, અભગવદીય સ્ત્રી, ગૃહ, પુત્ર, સ્વજન, વિત્તનો ત્યાગ, અભિમાન-અહંકારનો ત્યાગ, પ્રાર્થ્યભાવનો ત્યાગ, સર્વપ્રકારના ભયનો ત્યાગ, અન્યમાર્ગીય યોગાદિ સાધનોનો ત્યાગ, લેવાની- માંગવાની મેળવવાની વૃત્તિનો ત્યાગ, દુરાગ્રહનો ત્યાગ, ભગવાનમાં- ભગવાનના અનુગ્રહમાં - ભગવાનના સામર્થ્યમાં, સ્વગુરુમાં - ગુરુએ ઉપદેશેલા માર્ગ-સાધનમાં, પોતાના દ્વારા ગુરુના ઉપદેશે આચરાતા સાધનના ફલમાં, વગેરેમાં અવિશ્વાસનો ત્યાગ, ભગવત્સેવામાં આલસ્ય વગેરેનો ત્યાગ, ભગવાનમાં કે ભગવત્સમ્બન્ધમાં વિપરીત ભાવના-કલ્પના - કે વિચારોનો ત્યાગ, સર્વમાં કૃષ્ણભાવ રાખી અન્યમાં તિરસ્કાર વગેરેનો ત્યાગ, વિધર્મનો ત્યાગ, સ્વમાર્ગ વિરોધી દૂષિત પરંપરાગત નિયમ-વ્યવહાર - રીત-રિવાજ વગેરેનો ત્યાગ, ભક્તિમાર્ગ વિરોધી બાબતોના શ્રવણનો અને અવૈષ્ણવના મુખે શ્રવણનો ત્યાગ, ભગવદ્ ભજનમાં લજ્જાનો ત્યાગ, આમ હજુ પણ ત્યાગના પ્રકારોમાં ઘણું બધું સમાવી શકાય છે. ઉપર્યુક્ત બધા જ ત્યાગના પ્રકારો શ્રીમહાપ્રભુએ પોતાના જુદા-જુદા ગ્રન્થોમાં ઉલ્લેખ્યા છે જે વ્યાખ્યાકારોએ જણાવ્યા મુજબના ત્યાગના પ્રકારોનો અહીં સંગ્રહ કર્યો છે.

ઉપર્યુક્ત સ્વરૂપના ત્યાગની ભૂમિકા ઉપર જ ભક્તિની ઈમારત ચણી શકાય છે, આના વિના ભક્તિની એક ઈંટ પણ મૂકી શકાય તેમ નથી. મિશ્ર પુષ્ટિના અધિકારીઓમાં ચાહે મર્યાદા મિશ્ર પુષ્ટિ અધિકારી હોય ચાહે પ્રવાહમિશ્ર પુષ્ટિના અધિકારી હોય (**‘प्रवाहेण क्रियारताः, मर्यादया गुणज्ञास्ते’**) પરન્તુ તેમની ભક્તિવૃદ્ધિ અર્થે ત્યાગની આ ભૂમિકા તો જરૂરી છે જ. તેથી જ - આ ત્યાગના

અભાવે જ આજે વર્ષોની સેવા-શ્રવણાદિ કરીને પણ પોતાનામાં પુષ્ટિભાવનો અનુદય અનુભવતા હોય છે. અને એવી પરિસ્થિતિમાં જ પછી પુષ્ટિમાર્ગમાં જણાવેલા સેવા-શ્રવણ-કીર્તન વગેરે સાધનોમાં સંદેહ ઉત્પન્ન થાય છે કે શું ખરેખર આ સાધનો કૃષ્ણ પ્રેમનો હૃદયમાં ઉદય સાધવા સક્ષમ છે ? અને પછી માર્ગીય સાધનોમાં સંદિગ્ધચિત્ત બની પોતાનાં તન-મનની શુદ્ધિ અર્થે યોગાદિ સાધનો તરફ વૈષ્ણવો વળી જતા હોય છે.

શ્રીપુરુષોત્તમચરણનું અણુભાષ્યપ્રકાશમાં લખાયેલું વાક્ય એમ સૂચવે છે કે પૂર્વમાં આ સમ્પ્રદાય સંદેહરહિત એવાં સાધનોથી સમ્પન્ન હતો. સાધનમાં સન્દેહ એનાં ફલથી થાય છે. જે ફલ માટે જે સાધન કહ્યું હોય તે ફલ સાધન - આચરણ કર્યા પછીથી ન થઈ કંઈક બીજું જ ફલ થાય ત્યારે તે સાધન માટે મનમાં સંદેહ ઉત્પન્ન થાય છે કે શું ખરેખર આ સાધનથી આ ફલ થાય છે ? ત્યારે પૂર્વમાં જે ફલ માટે જે જે સાધનો કહ્યાં છે તેનાંથી તે તે ફલ થતાં હતાં અને તેથી તે સમયના વૈષ્ણવોમાં તે સાધનો પ્રત્યે કોઈ સંદેહ ન હતો. તેમજ સંદેહરહિત મનવાળા થઈને સાધનોનું આચરણ કરવાથી ઉત્તરોત્તર તેમનો ઉત્કર્ષ પણ સધાતો હતો જે ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં જોઈ શકાય છે. જેમ કે **‘तत्सिद्ध्यै तनुवित्तजा’** એમ ત્યાં માનસી સિદ્ધિના ફલ અર્થે તનુવિત્તજા સેવારૂપ સાધન કહ્યું છે તો તેઓ ચાહે ઉત્તમાધિકારી હોય, મધ્યમાધિકારી હોય કે ચાહે હીનાધિકારી હોય દરેક અધિકારવાળાઓને તેમના અધિકાર અનુસારની માનસી સિદ્ધ થતી હતી. જ્યારે આજે પચાસ વર્ષ સાયકલને પેડલ મારી ચલાવ-ચલાવ કરવા છતાં પણ સામેનું એક પણ દશ્ય બદલાયું ન હોય અથવા નવાં નિર્માણોથી દશ્ય બદલાઈ ગયું હોય પણ સાયકલનું સ્થળ બદલાયું ન હોય ત્યારે સંદેહ ચોક્કસ થાય કે ભાઈ પ્રયત્ન કર્યો છે - શ્રમ કર્યો છે છતાં પણ આગળ કેમ નથી વધી શક્યા ? શું કંઈ સાયકલમાં ખરાબી છે ? ત્યારે સારી રીતે તપાસતાં માલૂમ પડચું કે સાયકલમાં બધું જ બરાબર હતું તેમાં કોઈ ખોટ ન હતી, બધા જ પુર્જાઓ સહી સલામત છે પરંતુ આગળ ગતિ માટે આવશ્યક છે એ ચેન જ એનાં આંટામાંથી ઉતરેલી છે. એ ફરી પાછી ચઢાવવામાં ન આવે ત્યાં સુધી તે બધા જ સાયકલના પુર્જાઓ સલામત હોઈને પણ તેનો કોઈ અર્થ નથી. તેવી જ રીતે આજે પુષ્ટિસિદ્ધાન્ત શ્રૃંખલારૂપ ચેન શ્રીમહાપ્રભુ, શ્રીગોપીનાથચરણ, શ્રીપ્રભુચરણ, શ્રીગોકુળનાથજી, શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીવલ્લભજી, શ્રીગોપેશ્વરજી પ્રભૃતિ પ્રાચીન આચાર્યોના આંટામાંથી અથવા તે બધાઓ દ્વારા પ્રદર્શિતા પુષ્ટિપદ્ધતિરૂપી આંટામાંથી ઉતરી ગયેલી હોઈ અનુયાયી સાધકના જીવનમાં જે ગતિ થવી જોઈએ તે સાધનાચરણથી થયેલી જોવામાં આવતી નથી. આજ લેખનમાં પૂર્વમાં (પૃ. માં) આધુનિક સમ્પ્રદાયમાં સાધન તરીકે જાણવામાં આવતી બાબતો ઉપર જણાવેલ પ્રાચીન આચાર્યો દ્વારા પ્રદર્શિતા પુષ્ટિ પદ્ધતિના આંટામાં ફીટ બેસે છે કે નહીં તેનો જ વિચાર સર્વ સાધનો બતાવતાં પહેલાં કરવો જરૂરી છે. આધુનિક યુગ અનુસાર જે પણ પરિવર્તનો સ્વીકારવામાં આવે તેમાં પણ એવાં તો પરિવર્તનો ન જ લાવી શકાય કે જે શ્રીવલ્લભ-વિઠ્ઠલને અસંમત હોય. એઓશ્રીની સંમતિમાં રહીને જે થઈ શકતું હોય તેટલાં જ પરિવર્તનો સ્વીકાર્ય હોઈ શકે છે. જેમ કે તનુ-વિત્તજા સેવા એમાં યુગદૌર્બલ્ય ને વિચારી તનુજા પોતાના ઘરે કરવી અને વિત્તજા ગુરુગૃહે કે જાહેર મંદિરોમાં કરવી એવું પરિવર્તન શ્રીવલ્લભ-વિઠ્ઠલને કે પ્રાચીન મહાનુભાવોને માન્ય થશે ? યુગને જોતાં અને યુગના લોકોને જોતાં પુષ્ટિમાર્ગના નામ પર -પુષ્ટિ મન્દિરના નામ પર બહુજનહિતાર્થ- સમ્પ્રદાય પ્રચારાર્થ કે વૈષ્ણવોને સેવા-શિક્ષણાર્થ જાહેરમન્દિરોની યત્ર તત્ર સર્વત્ર ભરમાર કરવાની શ્રીવલ્લભ-વિઠ્ઠલ પરમિશન આપશે ? ધારો કે શ્રીગુસાંઈજીથી પણ અધિક પરમદયાળ થઈ કોઈ મહાનુભાવ આધુનિક શિષ્ય માટે મૂલમંત્ર બોલવો ક્લિષ્ટ થઈ પડે તો તેનો હિન્દી કે ગુજરાતી કે પછી વ્રજભાષામાં ભાષાંતરણ કરી તેનું ઉચ્ચારણ કરાવે તો તે સમ્પ્રદાયની માન્ય દીક્ષા કહેવાશે ? સેવાના હેતુ વિના પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા આપવાનો અધિકાર શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ કે શ્રીકૃષ્ણે કોઈને પણ આપ્યો છે ? કે પછી સાસુજીને પાણી પાવા કે નોકરોને રાખવા દીક્ષા આપવાનો અધિકાર કોઈને પણ આપ્યો છે ? કથાના પચીસ-પચાસ હજાર કે લાખ રૂપિયા ભાવ અગાઉથી ઠેરવી કથા કરનાર પાસેથી તેમની ભાગવતકથાનું આયોજન ગોઠવી અથવા તો અન્ય લૌકિક હેતુઓથી ભાગવતકથાનું આયોજન ગોઠવી તે વડે બધાને ભક્તિમાર્ગીય શ્રવણરૂપ સાધન કરાવવાનો શ્રીમહાપ્રભુ કે શ્રીપ્રભુચરણ ક્યારેય આદેશ આપશે ? પોતાની ઈચ્છા

આ માર્ગ માટે દેવ મંદિર બાંધવાની ન હોઈને પણ ભગવદિચ્છા જ વૈભવમાં બિરાજી ઘણા જીવોને કૃતાર્થ કરવાની છે તેમ જાણી શ્રીગિરિરાજજી ઉપર શ્રીજીનું શિખર-કલશ ધ્વજા સહિતનું દેવમંદિર સિદ્ધ કરાવ્યું તેમ આજે પ્રભુની તેવી જ ઈચ્છા છે એમ જણાવી અનેક જાહેરમંદિરો ખોલીને પ્રાચીન મર્યાદામાર્ગીય મંદિરોના નિયમોથી પણ આગળ વધીને માત્ર લોકેચ્છા પ્રમાણે મન્દિર સંચાલનની વ્યવસ્થા ગોઠવીને તેમાં પણ ભગવદિચ્છાજ તેવી છે તેમ પોતાની અંગત માનસિકતાને ભગવદિચ્છા પર ઢોળવાની પ્રવૃત્તિને શું શ્રીમહાપ્રભુ અનુમોદન આપશે ? જાહેર મંદિરો ખૂલી જ ગયા છે તો હવે શું કરવું, તો ત્યારે પણ અપુષ્ટિમાર્ગીઓ અથવા તો શ્રીકૃષ્ણ - પુષ્ટિમાર્ગ વિરોધી લોકોના દ્રવ્યથી અને તે પણ પાછું ભક્તિભાવનાથી વિપરીત લૌકિક હેતુઓથી અપાયેલા દ્રવ્યને સેવામાં શ્રીપ્રભુ અર્થે સ્વીકારવાની પદ્ધતિની શ્રીમહાપ્રભુ-શ્રીપ્રભુચરણ પ્રશંસા કરશે ? બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લઈને પણ મંગળવાર-શનિવાર -શિવરાત્રી-ગણેશચતુર્થી-નવરાત્રી વગેરેનું વ્રત કરનાર પરિચારકને શ્રીમહાપ્રભુ પોતાને ત્યાં શું સેવામાં રહેવા દેશે ? પોતે શ્રીકૃષ્ણ-શ્રીવલ્લભ-દામોદરદાસ વગેરે છે અને તેમનો મારામાં નિત્ય આવિર્ભાવ છે તેમ અબુધ-ભોળા લોકોને સમજાવી સમાજમાં ભ્રષ્ટાચાર-અનાચાર ફેલાવનારને શું શ્રીમહાપ્રભુ પોતાના માનશે ? તીર્થમાં અને તે પણ યાત્રાના હેતુથી ગયેલાઓ દ્વારા તીર્થના અને યાત્રાના નિયમો નેવે મૂકી તેથી વિપરીત આચરણ કરનારને શું તીર્થ કે યાત્રા પાવન કરશે ? બલ્કે શ્રીપ્રભુચરણના જણાવ્યા મુજબ તો **‘प्रत्युत निषिद्धाचरणात्पापमपि’** જેનો શાસ્ત્રમાં નિષેધ કરવામાં આવ્યો હોય તેવું આચરણ કરવાથી તો પાપ થાય છે. શાસ્ત્રમાં જણાવ્યું છે કે - **‘अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे गमिष्यति, तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति’** તો આવા બધા જે ફેરફારો છે કે જે શ્રીમહાપ્રભુથી લઈને પ્રાચીન કોઈ પણ મહાનુભાવોને સંમત નથી તેવા સ્વીકાર્ય બની શકે નહીં. જો કોઈ એમ કહે કે સમ્પ્રદાયપ્રવૃત્તિ એ જીવોના કલ્યાણ માટે છે અને આધુનિક સમયના જીવો માટે જે આજે છે તે જ શક્ય છે. તો આ વાતમાં વિશેષ તથ્ય નથી. આજે પણ એવા લોકો છે કે જેઓ સત્યસિદ્ધાન્ત જાણ્યા પછી તે મુજબ આચરણ કરવાના માર્ગે વળે છે અને તે માર્ગમાં પ્રભુકૃપા એ તેમને સફળતા પણ મળે છે. જ્યાં સુધી તેઓ સત્યસિદ્ધાન્તથી અનભિજ્ઞ હોય છે ત્યાં સુધી જ તેઓ અપસિદ્ધાન્ત માં ભ્રમણ કરે છે. શ્રીકૃષ્ણ કોન્શ્યસનેસવાળાઓ જો યોરપીય-અમેરિકન વગેરેમાં પણ મૂળથી ફેરફારો પેદા કરી શકે છે અને તે લોકો પણ પરમ્પરાગત સંસ્કૃતિ - ભાષા-વેશભૂષા વગેરે આમૂલ બદલી ભારતીય રંગે રંગાય છે, તો પછી આપણે ભારતીયોમાં પણ વાસ્તવિક-ભારતીય-શાસ્ત્રીય-ભક્તિમાર્ગીય રીત કેમ નહીં આપી શકીએ ? અને તેમ છતાં પણ માની લો કે કોઈ રડ્યો-ખડ્યો એવો જીવ આવી ભટકાય અને તેના પ્રત્યે આપણને કરુણા જાગે તો તે વખતે કરુણાના માર્યા સમ્પ્રદાયનું જ માળખું બદલી નાખવું કે સિદ્ધાન્તોમાં જ ફેરફારો કરી તેના ઉપર પુષ્ટિમાર્ગનું લેબલ લગાવવા કરતાં જેમ શ્રીમહાપ્રભુએ સેવાફલ વિવરણમાં કરુણાપૂર્વક જણાવ્યું કે **‘तदा आसुरोऽयं जीवः, तदा ज्ञानमार्गेण स्थेयम्, शोकाभावाय’** તેમ તેમનું જે રીતે અને જે માર્ગે કલ્યાણ થઈ શકતું હોય તે માર્ગ યા તે સિદ્ધાન્ત પુષ્ટિમાર્ગનું લેબલ લગાવ્યા વિના પણ ચીંધી શકાય છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જે ફેરફારો પૂર્વાચાર્યોના મન્તવ્યને - સિદ્ધાન્તને કે કથનને વાંધો ન આવતો હોય તેવા ફેરફારો પણ વિશેષ આવશ્યકતા જણાય ત્યારે જ સ્વીકારવા જોઈએ, તેવા ફેરફારો પણ એકદમ તો અવિચારે ન જ કરી દેવા જોઈએ. તેવા ફેરફારોના દૂરોગામી પરિણામો શું શું આવી શકે છે તેની ઊંડાણથી વિચારણા કરીને તેનાથી થનાર લાભ-હાની બન્ને વિચારી ત્યારબાદ કરવા જોઈએ. અને જે પૂર્વાચાર્યોને અસંમત હોય, સિદ્ધાન્તથી વિપરીત હોય તેવા ફેરફારોને સમ્પ્રદાયનું લેબલ લગાડ્યા વિના સ્પષ્ટ પ્રકારે ‘આ પુષ્ટિમાર્ગ નથી, પણ તમારા માટે આજે આજ કલ્યાણકર છે’ તેમ કહી કરવા જોઈએ. તેવા ફેરફારો પણ અંગત સ્વાર્થ-દ્વેષ-લોભ યા વ્યાપારીકરણથી પર રહી કેવળ કલ્યાણની ભાવનાથી જ કરવા જોઈએ.

સહુથી છેલ્લે સાધનોમાં સંદિગ્ધતા ઉત્પન્ન થાય તેવું આચરણ શિષ્યવર્ગ દ્વારા થયું અને તેવો ઉપદેશ-આદેશ -આજ્ઞા ગુરુવર્ગ તરફથી થઈ અથવા તો તેવા આચરણ યા સાધનને સ્વીકૃતિ અપાઈ એમ બન્ને તરફથી મળીને આ સંદિગ્ધતા પ્રવર્તમાન બની, પણ આમ બન્ને તરફથી બનવાનું કારણ શું ? એને વિચારીએ

તો સમયના પ્રાબલ્યે વધેલી અતિભૌતિકવાદિતા, વિધર્મીઓ અને વિદેશીઓનો આપત્તિકર સંગ, શહેરોના વિકાસ સાથે બદલાયેલી સમાજ વ્યવસ્થા - રહેણી-કરણી આર્થિકી-વ્યાપારિકી વ્યવસ્થા તેમજ ત્યાં સેવા નિર્વાહ માટેનાં શુદ્ધ સાધનોની ઓછપ યા અભાવ, લોકોનું વ્યસ્ત જીવન, ભૌતિક સાધનોનો સતત વિકાસ, રાજકીય યા કાયદાકીય વિપરીત નિયમો, વિદ્યાક્ષેત્રોમાં આધુનિક શિક્ષાપ્રકાર, બાળકો ઉપર ભણતરનો વધુ પડતો ભાર, ટી.વી. સિનેમાથી પ્રસારિત થતા સંસ્કારો, આ બધાથી બદલાયેલી સમાજની વિચારધારા વગેરે અનેક કારણો રહેલાં છે તેમ કહી શકાય છે. તેમ છતાં પણ તે ઉપરાન્ત પણ જો વધુ ઊંડાણથી વિચારવામાં આવે તો આ બધા વિષયો ગૌણત્વે કારણભૂત બનતા હશે પરન્તુ મુખ્યત્વે કારણ તો એ જ જણાય છે અને તે આ મુજબ છે -

શ્રીમહાપ્રભુથી આરંભીને પૂર્વાચાર્યોના સાહિત્યમાં સિદ્ધાન્તના નિરૂપણની સાથે માર્ગીય સાધનોની સ્પષ્ટતા અને તેની સાથે સાથે સિદ્ધાન્ત કે સાધનોમાં ઉત્પન્ન થઈ શકતા સંભવિત સંદેહોનું નિવારણ પણ કરવામાં આવ્યું જ છે. જેમ કે પુષ્ટિભક્તિની વૃદ્ધિની ઈચ્છાવાળાએ કેવા પ્રકારના વક્તાથી શ્રવણ કરવું તેની સ્પષ્ટતા જલભેદમાં આપી છે અને ત્યાં જ અન્યવક્તાથી શ્રવણ કરતાં શો લાભ-ગેરલાભ થાય છે તે વાત પણ **‘क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्ति-हेतवः’** વગેરે વાક્યોથી કહેવામાં આવી છે. સેવાવિષયક સ્પષ્ટતા સિદ્ધાન્તમુક્તાવલીમાં આપીને ત્યાંજ તેનાં સાધનરૂપમાં તનુ-વિત્તજા સેવારૂપ સાધન જણાવીને જો પોતાનું સ્વરૂપ અને પ્રભુનું સ્વરૂપ શું છે તેનાં જ્ઞાનના અભાવમાં શ્રીભાગવતમાં (અથવા શ્રીભાગવત પ્રકરણરૂપમાં રહેલા ષોડશગ્રન્થાદિમાં) તત્પર રહીને પૂજા-ઉત્સવાદિ કરતાં સ્થિતિ કરવાનું જણાવ્યું. ભગવત્સેવામાં પ્રવિષ્ટ ચિત્તે સેવાનિર્વાહ અર્થે વિવેક-ધૈર્ય-આશ્રયની રક્ષા કરવી એમ જણાવી તેમાં ધૈર્યના નિરૂપણમાં પ્રથમ ધૈર્યનું સ્વરૂપ બતાવી ત્યાર બાદ દુઃખો કેવી રીતે સહેવા તેનો ઉપાય છાશ-દેહ-જડભરત-અન્તર્ગૃહગતા ગોપીઓના દૃષ્ટાન્તથી તે મુજબ તેનો ઉપાય પણ બતાવ્યો અને અનાયાસ જો દુઃખો ટળી જતાં હોય ત્યારે સહન કરવાનો દુરાગ્રહ પણ ન રાખવો એમ સમજ પણ આપી. સેવામાં ઉદ્વેગ કરાવનાર ચિન્તા ત્યાગવી અને તે પણ કોણે શા માટે અને કેવા વિચારે ત્યાગવી તેનું નિરૂપણ નવરત્નના આરંભે કરી અન્તમાં આઠમા શ્લોકમાં ચિન્તા ત્યાગવા માટેનો મુખ્યવિચાર બધું જ વિચારતાં પણ ચિન્તા થઈ જ જાય ત્યારે બધું જ ભગવાનની લીલા છે તે વિચારને સેવી ચિન્તા ત્યાગવી અને તે છતાં પણ હઠીલી ચિન્તા થઈ જતી હોય અને સ્વયં અનુપાય હોય ત્યારે પણ ચિન્તા થાય તો પણ અષ્ટાક્ષરને જપતાં-તેનું ભાવન કરતાં સેવામાં જ પરોવાયેલા રહેવું, પણ સેવા ત્યાગવી નહીં એમ જણાવ્યું છે. આ રીતે અનેક સ્થળોએ શ્રીમહાપ્રભુ પ્રભૃતિ પ્રાચીન આચાર્યોએ સિદ્ધાન્ત-માર્ગનાં સાધનોની સાથે સાધન સિદ્ધિ માટેના ઉપાયો પણ દર્શાવ્યા જ છે અને તે પુષ્ટિ પ્રકારના જ છે અને તેથી તે વડે વૈષ્ણવ અવશ્યમેવ ફલસિદ્ધિ સુધી પહોંચી શકે છે.

ઉપર મુજબ અતિશય અનુગ્રહ સ્વરૂપના આચાર્યોના ઉપદેશ વચનોને જાણ્યા-સમજ્યા-વાંચ્યા -વિચાર્યા વિના જ જે લોકો માત્ર દેખાદેખી કે નાની-મોટી બે વાત સાંભળીને જ દીક્ષા ગ્રહણ કરી લે છે અથવા તો કાલાંતરમાં એક માત્ર મનના આવેશથી સંકલ્પ અને વિચાર વિના જ પુષ્ટિસેવા જેવા પ્રકારે સેવામાં પ્રવૃત્ત થાય છે તેવા લોકો જ અસફળ રહી સંદેહવાળા થાય છે. અથવા તો કેટલાક અણઘડ સત્સંગી ઉપદેશકો (પ.ભ. લોકો) વડે એમ જણાવાતાં કે ‘આપણે સેવામાં આટલું કરીએ તોએ ચાલે’ ત્યારે તે લોકો પાસે કોને ચાલે એની સ્પષ્ટતા હોતી નથી. શ્રીઠાકોરજીને ચાલે ? સેવા કરનારને ચાલે ? જોનારને ચાલે ? સેવા કરનારની સાધનાને ચાલે ? કે સેવાથી થનાર ફલને ચાલે ? આજના ઘરે સેવા કરતાં વૈષ્ણવોમાં પણ પ્રાયઃ કરીને આજ પ્રશ્ન ઘોળાતો હોય છે કે ‘આ ચાલે કે નહીં ચાલે’ ત્યારે આના ઉત્તરમાં ચાલે કહેનાર પણ વગર વિચાર્યે ચાલે એમ કહે છે અને નહીં ચાલે એમ કહેનારા પણ વિચાર રહિત જ કહેતા હોય છે. ચાલે કે નહીં ચાલેના ઉત્તરમાં જેમ દર્દી ડોક્ટરને આજ પ્રશ્ન પૂછે કે આમ કરું તો અથવા આ જમું તો ચાલે કે નહીં ચાલે, ત્યારે કરવું યા જમવું એ દર્દીને સુસ્વાસ્થ્ય મેળવવામાં અનુકૂળ થઈ રહેશે યા પ્રતિકૂળ રહેશે એનો વિચાર ડોક્ટરની પાસે હોવો જરૂરી છે તેમ સેવા કરનારની વર્તમાન શારીરિક-માનસિક-વ્યાવહારિક - સામાજિક-આર્થિક વગેરે પરિસ્થિતિને વિચારમાં રાખીને અને એને આ તનુ-વિત્તજા સેવા વડે જે લાભબિન્દુ સુધી પહોંચવાનું છે ત્યાં સુધી પહોંચવામાં

આરંભથી લઈને આગળ સુધીની દશામાં સેવાનો ક્યારે કેવો પ્રકાર હોવો અને તેમાં ક્યારે શું ચલાવવું અને ક્યારે શું ન ચલાવવું કે તેથી તેને લાભબિન્દુ સુધી વિના અવરોધે પહોંચી શકે તે મુજબ જ ઉત્તર હોઈ શકે છે. જો ચાલે એમ કહેતાં જેમ ડાયાબિટીસના દર્દીને ખાંડ ખાવાનું ચાલે કહેતાં રોગ વધી મૃત્યુ સીધી નોબત જઈ શકે છે તેવી જો દશા સેવા કરનારની થાય તો ચાલે કહેવું કેટલું બધું અપરાધભર્યું કહેવાશે ? જેમ દર્દીને ઉત્તર આપતી વખતે ડોક્ટરને મનમાની રીતે યા ખીસામાંથી કાઢીને નહીં તેમજ સગાવાદ-શ્રીમન્ત ચાપલુસી વગેરેથી મુક્ત રહીને લોકોના સુસ્વાસ્થ્ય માટે મેડીકલ વિજ્ઞાને વિચારપૂર્વક બનાવેલા નિયમોને આધીન રહીને જ ઉત્તર આપવો જોઈએ અને તેવો ઉત્તર જ દર્દીના લાભમાં થાય છે. તેવી જ રીતે સેવા યા સાધના બાબતમાં પણ ઉત્તર આપતાં પહેલાં આપનારને શ્રીમહાપ્રભુના સિદ્ધાન્તોની યોગ્ય જાણકારી જોઈએ, જાણકારી પણ માત્ર એકદેશી નહીં પરન્તુ ચારે બાજુથી સુબોધિની-ભાષ્ય-નિબન્ધ-ષોડશગ્રન્થો વગેરેના મન્થન પૂર્વકની હોવી જોઈએ અને તેવી જાણકારીવાળા દ્વારા શ્રીમહાપ્રભુ પ્રભૃતિના ગ્રન્થોની મર્યાદામાં રહીને આપવો જોઈએ. તેથી જ શ્રીપુરુષોત્તમચરણ ભાષ્યપ્રકાશના આરંભે મંગલાચરણમાં લખે છે -

आचार्यवाचः प्रणमामि भाष्यसुबोधिनीस्था इतराश्च यास्ताः ।
मत्स्वान्त आगत्य कृपाप्लुतास्ता मदीयवाचां रचयन्त्वलंकृतिम् (रचयन्तु भूषणम्) ॥

શ્રીઆચાર્યચરણની વાણીનું કે આપશ્રી દ્વારા પ્રતિપાદિત સિદ્ધાન્તોનું વિવેચન કરતી વખતે આપશ્રીના બધા ગ્રન્થો પર દષ્ટિ રાખીને જ કરી શકાય છે. એટલું જ નહીં, આને માટે ન્યાય, વ્યાકરણ, મીમાંસા, દર્શન વગેરે શાસ્ત્રોનો પણ ભાગવત-ગીતાદિ ભક્તિશાસ્ત્રો સહિતનો ઊંડો અભ્યાસ માંગી લે છે.

પાછલાં કેટલાંક વર્ષોથી એમ જોવા મળે છે કે પ્રવચનો-વચનામૃતો -વ્યાખ્યાનો વગેરેમાં ભાષ્ય-સુબોધિની જેવા ગ્રન્થોની તો વાત જ છોડી દઈએ પણ ષોડશ ગ્રન્થો પરની ટીકાઓની પંક્તિબદ્ધ શૈલીમાં સમજાવવાની પદ્ધતિ પણ લુપ્ત થયેલી જોવા મળે છે. તેમાં પણ ષોડશ ગ્રન્થો પૈકી પણ ચાર-પાંચ નક્કી થયેલા ગ્રન્થો ઉપર જ વ્યાખ્યાનો થતાં જોવા મળે છે જ્યારે બાલબોધ-સિદ્ધાન્ત મુક્તાવલી- અન્તઃકરણપ્રબોધ - જલભેદ - નિરોધ લક્ષણ-પંચપદ્યાનિ-સંન્યાસનિર્ણય-સેવાફલ વગેરે ગ્રન્થોનાં તો વ્યાખ્યાનો સમારંભોમાં પ્રાયઃ નામ પણ સાંભળવા મળતાં નથી. બાકીના ચતુઃશ્લોકી-કૃષ્ણાશ્રય વગેરે ગ્રન્થોનાં વ્યાખ્યાનો પણ પ્રાચીન આચાર્યોના મન્તવ્ય કરતાં સ્વમન્તવ્યે અને તે પણ સરળતાના નામ પર આધુનિક દાખલા દલીલોની ભરમારથી ભરેલા હોય છે. સમ્પ્રદાયમાં વૈષ્ણવોના લાભ અર્થે ચાલતા સત્સંગ મંડળોમાં પણ વાર્તાસાહિત્ય -વચનામૃતસાહિત્ય અને શિક્ષાપત્રનું જ પ્રાયઃ કરીને વાંચન કરવામાં આવે છે અને તે પણ કેવળ શબ્દાર્થનું જ. આપણી હવેલીઓ કે મન્દિરોમાં પણ મંગળાથી શયન પર્યન્તનાં દર્શન અને તદંગભૂત ફૂલઘર વગેરે સેવાઓની પ્રવૃત્તિઓથી અતિરિક્ત કોઈ જ્ઞાન-શિક્ષણ પ્રવૃત્તિ જોવામાં આવતી નથી. જો હોય છે તો તે પુરાણીજી દ્વારા શ્રીભાગવતવાંચન અને ભગવદ્વાર્તાનું કાર્ય થતું જોવા મળે છે. ક્યાંક ક્યાંક પાઠશાળાઓ યા બાળ સંસ્કાર-શિક્ષણ કેન્દ્રો ચાલે છે પરંતુ બન્નેમાં પ્રાયઃ કરીને કે.જી.સ્ટાંડર્ડનું જ શિક્ષણ અપાતું જોવામાં આવે છે કે જે શિક્ષણ પોતાના કર્તવ્યનિર્ધાર માટે કે પોતાના દ્વારા આચરાતાં સાધનોમાં ઉત્પન્ન થનારા સન્દેહોનું નિવારણ કરવા પર્યાપ્ત નથી. આજથી પચાસ વર્ષ પૂર્વ મુંબઈ મોટા મંદિરમાં નિ.લી.પૂ.ગો.શ્રીગોકુળનાથજી મહારાજશ્રીના તથા સુરત મોટામંદિરમાં નિ.લી.પૂ.શ્રીદાદાજી મહારાજ (નિ.લી. પૂ.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજ)ના માર્ગદર્શનમાં અનેક બ્રાહ્મણ બાળકોએ પુષ્ટિમાર્ગના વિદ્વાનો તરીકે પ્રસિદ્ધ થઈ સમ્પ્રદાયમાં ઘણે ઠેકાણે પાઠશાળાઓમાં વૈષ્ણવ બાળકોને ગ્રન્થોનું અધ્યાપન કરાવવાની સેવા આપી હતી. ઉપરાન્ત સુરત - નિ.લી.પૂ.શ્રીદાદાજી મહારાજના માર્ગદર્શનમાં ચાલતી સંસ્થા શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભા દ્વારા પંચવર્ષીય પરીક્ષાક્રમ દ્વારા વર્ષો વર્ષ ગામે ગામ પરીક્ષાઓ લેવાતી હતી અને તેમાં સમ્પ્રદાયના પાયાના ગ્રન્થોનું પણ અધ્યયન કરાવવામાં આવતું હતું. આ પાંચ પરીક્ષા પાસ કરનારાઓને શુદ્ધાદ્વૈત વિશારદની પદવી આપવામાં આવતી હતી અને આવા વિશારદો એટલા સક્ષમ હતા કે તેઓ પરીક્ષાનો કોર્સ બીજા વિદ્યાર્થીઓને ભણાવી શકતા હતા અને ભણાવતા હતા. પરંતુ કાલના પ્રભાવમાં

આ બન્ને કાર્યો ઘાણા સમયથી બન્ધ પડેલા છે. આ પ્રકારનું શિક્ષાણ વૈષ્ણવ સમાજમાં વૈષ્ણવી ચેતનાને પ્રગટાવી શકે છે.

નિઃસન્દેહ સાધન સહિતના સમ્પ્રદાયની પ્રવૃત્તિ માટે આપણા પ્રાચીન ગ્રન્થો કે જેમાં આપણી સાધના સાથે સંગતિ ધરાવતું તત્ત્વજ્ઞાન અને આપણી ભક્તિસાધનાનો પ્રકાર દર્શાવવામાં આવ્યો છે તે ગ્રન્થોનું જેટલું વધુ અધ્યયન વૈષ્ણવજનો, શાસ્ત્રી-પંડિત વર્ગ અને વલ્લભકુલ પરિવારમાં (વહુજીઓ-બેટીજીઓ તથા લાલાજી વર્ગસહિત) વધશે તેટલી ઉપર મુજબની પ્રવૃત્તિ બનતી જશે. આનાથી જે હાલ જાણકારી વિના મોડકા પંથના પ.ભ. લોકો સમ્પ્રદાયમાં જે વૈષ્ણવોના માર્ગદર્શક બની બેઠા છે અને લોકોને અવળી સલાહ આપી અવળે રસ્તે ચઢાવી રહ્યા છે તેમજ કેટલાક શ્રીમન્તો જે પોતાના લાભ-પૂજાર્થ-પ્રતિષ્ઠાર્થ મન્દિરોની સુવ્યવસ્થાના નામ પર મનમાની નવી નવી રીતો સમ્પ્રદાયમાં દાખલ કરતા જઈ રહ્યા છે અને તેને કારણે તેમાં નહીં માનતા હોવા છતાં પણ બીજાઓ પાછળ પાછળ ઘસડાઈ રહ્યા છે તે પરિસ્થિતિનો પણ અન્ત આવશે.

આધુનિક સમયમાં જેટલાં પણ મંદિરો નવા-નવા ખુલતાં જઈ રહ્યાં છે જેની એટલી આવશ્યકતા નથી, તેની જગ્યાએ શક્ય તેટલી વધુને વધુ પાઠશાલાઓ-પુષ્ટિમાર્ગીય શિક્ષાણકેન્દ્રો વગેરે જેટલા વધુ વિકસે તેટલા વધુ ખોલવાની આવશ્યકતા પ્રતીત થાય છે. તેમજ આજે જે પણ સમ્પ્રદાયમાં હવેલીઓ યા જાહેરમંદિરો છે ત્યાં ત્યાં દરેક સ્વૈચ્છિક રીતે નિયમબદ્ધ થાય કે દરેક જગ્યાએ મૂલગ્રન્થોને એનાં ટીકા સાહિત્ય સાથે ભણાવતી પાઠશાલા યા વિદ્યાલય હોય જેમાં એક વિદ્વાન ભણાવવા આવતા હોય અને રોજ અથવા સપ્તાહમાં બે દિવસ કલાક યા બે કલાક અધ્યયન કરાવવામાં આવતું હોય. અને તેની સાથે સાથે પુષ્ટિમાર્ગીય સંસ્કારો અને પુષ્ટિમાર્ગીય વ્યાવહારિક નિયમોનું પણ પ્રશિક્ષાણ આપવામાં આવતું હોય.

તેવી જ રીતે બ્રહ્મસમ્બન્ધ દીક્ષા પણ ત્યારે જ આપવી જોઈએ જ્યારે દીક્ષા લેવાની ઈચ્છા રાખનાર વ્યક્તિ યમુનાષ્ટક-કૃષ્ણાશ્રય-સિદ્ધાન્ત રહસ્ય-વિવેકધૈર્યાશ્રય - ભક્તિવર્દ્ધિની જેવા ગ્રન્થોનું સ્વારસ્ય સુયોગ્ય વિદ્વાન્થી સારી રીતે સમજી ચૂકેલો હોય અને અસમર્પિત અને અન્યાશ્રયના સર્વથા ત્યાગપૂર્વક ભગવત્સેવામાં અભિરુચિવાળો તેમજ સામ્પ્રદાયિક આચાર-વિચાર વગેરે નિયમોમાં જેને અશ્રદ્ધા કે અપ્રીતિ ન હોય તેવો હોય. દીક્ષા લેવાની ઈચ્છા રાખનાર માટે એ અનિવાર્ય આવશ્યક જોઈએ કે એ ઓછામાં ઓછું એક વર્ષ પૂર્વમાં જણાવ્યા મુજબની પાઠશાળામાંથી પુષ્ટિમાર્ગની યોગ્ય જાણકારી મેળવે અને એ મેળવ્યા પછી જો તે દીક્ષા લેવાની અને ભગવત્સેવાની ઈચ્છાવાળો હોય તો ત્યારે એને દીક્ષા આપવી -અપાવી જોઈએ. ત્યાં સુધી એને અષ્ટાક્ષર દીક્ષાથી દીક્ષિત કરી રાખવો જોઈએ. શ્રીપુરુષોત્તમજી પણ સિદ્ધાન્ત રહસ્યની ટીકામાં લગભગ આ મુજબ જ અભિપ્રાય ધરાવે છે. તેઓશ્રી લખે છે - **‘यस्तु स्वयमनुत्कण्ठः सत्सङ्गात्कुलपारम्पर्याद्वा उपसीदेत् सोपि उपदेशमर्हति। परं तत्र भगवत्कृपायाः सन्दिग्धत्वात् फलमुखता न निश्चेतुं शक्या । तथापि तदुपदेष्टरि न दोषमावहति । सत्सङ्गादिना तथा सम्भावनया कृतत्वात् । स परं परीक्षणीयः । यदि पश्चाच्छ्रद्धते भगवद्धर्मे, तदा तु ‘यथा यथा हरिः कृष्णो मनस्याविशते निजे, तथा तथा साधनेषु परिनिष्ठा विवर्धते’ इत्याचार्यचरणोक्तात् ज्ञापकान्मार्गरीत्या बोधनीयः । यद्युदास्ते तदा न बोधनीयः । यदा तु बाहिर्मुख्यं प्रकटयति तदा तु उपेक्षणीयः ।’**
અર્થાત્ - જે પોતે સ્વયં આ માર્ગમાં યા બ્રહ્મસમ્બન્ધદીક્ષામાં ઉત્કંઠાવાળો ન હોય, (પરંતુ) સત્પુરુષો-વૈષ્ણવોના સંગને લઈને અથવા કુલની (વૈષ્ણવ) પરમ્પરા થકી તે દીક્ષા લેવા અને માર્ગમાં આવવાની ઈચ્છાવાળો થાય ત્યારે તેને પણ દીક્ષા આપવાનું પ્રાપ્ત થાય છે, પરંતુ તેવા વ્યક્તિ ઉપર ભગવાનની કૃપા છે કે નહીં તે સંદિગ્ધ હોવાથી દીક્ષા લઈને પણ તેની ફલમુખતા સિદ્ધ થશે કે નહીં તેનો નિશ્ચય કરવો શક્ય નથી. તેમ છતાં પણ આવાને દીક્ષા આપવાથી દીક્ષા આપનારમાં કોઈ દોષ આવતો નથી. (કારણ કે) (જો તેના ઉપર ભગવત્કૃપા છે તો તે) સત્સંગ વગેરે વડે તેનામાં પણ ફલમુખતાનો અધિકાર પ્રકટ થવાની સંભાવના રહી હોવાથી. તેમ છતાં પણ આવાને (દીક્ષા આપતાં પહેલાં) પરીક્ષા કરવી જોઈએ. પરીક્ષાના સમય દરમિયાન જો તે ભગવદ્ધર્મમાં શ્રદ્ધાવાળો થાય

છે, ત્યારે તો **‘જેમ-જેમ શ્રીહરિ - કૃષ્ણનો પોતાના મનમાં આવેશ થતો જાય છે, તેમ-તેમ (માર્ગીય) સાધનોમાં તેની સર્વ તરફથી નિષ્ઠા વધતી જાય છે’** એમ શ્રીઆચાર્યચરણનું કહેલું હોવાથી તે મુજબ જ્ઞાપન કરાયેલું હોવાથી માર્ગરીતિ મુજબ તેને દીક્ષા આપવી. યદિ તે (પરીક્ષાના સમય દરમિયાન) ઉદાસીન ભાવ જ બતાવતો હોય તો ત્યારે તેને દીક્ષા ન આપવી (અને જ્યારે તે માર્ગમાં રુચિ વગેરે દાખવતો હોય ત્યારે દીક્ષા આપવાનું વિચારવું). અને જો તે (પરીક્ષાના સમય દરમિયાન) બહિર્મુખતા પ્રકટ કરતો હોય ત્યારે તો તેવાની ઉપેક્ષા જ કરવી (એવાઓને માટે તો ભવિષ્યમાં દીક્ષાનો પણ વિચાર ન રાખવો. શ્રીપુરુષોત્તમજીના અભિપ્રાયમાં એમ સ્પષ્ટ જાણી શકાય છે કે આના ઉપર ભગવત્કૃપા છે એમ જ્યારે લાગે ત્યારે જ તેને દીક્ષા આપવી જોઈએ. પરીક્ષા જે કરવાનું જણાવ્યું છે તે ભગવત્કૃપા બાબત જ છે. શ્રીપુરુષોત્તમજીએ આ સ્થળે જે પરીક્ષાની વાત કહી છે તે સર્વનિર્ણય નિબન્ધમાં શ્રીમહાપ્રભુનાં વાક્યો - **‘परमत्र न सर्वेषां फलमुखाधिकारः किन्तु येषु भगवत्कृपा, कृपापरिज्ञानं च मार्गरुच्या (अस्माभिः) निश्चीयते’** એનાં આધાર પર તેને અનુસરીને આમ લખ્યું છે. આ પરીક્ષા દીક્ષા આપ્યા પછી નથી કરવાની પણ દીક્ષા આપતા પૂર્વ જ કરવાની છે. જો તેમ આપશ્રીનું મન્તવ્ય ન હોય તો આગળ **‘तदा न बोधनीयः’** એમ જણાવે નહીં. તેથી બોધન કરવું, બોધન ન કરવું અને ઉપેક્ષા કરવી એ ત્રણે પરીક્ષાના અનન્તર છે. **‘सोपि उपदेशमर्हति’** એમાં એવાને દીક્ષા આપી દેવી એમ અર્થ થાય છે તેથી તેની સ્પષ્ટતામાં એમાં આંખ મીંચીને ઉતાવળ ન કરવી પણ થોડો સમય તેની પરીક્ષા કરવી અને તેમાં ઉત્તીર્ણને દીક્ષા આપવી અનુત્તીર્ણને ન આપવી અને અનધિકારી જણાતાં તેની ઉપેક્ષા કરવી એમ આપશ્રીનું તાત્પર્ય જણાવ્યું છે.

શ્રીલાલુભટ્ટજી પણ નિવેદન વિચાર નામક પોતાના એક લેખમાં જણાવે છે કે **‘त्रिप्रकारकनिवेदनस्य प्रयोजनं भगवत्सेवा’ અર્થાત્ -** (અજ્ઞાનવાળા દ્વારા-જ્ઞાનવાળા દ્વારા-કૃષ્ણસાત્કૃતપ્રાણ દ્વારા) ત્રણે પ્રકારનાં નિવેદનમાં (ઉત્તમ-મધ્યમ-હીન અધિકારવાળાઓ દ્વારા કરાયેલા નિવેદનમાં) પ્રયોજન એકમાત્ર

ભગવત્સેવા જ છે. તેથી શ્રીલાલુભટ્ટજીના અભિપ્રાયે પણ ભગવત્સેવાનું પ્રયોજન ઉપસ્થિત થયા વિના કોઈને પણ બ્રહ્મસમ્બન્ધ કરાવવું નહીં એમ તેમનું તાત્પર્ય સમજી શકાય છે.

શ્રીપુરુષોત્તમજીનાં વાક્યોમાં જે કુલપરમ્પરા જણાવી છે તે બાબતમાં પણ આજના સમયમાં એ પ્રશ્ન વારંવાર અને પ્રાયઃ સર્વત્ર બનતો જોવા મળે છે કે ઘણા લોકો એમ કહી પોતાના પરિવારજનોને દીક્ષા લેવડાવે છે કે બ્રહ્મસમ્બન્ધ લેવડાવી દઈએ તો પછી સેવામાં તો મદદરૂપ થઈ શકે. પરન્તુ આપણી પુષ્ટિમાર્ગીયા સેવામાં કોઈની મદદની આશા-અપેક્ષા રાખવી યા બીજાના મદદની અપેક્ષાએ સેવા પ્રકારનો નિર્ધાર કરવો એ જ ભૂલભર્યું છે. શ્રીમહાપ્રભુના નિબન્ધના વચનોમાં **‘भार्यादिरनुकूलश्चेत् कारयेत् भगवत्क्रियाम्’** આ વાક્યમાં પણ ક્યાંય કોઈ પણ રીતે એમ અર્થ ધ્વનિત થતો નથી કે પરિવારજનો સેવામાં મદદરૂપ થાય તે માટે તેમને દીક્ષા અપાવી તેમને સેવામાં લેવા. જો એમ જ અર્થ હોત તો **‘उदासीने स्वयं कुर्यात्’** એમ આગળ જણાવતે નહીં. ભગવાને પોતાને સ્વસેવાર્થ જે પણ સાધન-શક્તિ-સામર્થ્ય આપ્યાં હોય તે અનુસાર ભગવત્સેવાનો ક્રમ અને પ્રકાર નિર્ધારિવો જોઈએ. બીજાના ભરોસે -બીજાના આધારે સેવાનો આરંભ કરી સેવાના નામ પર અન્યનો આશ્રય કરવો એ પુષ્ટિસેવાનો નિયમ નથી. આજે પોતાનામાં પણ જે ભગવત્સેવાની ઈચ્છા યા ભાવ પ્રગટ થયો છે તે પણ પોતાનામાં કોઈ ઉત્તમતાના કારણે નહીં પરન્તુ ભગવત્કૃપાએ - ભગવાન આપણાથી સેવા અંગીકાર કરવા માંગે છે તે કારણે જ આપણામાં સેવા માટેનો ભાવ પ્રગટ થયો છે તેમ તેમાં પણ ભગવદાશ્રયનો જ વિચાર રાખવાનો છે,તેવી જ રીતે બીજા પરિવારજનોમાંથી જેની સેવા પ્રભુ અંગીકાર કરવા માંગતા હશે તેને પણ પ્રભુ તેવો જ ભાવ પ્રદાન કરશે, તેથી તેમાં પણ તેમના માટે પણ ભગવદનુગ્રહની પ્રતીક્ષા કરવી જોઈએ, નહીં કે હું એનો બાપ-મા કે ફલાણો થાઉં છું તેથી એને દીક્ષા લેવડાવી એનું હું કલ્યાણ સાધું એમ કલ્યાણ સાધવાની સત્તા હસ્તગત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેનાં પણ કલ્યાણની ભાવના મનમાં રાખી પ્રભુને પ્રાર્થી શકાય છે.

જ્યારે ભગવત્સેવાની વાત આવી તો આજે વૈષ્ણવો ઉતાવળે અને અજ્ઞાને ભગવત્સેવા ઘરે પધરાવે છે અને પછી રોજનો કકળાટ પેસી જાય છે. ઘરના લોકો વિપરીત મનના હોય અથવા તેઓ વધુ પડતા લૌકિકાભિનિવિષ્ટચિત્ત હોવાથી તેમની સાથે સેવાના નામ પર વારંવાર ક્લેશના પ્રસંગો, આર્થિક સંકોચ હોય ત્યારે સેવા માટેના અપેક્ષિત સાધનોનો અભાવ, તેનાથી મનમાં ક્લેશ થવો, મોટાં શહેરોમાં મકાનોમાં સેવા માટેની અગવડોથી ક્લેશ, સૂતક વગેરે અડચણોમાં સેવાનું શું કરવું તેની ચિન્તાનો ક્લેશ, બહારગામ જવું-આવવું પડે ત્યારે સેવાની વ્યવસ્થાની ચિન્તાથી ક્લેશ, વ્યવહારમાં આવવા-જવામાં અથવા ઘરે આવતા-જતા લોકોના કારણે સેવામાં આવતા પ્રતિબન્ધથી ક્લેશ, મિત્રો કે સ્વજનોના આગ્રહથી તેમનું મન રાખવા સિનેમા વગેરે સ્થળે જવું પડે કે ક્યારેક તેમને કમ્પની આપવા બજારનું અશુદ્ધ ખાવું-પીવું પડે તેવી પરિસ્થિતિ સર્જાતાં મનમાં ક્લેશ આવા અનેક પ્રકારના કકળાટ વૈષ્ણવોના વારંવાર સાંભળવામાં આવે છે.

વાસ્તવમાં આ બધા જ કકળાટો સેવાને કારણે નથી. સેવા પરમાનન્દની કરીને પરિણામે પરમાનન્દ જ થવો જોઈએ, કકળાટ કેવી રીતે ? તો એક વાત નક્કી છે કે સેવામાં જે કકળાટ થાય છે તે સેવા કરનારના અધિકારની ઊણપને કારણે અથવા તો અધિકારી હોવા છતાં પણ શ્રીમહાપ્રભુ પ્રભૃતિના સેવા અંગેના નિયમો-આદર્શોને નહીં જાણવાથી અને તે મુજબ નહીં વર્તવાથી સેવા કરનારની અતિલૌકિકતા યા અતિ લૌકિકમાં મન-બુદ્ધિની સ્થિતિને કારણે થાય છે. તનુ-વિત્તજા સેવા કરનારને માટેનો ઉત્તમ પક્ષ શ્રીમહાપ્રભુએ ભક્તિવર્દ્ધિનીમાં બતાવી જ દીધો છે કે - **बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः, अव्यावृत्तो भजेत् कृष्णं पूजया-श्रवणादिभिः’** ભક્તિબીજની દઢતાને અર્થે **ઘરમાં રહીને** સ્વધર્મનું પાલન કરતાં અવ્યાવૃત્તિ કરીને પૂજા-શ્રવણાદિ વડે કૃષ્ણને ભજવા. અહીં **‘गृहेस्थित्वा’** ના વ્યાખ્યાનમાં શ્રીગોકુલનાથજી જણાવે છે - **ઘરમાં રહીને એટલે કે ભગવદ્ ભજન કરવાને અનુકૂળ હોય તેવા ઘરમાં રહીને એમ સમજવું.** આપણે તો ભગવદ્ ભજન પ્રતિકૂળ ઘર યા સ્થળમાં રહીને સેવા કરવાનો પ્રયત્ન કરીએ છીએ અને તેમાં પણ પાછું પૂરેપૂરા વ્યાવૃત્તિમાં વ્યસ્ત-આસક્ત રહીને કરીએ છીએ પછી મનમાં ક્લેશ નહીં તો શું પરમાનન્દ થશે ? જેમને અવ્યાવૃત્તિ

કરવી શક્ય નથી અથવા તો જે પરિસ્થિતિઓને બંધાયેલો છે તેવા અધિકારી માટે ભક્તિવર્દ્ધિનીમાં જ શ્રીમહાપ્રભુ વિકલ્પ વ્યવસ્થા આપતાં જણાવે છે કે **‘व्यावृत्तोपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा’** અથવા નિબંધમાં **‘सर्वथा वृत्तिहीनश्चेद् एकं यामं हरौ नयेत्’** આવાં બીજાં પણ અનેક વાક્યો છે કે જેની સ્પષ્ટ જાણકારી સેવા કરનારને પૂર્વથી જ હોવી જરૂરી છે. જો એની જાણકારી પૂર્વક તે માર્ગ પર ચાલવા મનમાં દઢ સંકલ્પ સાથે જો તે સેવામાં પ્રવૃત્ત થાય છે અને તે મુજબ તે જીવનને વળાંક આપે છે તો પછી તેને સેવાના નામ પર કોઈ પણ ક્લેશ થવો સંભવ નથી. તે લોકો માટે તો પછી **‘मोदमायान्त्यहर्निशम्’** વાક્ય જ પ્રાપ્ત થશે.

ખરેખર તો આજે તનુ-વિત્તજા સેવા કરનારને એ જ ખબર નથી કે એ સેવા શા માટે કરે છે, સેવા કરવાથી કયો લાભ થાય છે અને તે લાભ તેને અપેક્ષિત છે કે કેમ . તનુ-વિત્તજા સેવા એ ફલરૂપા માનસી સેવાની સિદ્ધિ અર્થે કરવાની છે અને માનસીની સિદ્ધિ વડે તેથી આગળ ભગવદ્વિયોગાનુભવ કે જે તિરોભૂત છે તેના પ્રાકટ્યે તેનો અનુભવ એ એનું લક્ષ્ય છે. તેથી સેવાથી શો લાભ ? તો જે ખોવાઈ ગયું છે એ વસ્તુ પુનઃ પ્રાપ્ત કરવું - વિયુક્તિથી જે વિયોગાનુભવ થવો જોઈએ તે ખોવાઈ ગયો છે તે વિયોગાનુભવ પ્રાપ્ત કરવા રૂપી લાભ પ્રાપ્ત કરવાનો છે. ત્યારે આ વિયોગાનુભવ એને અપેક્ષિત છે કે કેમ. જો અપેક્ષિત છે તો જ આ સાધન ફલ સુધી પહોંચશે. કારણ કે આનું ફલ જ આ છે. આ બધું જાણ્યા વિના જ્યારે તે પ્રવૃત્ત થાય છે ત્યારે તો તેના માટે શ્રીમહાપ્રભુનાં આ વાક્યો જ લાગુ પડે છે કે - **‘लोकार्थी चेद्भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा, क्लिष्टोपि चेद्भजेत् कृष्णं लोको नश्यति सर्वथा’** લોકાર્થી એટલે લૌકિકમાં આસક્તિ રહીને કૃષ્ણની સેવામાં પ્રવૃત્ત થયેલો વૈષ્ણવ. આ રીતે તનુ-વિત્તજા સેવારૂપ સાધન કઈ રીતે સંદેહવાળું બન્યું એનો ચિતાર આથી મેળવી શકાય છે.

હવે દીક્ષા આપનાર અને દીક્ષા આપી ભગવત્સ્વરૂપ સેવાર્થ પધરાવી આપનાર જેમની આજ્ઞા-માર્ગદર્શનમાં તનુ-વિત્તજા સેવા સાધવાની છે તે ગુરુ પણ એક સાધન છે એટલું જ નહીં અપિતુ આ બધામાં મહત્ત્વપૂર્ણ સાધન છે.

અને આજે એકત્ર થયેલા વૈષ્ણવોના સમૂહમાં પાછળથી સાંભળવામાં આવે તો - **‘बात जब नीकली कयामतकी, जिक्र पहुंचा तेरी जवानी तक’** ની માફક વૈષ્ણવોની પારસ્પરિક ચર્ચાના દોરમાં ક્યાંકને કયાંકથી પણ ગુરુસ્થાનીયોની વાત ? (નિન્દા) આવી જ જતી હોય છે. અને તે પણ આ ગુરુ તો આવા અને આ ગુરુ તો આવા એમ ગુરુનિન્દાના રૂપમાં હોય છે. અને કાળક્રમે જેમ-જેમ વધુ સાંભળતા-જોતાં જાય છે તેમ-તેમ તેમની આ માર્ગ પરત્વે શ્રદ્ધા ઘવાતી જાય છે. ઘણા લોકો કહેતા હોય છે કે ગુરુ પોતે જ જો નવ વાગે ઊઠતા હોય અને આર્તી સિવાયની બધી જ સેવામાં પહોંચો કહેતા હોય અને પછી અમને અહર્નિશ સેવાનો ઉપદેશ આપે તો તે એમની કહેલી વાત મનાય જ નહીં. કેટલાકો કહેતા હોય છે કે જો આપણા ગુરુજ રેગ્યુલર સિનેમા અને ટી.વી. જોતા હોય તો પછી અમને જોવામાં શો વાંધો છે. કેટલાકો એમ બોલતાં સાંભળવા મળ્યા છે કે જો ગુરુઓ જ ભગવાનનો પૈસો-દાગીના પચાવતા હોય તો પછી અમને સમાધાન મેળવવામાં કે પછી પેટભરીને પ્રસાદ ખાવામાં શો વાંધો છે. આ મુજબ ગુરુઓ કરે તો અમે કેમ ન કરી શકીએ એ પ્રશ્ન વૈષ્ણવના મનમાં ઘોળાતો રહે છે અને પરિણામે તે સિદ્ધાન્તમાં અશ્રદ્ધાવાળો બની સ્વાર્થવશ તે વિપરીત આચરણમાં પ્રવૃત્ત થાય છે. સાધનામાં સાધકની આવી દશા ન થાય તેનો વિચાર પણ શ્રીઆચાર્યચરણે પૂર્વમાં જ કરેલો છે. તેઓશ્રી નિબન્ધમાં ભગવત્ કૃપાથી યુક્ત થયેલા એવા જીવોને ભક્તિસિદ્ધિના પ્રથમ સોપાનમાં ગુરુ પરીક્ષણની વાત કહેતાં કહ્યું કે પુષ્ટિમાર્ગમાં જ નહીં અપિતુ કોઈ પણ માર્ગમાં ગુરુની તો આવશ્યકતા રહે જ છે. પરન્તુ ગુરુ ગમે તેટલા ઉત્તમ ગુણોથી યુક્ત હોય તો પણ જો તે જે માર્ગના ગુરુ છે તે માર્ગનું તેમને પૂર્ણ જ્ઞાન ન હોય, તે માર્ગની તેઓ સાધના કરતા ન હોય અને તે માર્ગની તેમને સિદ્ધિ ન હોય, અથવા તો માર્ગ, માર્ગની સાધના અને તેનાથી થનાર ફળમાં તેઓ પોતે સંદેહવાળા હોય ત્યારે ઉત્તમ ગુણોથી યુક્ત હોઈને પણ તેવા ગુરુથી માર્ગીય સાધનામાં સાધકને કોઈ લાભ થઈ શકે તેમ નથી. ભૂગોળનો મહાપંડિત હોઈને પણ તે ગણિત કે વિજ્ઞાનનો ક્લાસ લે તો વિદ્યાર્થીને કોઈ જ લાભ થઈ શકતો નથી. પછી એમ આક્ષેપ થાય કે ગુરુ બરાબર નથી તો તેમાં કોનો વાંક ? અતઃ આ માર્ગમાં શિષ્યના પ્રથમ કર્તવ્યરૂપે યોગ્ય ગુરુનું પરીક્ષણ અને ત્યારબાદ ગુરુ તરીકેનો સ્વીકાર મુખ્ય છે અને ત્યારપછી જ તેવા ગુરુએ ઉપદેશેલા માર્ગ પર તેમની આજ્ઞા મુજબ ચાલવું આવશ્યક છે. તેમજ ગુરુએ આપણા માટે કર્તવ્યરૂપે જે ઉપદેશેલું હોય તે બધું જ આપણો સ્વધર્મ છે અને ગુરુએ આપણા માટે જે પણ નિષેધેલું હોય તે બધું જ આપણા માટે વિધર્મ-પરધર્મ યા અધર્મ છે. આ સ્વધર્મ તથા વિધર્મ બાબત આપણાં ગુરુવર્ય શ્રીઆચાર્યચરણ નિબંધમાં આજ્ઞા કરે છે કે **‘स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम्’** સ્વધર્મનું આચરણ પોતાની જે શક્તિ હોય તે અનુસાર જે પોતાનાથી થઈ શકતું હોય તે કરવું જ, પરન્તુ વિધર્મ-નિષિદ્ધ આચરણ તો સર્વથા ત્યાગવું, ભૂલે પણ આચરવું નહીં. ગુરુવર્ય દ્વારા આપણા માટે કહેવાયેલાં વાક્યોમાં **‘कृष्णसेवा सदा कार्या’** વગેરે વાક્યો એ સ્વધર્મ પ્રદર્શક છે, **‘असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत्’** વગેરે વાક્યો વિધર્મ-નિષિદ્ધ પ્રદર્શક છે તેમજ **‘अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात्, पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्’ ‘धनं-गृहं सर्वात्मना त्याज्यं तच्चेत् त्यक्तुं न शक्यते, कृष्णार्थं तत् प्रयुञ्जीत-नियुञ्जीत’** વગેરે વાક્યો સ્વધર્મના સમુચિત પાલનમાં જ્યારે અસામર્થ્ય વર્તાય ત્યારે સ્વધર્મપ્રતિમુખતા ન આવી જોય તે માટે વિકલ્પમાં કહેવાયેલ સ્વધર્મપ્રદર્શક વાક્યો છે. આ બધાં વાક્યોની યોગ્ય સમજપૂર્વક તેના અનુસાર સાધના પથ પર આગળ વધવાનો પ્રયત્ન શિષ્ય-સેવક દ્વારા થવો જોઈએ.

આ અંગે ગુરુનો નિશ્ચય કરવા માટે પરીક્ષણ કરવામાં શો-શો વિચાર કરવો - વ્યક્તિમાં શું જોઈ આ માર્ગમાં પોતાના ગુરુ તરીકે સ્વીકાર કરવો એ બાબતમાં શ્રીમહાપ્રભુ જણાવે છે કે - **(૧) કૃષ્ણસેવા જ સર્વોત્તમ છે એમ સ્પષ્ટ જાણતા હોય, (૨) પોતે સ્વયં પણ કૃષ્ણસેવામાં પરાયણ થયેલા હોય, (૩) કૃષ્ણસેવાનો જ ઉપદેશ આપતા હોય, (૪) તે કૃષ્ણસેવા પણ મનમાની રીતે યા સ્વાર્થ-લોભવશ ઉપદેશ કરનાર નહીં કિન્તુ શ્રીમદ્ ભાગવતના તત્ત્વને સારી રીતે જાણનાર અને શ્રીમદ્ ભાગવતાદિ પ્રમાણભૂત વૈષ્ણવ શાસ્ત્રોના અનુસાર કહેનાર હોય, (૫) એમના વડે સેવા કરણ અને સેવાનો ઉપદેશ એ બધું જ કામ-લોભ પૂજાને લઈ દંભ-યા પાખંડથી નહીં કરતા હોય તથા તે**

પોતે દંભ વગેરેથી સર્વથા મુક્ત હોય એવા પુરુષને જ ગુરુ તરીકે સ્વીકારવા અને એવાનું ગુરુરૂપે સેવન કરવું. આમાંનું એક પણ લક્ષણ ઓછું હોય અલ્પ હોય ત્યારે તેવા વ્યક્તિને શ્રીઆચાર્યચરણ આ માર્ગના ગુરુ તરીકે સ્વીકારવા તૈયાર નથી. અને કલિયુગના પ્રભાવમાં આવા સર્વલક્ષણસમ્પન્ન ગુરુ મળવા શક્ય નથી. તેથી જ શ્રીપુરુષોત્તમજી આથી આગળના શ્લોકના આભાસમાં પ્રકાશ-આવરણભંગમાં લખે છે કે - **‘कलेर्बलिष्ठत्वेन अग्रिमेषु एतदभावं आलोच्य स्वस्मिन्नेव गुरुत्वं नियच्छन्त आहुः’** અર્થાત્ - કલિની બલિષ્ઠતાને લઈ આગળના લોકોમાં આ લક્ષણોનો અભાવ જોઈ પોતાનામાં જ ગુરુત્વને રાખતાં જણાવે છે’ આથી આ સમ્પ્રદાયમાં ગુરુ એક માત્ર શ્રીવલ્લભાચાર્યચરણ જ છે, તેઓશ્રી પોતાનું સ્થાન ખાલી કરી કોઈ પણ બીજાને સોપ્યું નથી અને તેઓશ્રી આજે પણ પોતાના સ્થાને બિરાજમાન રહી પોતાના સર્વ શિષ્ય-સેવક-વૈષ્ણવોનું કલ્યાણ કરી રહ્યા છે.

આધુનિકમાં વૈષ્ણવો શ્રીમહાપ્રભુને માટે તેઓ આ સમ્પ્રદાયના વડા આચાર્ય છે તેમ શ્રદ્ધા રાખીને પણ દરેકના ગુરુ અલગ-અલગ વલ્લભવંશજો છે. તેમજ એમના માટે તેઓ જ શ્રીવલ્લભ છે. દીક્ષા આપનાર મારા ફલાણા ગુરુ છે, હું ફલાણા જે જે નો સેવક છું અને અમુક વલ્લભકુળે સેવ્ય કરેલા અને તેમણે પધરાવી આપેલા સ્વરૂપ સેવામાં બિરાજે છે. અથવા તો આ સ્વરૂપ તો ફલાણા ભગવદીયે મને પધરાવી આપ્યા છે વગેરે વગેરે. તો વૈષ્ણવોની બુદ્ધિમાં જેમના માટેની ગુરુભાવના છે તેમની આજ્ઞા-આદેશ એમના માટે સર્વાધિક - સર્વાન્તિમ હોય છે. તેમના મન શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત સર્વાધિક-સર્વાન્તિમ નથી હોતો. અથવા તો તે લોકો જે સિદ્ધાન્ત બતાવે તે જ શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત છે તેમ તેમની બુદ્ધિ સ્વીકારી ચૂકી હોય છે તેમજ તેઓ શ્રીમહાપ્રભુના સિદ્ધાન્ત ગ્રન્થોનું સ્વયં સ્વતંત્ર રીતે અવલોકન કરવાની ઈચ્છા પણ નથી ધરાવતા. આવી સ્થિતિમાં જ્યારે-ક્યારે પણ શ્રદ્ધેયમાં વૈપરીત્ય દેખાય છે ત્યારે તેના માનસ પટલ પર માત્ર તે વ્યક્તિ માટે જ નહીં પણ સમ્પ્રદાય-તેના સિદ્ધાન્તો અને સાધનો સર્વ માટે તેઓ શ્રદ્ધાથી અલગ હટતા જાય છે. કેટલીક વખત તેવા લોકોની અનુચિત વાતોને પણ તે સ્વીકાર્ય હોય કે અસ્વીકાર્ય હોય કેટલાક લોકો તેને પણ સ્વીકારી લે છે. જો કોઈ તેમને શ્રીમહાપ્રભુનો સિદ્ધાન્ત બતાવે તો જવાબ આપે છે કે અમારા માટે તો આજ બોલતા ઠાકોરજી અને આજ બોલતા મહાપ્રભુજી છે. આ એક પ્રકારની જડતા છે કે જે ક્યારેય કોઈ પણ પ્રકારે તેમના માટે કે કોઈના માટે કલ્યાણકર નથી. એમની આ પ્રકારની માન્યતા યા માનસિકતા સમ્પ્રદાયમાં તેઓ રહીને પણ સમ્પ્રદાય સાથે સુસંગત નથી ન સમ્પ્રદાય પ્રવૃત્તિમાં વિશ્વસ્ત યા આશાસ્પદ કહી શકાય છે. કારણ કે તેઓ સમ્પ્રદાયના નામ પર મૂલ પુરુષ યા પ્રાચીન મહાનુભાવોથી સીધા સમ્બન્ધવાળા ન રહી વ્યક્તિ દ્વારા સમ્બન્ધવાળા રહે છે. તેમની નિષ્ઠા પણ માત્ર વ્યક્તિ પૂરતિ સીમિત છે અને મૂલપુરુષ યા પ્રાચીન મહાનુભાવોમાં પણ તેમની શ્રદ્ધા-નિષ્ઠા વ્યક્તિના આદેશ થકી હોય છે, તેમના હૃદયમાં સ્વયં સિદ્ધ નથી હોતી. ભલે વ્યક્તિ દ્વારા સહી પણ જો તેની બુદ્ધિમાં સારી રીતે શ્રદ્ધા દૃઢ થઈ હોય તો પણ માની લઈએ પણ તેમાં તેમ પણ નથી હોતું. આથી પણ વધુ વણસેલી સ્થિતિ તો ત્યારે બને છે કે જ્યારે આ વૈષ્ણવો પોતાના ગુરુદ્વારના જ નહીં પણ તેઓ બની બેસેલા પ.ભ. લોકો કે જેઓને આ માર્ગના સિદ્ધાન્તો-ગ્રન્થો કે ઈતિહાસની કોઈ શુદ્ધ જાણકારી હોતી નથી બલ્કે જાણે ક્યાંથી ખોટી-ખોટી જાણકારી મેળવેલા હોય છે, અથવા તો પોતે જ દંભપૂર્વક તેવી ખોટી જાણકારી ફેલાવતા હોય છે તેવા લોકોના માર્ગદર્શનમાં જ નહીં પણ તેમની ગુરુવત્ સેવા શુશ્રૂષામાં રહીને તેમની આજ્ઞા મુજબ જ વર્તનારા આજ્ઞાંકિત બનેલા હોય છે. તેઓ (પ.ભ.) અશાસ્ત્રીય - અસૈદ્ધિાન્તિક - અઘટિત - અયોગ્ય-અવ્યાવહારિક યા અસામાજિક જે પણ આજ્ઞાઓ કરે એને પરમ શાસ્ત્રવાક્ય ગણી સ્વીકારી લેતા હોય છે અને તે મુજબ વર્તન કરતા હોય છે. આવા ઉપર જણાવ્યા મુજબના લોકોને જ્યારે બીજાઓ જુએ છે, તેમના સમ્પર્કમાં આવે છે ત્યારે તે લોકો આખા સમ્પ્રદાય માટે જ સંદેહવાળા બની જાય છે કે આમ કેમ ?

થોડા વખત પહેલાં જોવામાં આવ્યું કે બે વલ્લભવંશજો વચ્ચે કોઈક કારણસર કોઈક મોટો વિખવાદ ઊભો થયો. તેના કારણ તેમના-તેમના શિષ્યવર્ગ યા ચાહકવર્ગમાં પણ બે ભાગ પડી ગયા અને શિષ્યવર્ગ (વૈષ્ણવો) એકબીજાના ગુરુદ્વાર માટે જેમ ફાવે તેમ હલકીભાષામાં ઉચ્ચારણો કરવા લાગ્યા, ત્યાં સુધી કે

વૈષ્ણવો થઈને પણ વલ્લભવંશજો માટે તૂ-તા વગેરેથી હલકા શબ્દોના પ્રયોગો કરવા લાગ્યા. તો પ્રશ્ન એમ છે કે આ લોકોમાં શ્રીમહાપ્રભુ અને તેમનો પરિવાર તેમાં કેવો આદર ?

તેવી જ રીતે એક બીજો એક વૈષ્ણવ પરિવાર છે કે જેઓ પૂર્વમાં જણાવ્યા મુજબના પ.ભ. ના પાખંડનો ભોગ બનેલા છે. આ પ.ભ. એક બહેન છે. તેઓ એક ભગવત્ સ્થળમાં રહે છે. એમનાથી હવે ઘર કાર્ય થતું નથી, અવસ્થાવશ તેથી આ ઘરના લોકો વારાફરતે તેમની સેવા કરવા ત્યાં જાય છે અને પેલા બહેન પણ મજૂરીની માફક બધાં જ કામ કરાવે છે. આ બહેને આ ઘરવાળાઓને સમજાવ્યું છે કે આપણે વૈષ્ણવો તેથી ગીતાનું તો નામ જ ન લેવાય અને ભાગવત એ મર્યાદામાર્ગીય છે માટે તે પણ આપણા કંઈ કામનું નથી. આપણા માટે તો ફક્ત ષોડશગ્રન્થનો જ પાઠ થાય. ગીતા-ભાગવતનો પાઠ કરો તો અન્યાશ્રય થઈ જાય. વૈષ્ણવોથી મંગલાચરણનો પણ પાઠ થઈ શકે નહીં વગેરે વગેરે. તો પ્રશ્ન એ છે કે એમની બધી જ પ્રકારની સેવા કરીને પણ અન્યાશ્રય ન થાય અને ગીતા-ભાગવતના પાઠથી અન્યાશ્રય થઈ જાય ? પોતાનું ઘર-બાળબચ્ચાની દેખભાળ કે શિક્ષણ વગેરેને અભરાઈએ ચઢાવી ફક્ત આમની મજૂરી કર્યે જવું એ જ ધર્મ યા એ જ સેવા છે ? આ બધું જ્યારે પરિવારજનો અનુભવે છે અને બીજાઓ જુએ-સાંભળે છે ત્યારે તેમનામાં સન્દેહ યા તો અશ્રદ્ધા જન્મ લે છે. આવા તો બીજા એક-એક સ્થળોમાં અનેક -અનેક કિસ્સાઓ ભરેલા છે અને તેની ભરમારથી જ આજે નિઃસન્દેહ વસ્તુ સંદિગ્ધ બની છે અને બનતી જઈ રહી છે.

જેમ ભારતદેશની મોટી સમસ્યાઓ પ્રજામાં નિરક્ષરતા અને વસ્તીવધારો છે, તેમ આ સમ્પ્રદાયમાં પણ આજે આજ બે સમસ્યાઓ સામે દેખાય છે અને તે છે સમ્પ્રદાય વિસ્તાર યા પ્રચાર-પ્રસારના નામ પર અધિકારી-અનધિકારી-અન્યાધિકારી લોકોની પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તરીકેની વૃદ્ધિ અને બીજા નંબરે વૈષ્ણવજનોમાં શ્રીમહાપ્રભુજીના મૂળભૂત સિદ્ધાન્તોની જાણકારીનો અભાવ. આ બેથી બીજી જે વિચારી ગયા છીએ તેવી અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઈ છે અને થઈ રહી છે. આ સ્થિતિમાં સહુ કોઈ ભેગા મળી એકમતિ બનાવી યા બહુમતિ બનાવી સ્વૈચ્છિક રીતે અનપેક્ષિત વૃદ્ધિ નિયંત્રણના નિયમો બનાવે અને તેનો અમલ કરે-કરાવે તથા સાધના માટેનાં પણ સર્વમાન્ય સોપાનો નવેસરથી નિર્ધારે. તેમજ આ સમ્પ્રદાયમાં શિષ્યવર્ગ તરફથી જુદા જુદા નામે અનેક પ્રકારે વહેતા ધનપ્રવાહની વધુ નહીં તો ૫૦ ટકા રકમ પણ સમ્પ્રદાયની પાઠશાલા-વિદ્યાલયો - વિદ્યાર્થીઓની નિભાવણીનો ખર્ચ - બ્રાહ્મણ બાળકોને વિદ્વાન તરીકે લાવવા માટેનો સર્વ ખર્ચ-વલ્લભવંશજોના બાળકો માટેના સમુચિત અધ્યયનાદિ માટેની વ્યવસ્થાઓ-પાઠ્ય પુસ્તકોનાં પ્રકાશનો - પ્રાચીન ગ્રન્થોના મૂલ તથા વિવિધ ભાષામાં અનુવાદો કરાવવા અને તેનું પ્રકાશન - વગેરે કાર્યોમાં વપરાતી થાય તો આ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. શ્રીમહાપ્રભુ તથા શ્રીપ્રભુચરણ આ માટે સહુની શક્તિ - પ્રેરણા આપે અને આપણે સૌ આ મહાન્ કાર્યમાં જોડાઈ જઈએ તેવી કૃપા કરે એ જ શ્રીચરણોમાં પ્રાર્થના.

આ વિષયની ચર્ચા ઘણા વિસ્તારથી કરી શકાય છે. તેમ છતાં પણ વિસ્તારભયથી વધુ નહીં લખતાં અહીં જ આ લેખનને વિરામ આપું છું.

* * *

મૌન ધર્યું છે, સિદ્ધાન્તો સમજાવવા ?

છેલ્લા કેટલાક સમયથી થઈ રહેલા જાહેરમાં દોષારોપણો સામે અગ્રણીઓ-વિદ્વાનોનું મૌન એને ઘોર કુંભકર્ણની નિદ્રા માનવું ? કે પછી જડબાતોડ ઉત્તર આપવાનું સામર્થ્ય જે પહેલાં હતું તે આજે ખોવાઈ ગયું છે તેમ માનવું ?

છેલ્લાં કેટલાંક વર્ષોથી પુષ્ટિમાર્ગ અને પુષ્ટિમાર્ગના પ્રાચીન મહાનુભાવો સહિત આધુનિક ગુરુવર્ગ તથા કાર્યકર્તાવર્ગ પર અભદ્ર પ્રકારના દોષારોપણો જાહેરમાં થઈ રહ્યા છે અને તે ચર્ચાઈ રહ્યા છે. શ્રીવલ્લભપંચશતાબ્દીના આસપાસના સમયમાં અમદાવાદથી એક પુસ્તિકા બહાર પડી હતી જેમાં શ્રીવલ્લભાચાર્યચરણના તથા પ્રભુશ્રીકૃષ્ણચન્દ્રના ચરિત્ર પર કીચડ ઉછાળવાનો દુષ્ટ પ્રયત્ન કરવામાં આવ્યો હતો, ત્યારબાદ કેટલાક બીજા સમ્પ્રદાયના એવા લોકો કે જેઓ આ સમ્પ્રદાયની ઉત્તમતા અને તેજ નહીં સહી શકનારા હતા તેવાઓએ આપસમાં ભેગા મળી ષડયન્ત્ર કરી રાજકોટ ખાતેથી એવી પુસ્તિકાઓ લખાવી લાખોની સંખ્યામાં દેશમાં તથા વિદેશોમાં પહોંચતી કરી-કરાવી જે પુસ્તિકામાં શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ, ચોર્યાસી-બસો બાવન વૈષ્ણવો તથા શ્રીહરિરાયમહાપ્રભુ જેવા પ્રાચીન મહાનુભાવોનાં ચરિત્ર પર ન સંભળાય ન બોલી શકાય તેવી મિથ્યાકલ્પનાઓ કરી અભદ્ર દોષારોપણો કરી સમ્પ્રદાયને સમાજની દૃષ્ટિમાંથી ઉતારી પાડવાનો હીનવૃત્તિથી પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ બાબતમાં પાછળ-પાછળથી સહી પણ કાયદેસર નોટીસ આપી પ્રતીકાર કરવાને ધન્યવાદ પાત્ર બન્યા મૂળ કલોલના રહીશ અને હાલ અમદાવાદ ખાતે નિવાસ કરતા નન્દકુમાર ગાંધી કે જેમણે આવા પ્રયત્નો સામે પોતાનાથી શક્ય તેટલી હામ ભીડી. આ ઉપરાન્ત બીજા કેટલાએ સાપ્તાહિકો-પાક્ષિકો - માસિકો સામયિકોમાં લેખો વગેરે દ્વારા કંઈને કંઈ કીચડ ઉછાળવામાં આવતા જ રહ્યા છે. આ બધા જ ટીકાકારો પાસે એક ને એક વાત છે અને તે દરેક વખતે ચર્વિત ચર્વણ કરવાની માફક આગળ ધરતા હોય છે અને તે છે **'મહારાજા લાયબલ કેસ'** નો પ્રસંગ જે આજથી સવાસો વર્ષ પૂર્વ બન્યો હતો. જ્યાં સુધી મને ખ્યાલ છે ત્યાં સુધી આ કેસનો પૂર્ણ સત્ય ઈતિહાસ અનુપલબ્ધ થઈ જવાથી આ કેસને લઈને જેને જેમ ફાવે તેમ અર્થઘટન થઈ રહ્યું છે. આ કેસ મૂળ તે સમયના ગુરુવર્ગ પ્રત્યેના દુર્ભાવમાંથી ઉત્પન્ન થયો હતો, પરન્તુ કેસનો વિવાદ માત્ર ગુરુવર્ગ સુધી જ દુર્ભાવ સીમિત ન રહી મૂળભૂત સમ્પ્રદાયના માળખા પરત્વે જ દોષારોપણ સુધી ચર્ચા પહોંચી ગઈ હતી અને તેમાં બ્રહ્મસમ્બન્ધ મંત્ર, સિદ્ધાન્ત રહસ્ય વગેરે ગ્રન્થો વગેરે અનેક બાબતોને તદ્દન અસત્ય અર્થઘટન સાથે વિકૃત રૂપે રજૂ કરવામાં આવી હતી. જેમાં એમ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે આ સમ્પ્રદાયમાં મહારાજો જ સાક્ષાત્ કૃષ્ણ તરીકે પૂજાય છે અને બ્રહ્મસમ્બન્ધ મંત્રમાં પોતાનું ઘર-પત્ની-દ્રવ્ય વગેરે સર્વ કંઈ કૃષ્ણને આત્મસમર્પણ થતું હોઈ તે બધું સાક્ષાત્ કૃષ્ણ સ્વરૂપ મહારાજોને જે આત્મનિવેદન કરવામાં આવે છે અને આ સમ્પ્રદાયના શિષ્યોનું ધન-સ્ત્રી-ગૃહ બધું જ પ્રથમ મહારાજો ભોગવે તે પછી જ સમર્પિત - પ્રસાદી તરીકે શિષ્ય તેનો ઉપભોગ કરી શકે છે વગેરે વગેરે.

આના જ પગલે - પગલે આજ પરમ્પરામાં અમદાવાદથી પ્રસિદ્ધ થતા 'નેટવર્ક' નામના સાપ્તાહિકના ૧૦ માર્ચ ૧૯૯૭ નાં અંકથી **'મહારાજા'** નામની ધારાવાહિક નવલકથાના પ્રકાશનનો આરંભ થયો છે જેના લેખક મુંબઈના પ્રસિદ્ધ લેખક **સૌરભ શાહ** છે અને આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં (તા.૨૪-૩-૯૭ સુધીમાં) આ નવલકથાના ત્રણ અંકો બહાર પડી ચુક્યા છે. 'નેટવર્ક' ના ૧૦-૩-૦૭ ના અંકમાં સદર લેખ પછીથી **'મહારાજ' નવલકથાના આરંભે લેખકનું નિવેદન'** મથાળા હેઠળ લેખકે આ અંગે જે જણાવ્યું છે તે અક્ષરશઃ આ મુજબ છે :-

પ્રિય વાચકો ,

ઈ.સ.૧૮૬૦-૬૨ દરમિયાનના વિખ્યાત મહારાજ લાયબલ કેસ પર આધારિત આ નવલકથામાં વૈષ્ણવ મહારાજોનાં કૃત્યો વિશેની એટલી જ વાતો છે જેટલી આ કોર્ટ કેસની કાર્યવાહીમાં ઉલ્લેખ પામેલી છે. નવલકથામાં

મહારાજોનું એક પણ કૃત્ય એવું વાંચવા નહીં મળે જેનો સંદર્ભ અદાલતી કાર્યવાહીના પ્રગટ અહેવાલમાં તમને ના મળે. આ મર્યાદા પહેલેથી જ સ્વીકારીને નવલકથા લખવાનો પ્રારંભ કર્યો છે.

કથાના નાયક કરસનદાસ મૂળજીના એ જમાનામાં છપાયેલા જીવનચરિત્રમાં ખૂટતી કડીઓ કલ્પનાથી ઉમેરી છે. આમ કરતી વખતે મૂળ વ્યક્તિનાં સારાં-નરસાં પાસાંની હકીકતો સાથે સહેજ પણ ચેડાં ન થાય એની તકેદારી રાખી છે.

નવલકથા સ્વરૂપને ધ્યાનમાં રાખીને વાર્તાપ્રવાહના વેગને પુષ્ટિ આપે એવાં પાત્રો ઉમેર્યાં છે. આ પાત્રોને હકીકતની જિંદગી સાથે કોઈ લેવાદેવા નથી. જે નામ ઈતિહાસ સાથે સંકળાયેલા છે તે તમામ નામ આ કેસ સાથે અને એટલે કરસનદાસ મૂળજીના જીવન સાથે સંકળાયેલાં હતાં, માટે અહીં ઉલ્લેખ પામ્યા છે.

જેમ ભારતીય હોવાનું હિંદુ હોવાનું, ગુજરાતી હોવાનું અને માણસ હોવાનું મને ગૌરવ છે એટલું જ ગૌરવ વૈષ્ણવ હોવાનું પણ મને છે. વૈષ્ણવ પરંપરાની ઉમદા બાજુઓથી હું વાકેફ છું. આ નવલકથા કોઈ સમ્પ્રદાયને વગોવવા કે કોઈ પણ વ્યક્તિની ધાર્મિક લાગણી દુભવવાના આશયથી લખાઈ નથી. એવું કરવાનો વિચાર સુદ્ધા ક્યારેય નથી આવ્યો. વૈષ્ણવ પરંપરામાં રહેલા એક વરવા પાસા પર પ્રકાશ ફેંકવાનો આ પ્રયાસ છે, જેથી સજાગ વૈષ્ણવો ચેતે અને જ્યાં બદીઓ જુએ ત્યાં કરસનદાસ મૂળજી બનીને પહોંચી જાય અને એને અટકાવે. કરસનદાસ પોતે વૈષ્ણવ હતા, કપોળ હતા.

૧૮૬૦ માં જે બનતું હતું તે જ ૧૯૯૭માં પણ કેટલીક હવેલીઓમાં (વૈષ્ણવ મંદિરો હવેલીના નામે ઓળખાય છે) તેમજ કેટલાક મહારાજ ઉર્ફે બાવાશ્રીઓમાં આજે પણ જોવા મળે છે. વર્તમાનપત્રોના કિસ્સાઓ આ બાબતની સાહેદી પૂરશે. આ નવલકથા દ્વારા જાગૃત બનેલા વાચકો જો આ પ્રકારનાં કૃત્યો અટકાવવાની ઝુંબેશ હાથ ધરશે તો ય સમાજ પર એક મોટો ઉપકાર થયેલો ગણાશે.

ધર્મ તથા સમ્પ્રદાયમાં સો ટકા નૈતિક સ્વચ્છતા તથા પારદર્શકતા અનિવાર્ય છે કારણ કે એ ડહોળાય છે ત્યારે લાખો વ્યક્તિઓની શ્રદ્ધા સામે જોખમ ઊભું થાય છે. આશા રાખું છે કે આ નવલકથા લખવા પાછળનો શુભાશય સૌ કોઈ ધ્યાનમાં રાખશે અને વાર્તાપ્રવાહને માણશે. આમ છતાં જો કોઈને કાયદાકીય વાંધાવચકા હોય તો એમણે નીચેના સરનામે મારા વકીલ સાથે પત્રવ્યવહાર કરવો. તમામ કાનૂની વિવાદોનું કાર્યક્ષેત્ર મુંબઈની અદાલત રહેશે :

શ્રીજશુભાઈ શાહ
મેસર્સ શાહ એન્ડ.સંઘવી,
(એડવોકેટ્સ, સોલિસિટર્સ એન્ડ નોટરી)
મિત્તલ કોર્ટ, ‘એ’ વિંગ, ૧૧ મે માળે,
નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૧.

અઢારથી વીસ પ્રકરણમાં પ્રગટ થનારી આ નવલકથા માટેના તમારા પ્રતિભાવોને આવકારું છું. ઉત્તર આપવામાં કદાચ વિલંબ થાય તો સહેજ ધીરજ રાખશો. ઉત્તર આપીશ જરૂર. તમારા સૌના પ્રેમની અને સાથની મને હંમેશાં જરૂર રહી છે.

-સૌરભ શાહ

બુધવાર, ૫ માર્ચ-૯૭
મહાવદ અગિયારસ
(વિજયા એકાદશી)

સાગર, ૭૩-૭૩, રિલીફ
રોડ, ઓફ : જુહુ રોડ,
સાંતાક્રુઝ (પશ્ચિમ)
મુંબઈ-૪૦૦ ૦૫૪

લેખક પોતાના નિવેદનમાં જાણાવે છે તેમ તેમને વૈષ્ણવ હોવાનું ગૌરવ છે તેમજ ‘૧૮૬૦માં જે બનતું હતું તે જ ૧૯૯૭ માં પણ કેટલીક હવેલીઓમાં (વૈષ્ણવ મન્દિરો હવેલીના નામે ઓળખાય છે) તેમજ કેટલાક મહારાજ ઉર્ફે બાવાશ્રીઓમાં આજે પણ જોવા મળે છે. વર્તમાનપત્રોના કિસ્સાઓ આ

બાબતની સાહેદી પૂરશે' લેખકના આ નિવેદનથી એમ સમજી શકાય છે કે વર્તમાનમાં બીજા સમ્પ્રદાયોની સાથે સાથે પુષ્ટિસમ્પ્રદાયમાં પણ કાળબળે ને કાળક્રમે સિદ્ધાન્ત વિહોણી જ નહીં અપિતુ મૂલ સિદ્ધાન્તોથી સર્વથા વિપરીત એવી કુપ્રથાઓ, કુરીવાજો કે કુમાન્યતાઓ પેસી ગઈ છે એ બધું ધર્મના મૂલ સ્વરૂપથી અને સામાજિક-વ્યાવહારિક નીતિ, નિયમ અને સ્વરૂપથી પણ તદ્દન વિરુદ્ધ છે અને એ સર્વપ્રકારે નિંદ્ય હોઈ દૂર થવા જ જોઈએ એમાં કોઈ બે મત હોઈ શકે જ નહીં. ધર્મસ્થાનોની અને ગુરુસ્થાનની પવિત્રતાની જાળવણી થવી જ જોઈએ અને એ માટે જાગૃત રહેવું એ પ્રત્યેક ધાર્મિકોની પવિત્ર ફરજ બની જ જાય છે. તેમ છતાં પણ સૂકા ભેગું લીલું બળી ન જાય અને સર્વ નાશ ન થાય તેની પણ કાળજી લેવી એટલી જ જરૂરી છે. કેવળ પુષ્ટિસમ્પ્રદાયમાં જ નહીં પણ ઈતરોમાં પણ અસામાજિક ઘણી બાબતો જોવા-સાંભળવા મળે છે. ક્યાંક અવૈદ્ય સ્ત્રી પુરુષનો સંયોગ-વ્યભિચાર તો ક્યાંક પ્રકૃતિ વિરુદ્ધ પુરુષ-પુરુષ વચ્ચેના યૌનસમ્બન્ધો તો ક્યાંક સર્વ કાંઈ ત્યાગી ચૂકેલા સાધુ-સાધ્વીઓના સમ્બન્ધો તો ક્યાંક ભગવાં વસ્ત્રને લજાવે તેવા મહાવ્યભિચારી ઉપદ્રવોના કૌભાંડો વારે ઘડીએ દૈનિકો વગેરેમાં વાંચવા મળતા જ રહે છે. તેમ છતાં પણ તે - તે સમ્પ્રદાયોમાં આ જ છે, સારું નથી, કે આવા જ લોકો છે, સારા લોકો જ નથી તેમ પણ નથી અને તેથી કોઈ પણ લખાણો જ્યારે સમાજ મધ્યે પ્રકટ થતા હોય ત્યારે ગંભીર, બદઈરાદા વિનાના અને શુભ આશયવાળા તથા જવાબદાર લખાણો હોવાં જોઈએ અને એ ત્યારે જ કહેવાય કે જ્યારે એ લખાણો સર્વનાશ ન કરી જરૂર પૂરતાં જ અને તેટલી જ અસર કરનારાં હોય, અનુપયોગી અને બગડેલા અંગને કાઢી સારા - ઉપયોગી અંગને બચાવી લે તે ઓપરેશન છે, પણ એક અંગ બગડેલું છે તેથી તેનાં પર ઘાસલેટ છાંટી સળગાવી મારનારી ક્રિયાને ઓપરેશન કહી શકાય નહીં. અતઃ લેખક મહોદય કેટલાક વર્તમાનોના વાંધાજનક આચરણ સામે લેખની ઉઠાવે ત્યારે વર્તમાનમાં બીજાં શુભ તત્ત્વો છે તેને બિરદાવવા તથા સમ્પ્રદાયના મૂળભૂત સિદ્ધાન્તો કોઈ પ્રકારે નિંદ્ય કે હીન નથી તેની લેખમાં સ્પષ્ટ પ્રતીતિ કરાવશે તો તેમનો તે ઉત્તમગુણ જ કહેવાશે. બલકે તેઓ જે પોતાના વૈષ્ણવપણા માટે ગૌરવાન્વિત છે તે ગૌરવ પણ વધુ ઉજ્જવળ બનશે. ઉપરાન્ત મહારાજા લાયબલ કેસના વધુ ઊંડાણમાં જઈ તથ્યપૂર્ણ વાસ્તવિકતાઓને શોધવાનો જો લેખક મહોદય પ્રયત્ન કરશે તો અત્યાર સુધીમાં મારા સાંભળવામાં આવેલી વાતો મુજબ મને એમ લાગે છે કે આજે જે સામે છે તેનાંથી જુદું જ કંઈ ચિત્ર પણ સામે આવવાની સંભાવનાને નકારી શકાતી નથી, તેથી તેને માટે પણ આવા લખાણ લખતી વખતે તેવા પ્રયત્નો વધુ જવાબદારી ભર્યા બની જશે. મહારાજા લાયબલ કેસમાં પ્રતિવાદીઓ દ્વારા રજૂ થયેલા સમ્પ્રદાય વિરુદ્ધના અને મનમાન્યા અર્થઘટનો પરત્વે પણ લેખક મહોદય ધ્યાન આપી તેવાં અર્થઘટનો પરત્વે પણ તથા તેવા વિકૃત અર્થો પેદા કરનારાઓ પરત્વે પણ પોતાનો નિખાલસ-નિર્ભય અભિપ્રાય જરૂરથી આપશે તેવી આશા રાખવી વધુ પડતી નહીં કહેવાશે.

વારંવાર સામયિકો, દૈનિકો, પુસ્તિકાઓ, ભાષણો વગેરેમાં સમ્પ્રદાય કે સમ્પ્રદાયના લોકો પર સમ્પ્રદાયને સાંકળીને થતાં દોષારોપણો સામે સમ્પ્રદાયના સર્વનું મૌન એ સમ્પ્રદાયની પ્રતિભાને ઝાંખપ આપવામાં તેમજ દોષારોપણકર્તાઓને વધુ આગળ વધવા પ્રેરક બળ બની રહ્યું છે. પહેલી વાત તો એ છે કે જ્યારે ક્યારે પણ સમ્પ્રદાયના કોઈ વ્યક્તિને લઈને કોઈ દોષારોપણ કરવામાં આવતું હોય ત્યારે તે બાબત તે વ્યક્તિ દ્વારા પ્રતીતિકર જાહેર ખુલાસો આપવા સમ્પ્રદાયના સંગઠનોએ કે પછી અગ્રણી લોકોએ નૈતિક દબાણ લાવવું જોઈએ અને તેમ છતાં પણ જો તે વ્યક્તિ દ્વારા યોગ્ય પ્રતીતિકર ખુલાસો આપવામાં ન આવે તો સહુએ મૌન ત્યાગીને બનેલી ઘટના સમ્પ્રદાયના મૂલભૂત આદર્શથી વિરુદ્ધની છે અને તેને સમાજે વ્યક્તિગત દૃષ્ટિથી જ જોવી જોઈએ, પણ સમ્પ્રદાયને સાંકળવું ન જોઈએ તેવી બાબતનાં લખાણો નિવેદનો સમ્પ્રદાયના જવાબદાર લોકો દ્વારા બહાર પડાઈ સમાજના કાન સુધી તે વાતો પહોંચતી થવી જોઈએ. તેવી જ રીતે સમ્પ્રદાયના ગુરુવર્ગ માટેની આચારસંહિતા કે જેમાં સમ્પ્રદાયના ગુરુસ્થાન પર રહી ગુરુત્વનો નિર્વાહ કરી રહેલ એ પણ એક લૌકિક મનુષ્ય હોઈને પણ ગુરુસ્થાન પર બેસવા કે ગુરુકાર્ય કરવા માટે આટલા આદર્શો-આટલાં લક્ષણો તેનામાં જરૂરી જ છે તેવા નિયમો બતાવવામાં આવ્યા હોય તેવી આચારસંહિતા સમાજના સહુ વૈષ્ણવોમાં પ્રચારિત - પ્રસારિત કરવી જ જોઈએ જેથી વૈષ્ણવો કે જે આ સમ્પ્રદાયનો શિષ્યવર્ગ છે તેને પણ ગુરુ કેવા હોવા જોઈએ અને કોને ગુરુ

તરીકેનો આદર આપવો જોઈએ તેનો સ્પષ્ટ ખ્યાલ રહે.

જે લોકો પોતાને પૂર્ણ પુરુષોત્તમ કૃષ્ણ તરીકે પોતાના દલાલો દ્વારા પ્રચાર કરાવીને પોતે પણ તે રીતે વર્તી રહ્યા છે અને કૃષ્ણની માફક લીલાઓ કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેવા લોકો આ સમ્પ્રદાયનો નાશ કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપી સમ્પ્રદાયના શત્રુ તરીકેનું જ કામ કરી રહ્યા છે અને આવા સ્વાર્થી અને પોતાની પાપી વૃત્તિઓને પોષનારાઓને વાસ્તવમાં સમ્પ્રદાય માટે કંઈ લાગતું વળગતું પણ નથી. જે સમ્પ્રદાયમાં તેના આદ્યગુરુએ **‘यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते, तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः’** એમ જણાવી કૃષ્ણમાં - કૃષ્ણસેવામાં જેટલા અંશે જરૂરી છે તેટલી ઈન્દ્રિય-મનની ઈચ્છાઓ વૃત્તિને છોડી બાકીની સ્વસુખભોગ અર્થેની ઈન્દ્રિય-મનની તમામ ઈચ્છાઓ-વૃત્તિઓનો નિગ્રહ કરવો’ વગેરે પ્રકારે આદર્શો સ્થાપિત કર્યા હોય તે સમ્પ્રદાયમાં કૃષ્ણના નામે વ્યભિચારી ભવાડાઓ કરવાને તો સ્થાન જ હોઈ શકતું નથી. અતઃ એવા જે કંઈ પણ જ્યાં ક્યાંય પણ વ્યભિચારી વૃત્તિના ભવાડાઓ થાય છે તે વ્યક્તિગત નિજી પાપીવૃત્તિનાં પરિણામે છે અને તે સમ્પ્રદાયના આદર્શોથી વિરુદ્ધના જ છે.

યદિ કોઈ શિષ્યને અતિશય આદર અને સ્નેહવશ ગુરુમાં કૃષ્ણ ભાવ રાખવો હોય અગર તો **‘यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ, तस्यैते कथिता ह्यर्था प्रकाशन्ते महात्मनः’** (શ્વેતાશ્વતર ઉપ.) આ ઉપનિષદ્ વાક્ય મુજબ ગુરુમાં દેવભાવ કે બ્રહ્મભાવ રાખવો હોય ત્યારે પણ આ માર્ગમાં દેવ એ કૃષ્ણ હોવાથી ગુરુમાં ક્યા પ્રકારે કૃષ્ણભાવ કરવો તેનું પણ સ્વરૂપ કીર્તન સાહિત્યમાંથી મળી રહે છે કે અષ્ટછાપ પૈકીના એક છીતસ્વામીનો શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણમાં કે જેઓ તેમના ગુરુ હતા તેમનામાં કેવા પ્રકારે કૃષ્ણભાવ હતો તે દ્રષ્ટવ્ય છે -

‘जे वसुदेव किये पूरन तप
सो फल फलित श्रीवल्लभ देह ।
जे गोपाल हुते गोकुल में

सो अब आन बसे निज गेह ॥ १ ॥
जे वे गोपवधू ही ब्रजमें
सो अब वेद ऋचा भई तेह ।
छीतस्वामी गिरिधरन श्रीविठ्ठल
तेई एई एई तेई कछु न सन्हेह ॥ २ ॥

આ પદમાં જે શ્રીકૃષ્ણ ગોપિકાઓ સાથે ક્રીડા કરે છે તેમ ગુરુસ્વરૂપ સદૈવ વેદોની શ્રુતિઓમાં જ રમણ કરે છે એમ કૃષ્ણ-ગુરુ વચ્ચે સામ્ય દર્શાવ્યું છે; નહીં કે મિથ્યા ગોપીભાવનો આડંબર કરી વ્યભિચારી વૃત્તિથી આવેલી સ્ત્રીઓ સાથે પોતાનામાં કૃષ્ણરૂપનો આરોપ કરી ગુરુ રમણ કરે છે. વિદ્વન્મંડન, ભાષ્ય વગેરે શ્રીપ્રભુચરણના ગ્રન્થોથી જાણી શકાય છે કે તેઓએ સદૈવ વેદાદિ શાસ્ત્રોમાં જ પોતાની બુદ્ધિ પરોવી રાખી તેના ઉત્તમ અર્થોને સહુના કલ્યાણ અર્થે પ્રકટ કર્યા છે. અતઃ ગુરુનું કૃષ્ણરૂપ એ જ છે જે સદૈવ જેની બુદ્ધિ વેદ, પુરાણ, ગીતા, રામાયણ વગેરે પવિત્ર અને સર્વકલ્યાણકર એવાં શાસ્ત્રોમાં જ રમણ કરતી હોય અને જે કામ, ક્રોધ, લોભ વગેરે અસુરોને પોતાનાં અન્તઃકરણમાંથી હણી ચૂક્યા હોય. જે કાંચન અને કામિની જોઈ લોભાઈ જાય અને વ્યભિચારી-ભોગવૃત્તિથી તેની આગળ ઘુંટાણો ટેકવી દે એને ક્યારેય ગુરુરૂપે સ્વીકારી શકાય નહીં.

માસિકપત્રની મર્યાદાઓને લઈને વધુ નથી લખતો, પરન્તુ ચાલી રહેલા આ યુગમાં અને આ યુગમાં જનમાનસની વિચાર પદ્ધતિ તથા કેટલાકોની સમ્પ્રદાયને વગોવી નાંખે તેવી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખતાં હવે મૌન સાધના એ **‘सर्वार्थ साधनम्’** તરીકે કારગત નીવડી શકે તેમ નથી, તેથી આ બાબતમાં ગંભીરતાથી અને સંગઠનાત્મક રીતે સમ્પ્રદાયના પરમ હિતને હૃદયમાં ધારણ કરી નક્કર વિચારણાપૂર્વક મજબૂત કદમનાં ડગભરી આગળ આવવું જોઈએ અને વારંવાર સમ્પ્રદાય અને તેના આદર્શ મહાનુભાવો પર થતાં દોષારોપણો સામે જડબાતોડ ઉત્તરો આપી લડી લેવાનું ખમીર ઉત્પન્ન થવું જોઈએ એમ મારું માનવું છે.

જો કે સમ્પ્રદાયમાં પેસી ગયેલા કેટલાક કુરીવાજો સામે પાર્લા-મુંબઈવાળા ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીએ પોતાનો વિરોધી સ્વર વહેતો કરેલો અને તેઓ આજે પણ એ સ્વરને ગૂંજતો કર્યા જ કરે છે એ વાસ્તવમાં અનેક અભિનન્દનોને પાત્ર છે. ભલે એમના વિચારો સાથે કોઈ સહમત હોય કે ન હોય પરન્તુ એટલું તો સત્ય છે કે જે કુમાન્યતાઓ અને કુરીવાજો તરફ એમણે આંગળી ચીંધી છે એ કુમાન્યતાઓ અને કુરીવાજો સમ્પ્રદાયના માળખાને નષ્ટ કરવામાં ઉધઈની માફક મહત્ત્વપૂર્ણ ફાળો આપી રહ્યા છે. શ્રીમહાપ્રભુએ નિર્માણ કરેલી આ સુન્દર પુષ્ટિસમ્પ્રદાયરૂપી ઈમારતના સૌન્દર્યને ઉધઈ નષ્ટ કરે એ ખરેખર અતિશય દુઃખદ બાબત છે. હું એમ નથી કહેવા માંગતો કે શ્રીશ્યામમનોહરજીએ જે બાબતો તરફ આંગળી ચીંધી છે તેના ઉપાયને જેમના તેમ દરેકે માની જ લેવા જોઈએ, પરન્તુ એમણે જે બાબતો તરફ ધ્યાન ખેંચ્યું છે તે બાબતોમાં મુખ્યત્વે ભગવત્સેવા અને ભગવત્કથાનું વ્યવસાયી કરણ, સમ્પ્રદાય પર શ્રીમન્તોનું વર્ચસ્વ, ગુરુસ્થાનીયોમાં અનિચ્છનીય પ્રકારે પુરુષોત્તમત્વનો આરોપ, સમ્પ્રદાયની દીક્ષાનું વગર વિચારનું અવમૂલ્યન, શિષ્યવર્ગમાં સિદ્ધાન્તની અનભિજ્ઞતા, વગર વિચારની શિષ્યવૃદ્ધિથી સમ્પ્રદાયની મૌલિકતાને થઈ રહેલી હાનિ, સમ્પ્રદાયમાંથી સમ્પ્રદાયમાન્ય ભક્તિ પ્રકારનો લોપ, બીજા સમ્પ્રદાયની દેખાદેખી આ સમ્પ્રદાયમાં પેસી ગયેલી કે પેસી રહેલી કેટલીક પદ્ધતિઓ કે જે આ સમ્પ્રદાય ની મૌલિકતા માટે વિકૃતિરૂપ છે, લગભગ આ બધી બાબતો તરફ જ ધ્યાન ખેંચવાનો અને તેમાં સુધાર કરવાનો તેમનો આશય રહેલો છે એમ હું માનું છું. પરન્તુ દુર્ભાગ્યવશ ગો. શ્રીશ્યામમનોહરજીના એ અવાજમાં સમ્પ્રદાય ભરનો અવાજ ભેળવી અવાજને બુલન્દ કરવામાં સમ્પ્રદાયના લોકોએ પાછી પાની કરી છે. કમ સે કમ એ બાબતો તરફ ગંભીરતાથી ધ્યાન આપી ઉપયોગી વિચારણાઓ પણ થઈ હોતે અને ફળદાયી પરિણામ લાવી શકાયું હોતે તો અને જો ફળદાયી પરિણામ સંગઠનાત્મક સ્વરૂપમાં આવી શક્યું હોતે તો આજે જે આવાં દોષારોપણો થઈ રહ્યાં છે તેનો નક્કર રીતે સામનો પણ થઈ શકતે અને અંદરોઅંદર ઊઠતી વિસંવાદી ઘટનાઓને પણ ડામવામાં પ્રેરક બળ મળી શક્યું હોતે.

આ લખાણ મેં કોઈના પર આક્ષેપ કરવા કે કોઈને નીચું દેખાડવા કે તેવા કોઈ પણ બદઈરાદાથી પ્રેરાઈને લખ્યું નથી પરન્તુ વર્તમાનમાં જે સમ્પ્રદાયનું ઝળહળતું તેજસ્વી સ્વરૂપ એને ઝાંખપ લાગતી જઈ રહી છે અને તે કાલાન્તરમાં મોટી હાનિ કરનાર સિદ્ધ થઈ શકે છે, તે ન થાય તેમજ સમ્પ્રદાય તથા સમ્પ્રદાયના ગુરુવર્ગનું ગૌરવ અક્ષુણ્ણ બન્યું રહે અને સમ્પ્રદાય દ્વારા યુગો પર્યન્ત માનવજાતનું પરમ કલ્યાણ સધાતું રહે તેવા શુભ આશયને હૃદયમાં રાખીને જ લખ્યું છે તેથી કોઈએ પણ ક્યારેય પણ આથી બન્ધબેસતી પાઘડી માથે લઈ લેવાની નથી, તેમ છતાં પણ કોઈ જ્ઞાત-અજ્ઞાત કારણોસર આ લખાણને લઈ કોઈનું દિલ દુભાતું હોય યા દુભાય તો તેવા તમામની પાસે હું આથી ક્ષમાયાચના પણ કરું છું.

◆ ◆ ◆ ◆ ◆